RNI NO GUJ/GUJ/2006/24237

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - ૧ શનિવાર તા.૨૯-૦૮-૨૦૨૬ અંક : ૫૯ વર્ષ : ૨૨ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# LoC પર ઘૂષણખોરીની કોશિશ, જંગલમાં ગોળીબાર

## રાજોરીમા સેનાએ ઘૂષણખોરીની કોશિશ નિષ્ફળ બનાવી: સેનાનું સર્ચ ઓપરેશન શરુ



જમ્મુ,

જમ્મૂ-કાશ્મીરના રાજોરીમા સેનાએ ઘૂષણખોરીની કોશિશ નિષ્ફળ બનાવી છે. આ કોશિશ નિયંત્રણ રેખા (ન્ઝ્રિ)ની પાસે થઈ. સેનાના જવાનોએ રૂમલીધારા વિસ્તારમાં કેટલીક શકાસ્પદ ગતિવિધિ જોઈ. ત્યાર બાદ જવાનોએ ઘુષણખોરોને પડકાર ફેંક્યો. ઘુષણખોરોએ સેના પર ફાયરિંગ શરૂ કર્યું. જવાનોએ પણ તરત જવાબ આપ્યો. સેનાની જવાબી કાર્યવાહી બાદ ઘુષણખોરો ભાગવા મજબપૂર બન્યા.

ઘુષણખોરોના ભાગ્યા બાદ સેનાએ આખા વિસ્તારને ઘેરી લીધો. ત્યારબાદ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. સેનાના જવાન જંગલ અને આસપાસના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. ઘુષણખોરો સંતાયા હોવાની આશંકાને જોતા દરેક જગ્યાની તપાસ કરવામાં આવી રહી છે. સેનાને વિસ્તારમાં વધારાના પણ મોકલ્યા છે. સુરક્ષાદળોની જુદી જુદી ટીમો અલગ અલગ જગ્યાએ સર્ચ ચલાવી રહી છે. ઘુષણખોરોના પલાયન થવાના રસ્તા પર પણ નજર રાખવામાં આવી રહી છે. સેનાએ આખા વિસ્તારમાં સર્તકતા વધારી દીધી છે. કોઈપણ સંદિગ્ધ ગતિવિધિ પર જવાનોની નજર છે. હાલ આખા વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે.

સેનાએ ઘુષણખોરીની કોશિશને ગંભીરતાથી લીધી છે. ઓપરેશનમાં વધુ જવાનોને સામેલ કરવામાં આવ્યા છે. સંવેદનશીલ વિસ્તારમાં સુરક્ષા વધારવામાં આવી છે. સેનાની ટીમો સતત વિસ્તારમાં હાજર છે. ઘુષણખોરોનું સર્ચ ઓપરેશન ચાલુ છે. અત્યાર સુધી ઘુષણખોરોના પકડાઈ જવાની જાણકારી નથી. સેના એ શોધવામાં લાગી છે કે કેટલા લોકો ઘુષણખોરીની કોશિશમાં સામેલ હતા. તેમની પાસે હથિયાર હતા કે નહી, તેની પણ તપાસ થઈ રહી છે. સર્ચ અભિયાન દરમ્યાન સુરક્ષાદળ આસપાસના વિસ્તારોનું સર્ચ કરી રહ્યા છે. રાજોરીનો વિસ્તાર ન્ઝ્રિની નજીક હોવાના કારણે સુરક્ષાની દ્રષ્ટિએ ઘણો સંવેદનશીલ છે. અહી પહેલા પણ ઘુષણખોરીની ઘણી કોશિશ થઈ છે. આવામાં સેના અને સુરક્ષાદળ સતત સતર્ક રહે છે. જવાનોની સતત ચોકસાઈને પગલે આ વખતે પણ ઘુષણખોરીની કોશિશને સમયસર રોકી દેવામાં આવી.

# 600ના મોત, 2500 ગુમ

## નેપાળ કરુણાંતિકામાં કાદવ અને કાટમાળ નીચેથી મળી રહ્યા છે મૃતદેહો



કાઠમંડુ,

કહેવાય છે કે જ્યારે કુદરત રુઠે તો મોટી આફત લાવે છે તેનું ઉદાહરણ નેપાળમાં દેખાયું. નેપાળમાં અચાનક આવેલી ભયાનક પૂરની હોનારતે હાહાકાર મચાવી દીધો. આ કુદરતી હોનારતમાં અત્યાર સુધીમાં ૬૦૦ જેટલા લોકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે આશરે ૨,૫૦૦થી વધુ લોકો હજુ ગુમ હોવાના અહેવાલ છે. પૂરના તીવ્ર પ્રવાહ અને કાદવ-કીચડ અને કાટમાળના કારણે કૌશિકી અને ભોટેકોશી નદી કિનારાની અસંખ્ય વસાહતો, રસ્તાઓ, પુલ અને હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ જમીનદોસ્ત થઈ ગયા છે.દરમિયાન રાહત કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

વિનાશક જળપ્રલય અને ફ્લેશ ફ્લડથી ઝૂઝી રહેલા નેપાળમાં વિદેશી મદદ સ્વીકારવા અંગે ઉભા થયેલા વિવાદો વચ્ચે સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. વિદેશ મંત્રી શિશિર ખનાલ અને વડાપ્રધાન બાલેન શાહે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, નેપાળે કોઈ મિત્ર દેશ કે આંતરરાષ્ટ્રીય સમુદાયની મદદ લેવાની ક્યારેય ના પાડી નથી. શનિવાર સુધીના આંકડા મુજબ આ ભયાનક આપત્તિમાં ૬૦૦ જેટલા લોકોના મોત નીપજ્યા છે અને ૨૫૦૦થી વધુ લોકો હજુ પણ પહાડી વિસ્તારો તથા ટનલોમાં કાટમાળ નીચે ફસાયેલા કે ગુમ છે.

નેપાળ સરકારના જણાવ્યા અનુસાર, દુર્ગમ પહાડી વિસ્તારો અને સ્થાનિક ભૌગોલિક સ્થિતિથી નેપાળી સેના, પોલીસ અને સશસ્ત્ર પોલીસ બળના જવાનો વધુ સારી રીતે પરિચિત છે. અજાણ્યા અને જોખમી ઈલાકાઓમાં સીધા વિદેશી દળોને ઉતારવાથી તાલમેલ અને ટેકનિકલ મુશ્કેલીઓ ઊભી થવાનું જોખમ હતું. આથી પ્રારંભિક તબક્કામાં બચાવ કામગીરી ઝડપી બનાવવા પોતાના ૧૫,૦૦૦થી વધુ સ્થાનિક સુરક્ષા દળોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# બિલાસપુર એરપોર્ટ પર લેન્ડિંગ વખતે વિમાનનું ટાયર ફાટયું

## ૩૭ પ્રવાસીઓ અને ૪ ક્રૂ-સભ્યો સહિત ૪૧ જણના શ્વાસ જાણે થંભી ગયા !

બિલાસપુર,

છત્તીસગઢના બિલાસપુર એરપોર્ટ ખાતે શુક્રવારે એક મોટી દુર્ઘટના ટળી ગઈ. દિલ્હીથી બિલાસપુર આવેલી એલાયન્સ એરના વિમાનના લેન્ડિંગ દરમિયાન ટાયર ફાટી ગયું. વિમાનમાં ૩૭ પ્રવાસીઓ તથા કેબિન ક્રુ ના ચાર સભ્યો બેઠા હતા. ટાયર ફાટયા પછી તમામ ૪૧ જણને સુરક્ષિતપણે વિમાનમાંથી બહાર ઉતારી લેવાયા.

શુક્રવારે સવારે ૧૧ના સુમારે એલાયન્સ એરની ફ્લાઈટ ૯ આઈ ૬૧૩ દિલ્હીથી બિલાસપુર પહોંચતા જ લેન્ડિંગ વખતે વિમાનનું ડાબી તરફનું ટાયર પંકચર થઈ ગયું એ પછી એરપોર્ટ ખાતે તુર્ત જ જરૂરી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી. આ બનાવ પછી વિમાનમાં બેટેલા પ્રવાસીઓ અને ક્રૂ ના સભ્યોને રનવે થઈને સુરક્ષિતપણે બહાર કાઢવામાં આવ્યા. બધાને એરપોર્ટના ટર્મિનલ ભવનમાં લઈ જવાયા. ટાયર ખરાબ હોવાથી વિમાનનો આગળનો પ્રવાસ રદ કરી દેવાયો. આ વિમાન બિલાસપુરથી આગળ જવાનું હતું.

બનાવના પગલે વિમાનની ટેકનિકલ તપાસ અને આવશ્યક પ્રક્રિયા કરાઈ રહી છે. એરલાઈને પ્રવાસીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપી છે. બધા પ્રવાસીઓ અને પાઈલોટ - જૂથના સભ્યોને સુરક્ષિતપણે ટર્મિનલ સુધી પહોંચતા કરાયા. દુર્ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.લેન્ડિંગ વખતે વિમાનનું ટાયર કેવી રીતે ફાટયું. એની વિસ્તૃત વિગતો હજી જાણવા મળી નથી. એરલાઈન અધિકારીઓ એ મુદ્દે તપાસ કરી રહ્યા છે. વિમાનમાં તકનીકી ખરાબી હતી કે લેન્ડિંગ વખતે બીજા કોઈ કારણસર ટાયર પંકચર થયું, એ તપાસ પછી જ સ્પષ્ટ થશે. વિમાનમાં ઊભી થયેલી તકનીકી સમસ્યાની અસર બિલાસપુરથી પ્રયાગરાજ જનારા ઉડ્યન પર પણ પડી. તકનીકી કારણોના લીધે પ્રયાગરાજ જનારી ફ્લાઈટને રદ કરી દેવાઈ, જેના લીધે પ્રવાસીઓ પરેશાન થયા. એમને એ વિમાન - પ્રવાસ સદ થયો હોવાનું જણાવી દેવાયું છે.

# બાળકોના ભોજનમાં કર્યો ભ્રષ્ટાચાર, મિડ-ડે મીલ વગર ૧૪ લાખનું બિલ

## બે વર્ષ સુધી બાળકોને ભોજન આપ્યા વિના ખોટી હાજરી પુરીને કૌભાંડ કર્યું



બલિયા,

ઉત્તર પ્રદેશના બલિયામાં બે વર્ષથી માત્ર કાગળ પર મિડ-ડે મીલ યોજના ચાલી રહી હતી, એટલુ જ નહીં બાળકો સુધી ભોજન પહોંચાડયા વગર જ ૧૪ લાખ રૂપિયાની ચુકવણી પણ થઈ ગઈ. સમગ્ર મામલે ડીએમ દ્વારા ગુપ્ત રીતે ચકાસણી કરાવવામાં આવી ત્યારે આ ભ્રષ્ટાચારનો ભાંડો ફુટયો હતો.

બલિયાના બાંસડીહ સ્થિત ઈન્ટર કોલેજ તાજપુર મુડિયારીમાં બે વર્ષથી મિડ-ડે મીલની યોજના તો ચાલી રહી પરંતુ માત્ર કાગળ પર, ભ્રષ્ટાચારી વચેટીયા આશરે ૧૪ લાખ રૂપિયા ખાઈ ગયા, તપાસ રિપોર્ટ હાલ ડીએમને સોંપવામાં આવ્યો છે સાથે જ જે પણ લોકો આ રૂપિયા ખાઈ ગયા છે તેમની પાસેથી પરત મેળવવાની પ્રક્રિયા હાલ શરૂ કરી દેવામાં આવી છે. આ સમગ્ર કૌભાંડ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ દરમિયાન આચરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કૌભાંડમાં ખુદ સ્કૂલના આચાર્ય ચંદ્રશેખર પાઠક અને અન્ય અધિકારીઓની સંડોવણી સામે આવી છે. આ સમગ્ર કૌભાંડને કોઈ અધિકારી નહી પણ ગામના જાગૃત બાળકો જ બહાર લાવ્યા હતા. ગામના બાળકોએ ડીએમ મંગલા પ્રસાદસિંહ સાથે મુલાકાત કરી હતી અને સ્કૂલમાં મિડ-ડે મીલ મધ્યાહન ભોજન ના મળી રહ્યું હોવાની ફરિયાદ કરી હતી. બહુ જ ગુપ્ત રીતે આ ફરિયાદ ડીએમસુધી બાળકોએ પહોંચાડી હતી. તપાસ કરતા સામે આવ્યું કે મિડ-ડે મીલ બનાવવાની વ્યવસ્થા એટલે કે રસોઈઘરમાં કોઈ જ અનાજ, દાળ કે ચોખા નહોતા મળ્યા, માત્ર રસોઈ બનાવવા માટેના કેટલાક વાસણો સિવાય કઈ જ નહોતું.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉઝબેકિસ્તાન જવા રવાના

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શનિવારે ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવના આમંત્રણ પર તાશ્કંદ જવા રવાના થયા છે. આ મુલાકાત દરમિયાન તેઓ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (જીર્ઝ્ર) સમિટમાં પણ હાજરી આપશે અને ૩૧ ઓગસ્ટે કિર્ગિસ્તાનની પણ મુલાકાત લેશે. પીએમ મોદીની ઉઝબેકિસ્તાનની આ ચોથી મુલાકાત છે, જે બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

તાશ્કંદમાં પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ મિર્ઝીયોયેવ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની મહત્વપૂર્ણ વાટાઘાટો થશે. બંને નેતાઓ વેપાર અને રોકાણ, સંરક્ષણ, ડિજિટલ કનેક્ટિવિટી, ઉર્જા, શિક્ષણ, ફાર્માસ્યુટિકલ, કૃષિ અને મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રોમાં સહયોગ વધારવાની સમીક્ષા કરશે. આ ઉપરાંત, "વિકસિત ભારત ૨૦૪૭" અને "ઉઝબેકિસ્તાન ૨૦૩૦" ના સહિયારા વિકાસ લક્ષ્યોને આગળ વધારવા પર પણ ચર્ચા કરવામાં આવશે.

# શ્રી ગાયત્રી આશ્રમ, ગધેથડ-ઉપલેટાના મહંત શ્રી લાલ બાપુનું સફળ ઓપરેશન

## રેડિયન્સ હોસ્પિટલ, અમદાવાદ ખાતે શ્રી લાલબાપુનું પ્રોસ્ટેટનું ઓપરેશન સફળતાપૂર્વક થયુ, હાલ બાપુની તબીયત ખુબ જ સારી

ડો. અમીત ત્રિવેદી (યુરોલોજી સર્જન) તથા ડો. અપૂર્વ વ્યાસ (ઓબેસિટી સર્જન) અને તેની ટીમ દ્વારા ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યુ.



ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિડીયો કોલથી બાપુના તબિયતનાં સમાચાર જાણ્યા. તેમજ શ્રી બાપુની તબિયતના ખબર અંતર પુછવા માટે ગુજરાતભરનાં મહાનુભાવો પધાર્યા હતા જેવા કે, ગુજરાતનાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, કેન્દ્રીય કેબીનેટ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી પરષોતમ ભાઈ રૂપાલા, લોકસભા મેમ્બર પુનમબેન માડમ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા તથા શ્રી શકિતસિંહ ગોહિલ, તથા GTPL ના માલીકો શ્રી અનિરૂધ્ધ સિંહ જાડેજા, શ્રી કનકસિંહ રાણા, શ્રી રાજભા જેઠવા તથા શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ (મહામંત્રી– ગુજરાત પ્રદેશ, ભાજપ), તૃપ્તિબા રાઓલ (કન્વીનર સંકલન સમિતી) તથા ક્ષત્રિય સમાજનાં તમામ અગ્રણીઓ અને તમામ હોદેદારશ્રીઓ દ્વારા બાપુની તબિયતનાં સમાચાર પુછવામાં આવ્યા હતા. શ્રી જયરાજસિંહ પરમાર (પ્રવકતા – ગુજરાત પ્રદેશ, ભાજપ) તથા શ્રી કિશોરસિંહ ઝાલા (ઉદ્યોગપતિ) આ બન્ને મહાનુભાવોની બાપુની માંદગી દરમ્યાન સતત સેવા મળતી રહી. તેમજ રાજયનાં પોલીસ વડા શ્રી અનુપમસિંહ ગેહલોત પણ હાજર રહયા હતા.



શ્રી નરેશભાઈ પટેલ, શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ – ધારાસભ્ય શ્રી દસ્ક્રોઈ તથા દરેક પાટીદાર અગ્રગણ્ય આગેવાનો દ્વારા શ્રી લાલબાપુની તબીયતનાં સમાચાર પુછવામાં આવ્યા હતા.



પદ્મશ્રી ડો. જયંતભાઈ વ્યાસ (વાઈસ ચાન્સેલર, NSFU), પદ્મશ્રી ભીખુદાન ગઢવી તથા ઈશુદાનભાઈ ગઢવી પણ રૂબરૂ આવી બાપુના તબિયતનાં સમાચાર પુછયા હતા.

ભાગવત કથાકાર પુજય શ્રી જીજ્ઞેશ દાદાએ રૂબરૂ મુલાકાત કરી તેમજ શ્રી રામ કથાકાર પૂજય મોરારી બાપુ દ્વારા વિડીયો કોલથી તબિયતનાં સમાચાર પુછવામાં આવ્યા તથા અનેક કથાકારો દ્વારા બાપુના સ્વાસ્થ્ય માટે પ્રાથના કરવામાં આવી તેમજ તબીયતનાં સમાચાર પુછવામાં આવ્યા હતા.

સાળંગપુર કષ્ટભંજન હનુમાન મંદિરના પુજય હરિપ્રકાશ સ્વામી શ્રી અને વિવેક સ્વામી શ્રી, પંચનાથ મહાદેવ મંદિર, ધોરાજીના મહંત શ્રી શ્રધ્ધાનંદજી બાપુ, દંડીસ્વામી આશ્રમ, ડાકોરના મહંત શ્રી વિજયદાસ બાપુ ઉપરાંત ગુજરાતભરનાં સંતો અને મહંતશ્રીઓ દ્વારા રૂબરૂ તથા ટેલીફોનનાં માધ્યમથી બાપુની તબિયત માટે ચિંતા વ્યકત કરાઈ અને તેમના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવી.

ગુજરાતનાં નામાંકિત કલાકારો દ્વારા રૂબરૂ તથા ટેલીફોનનાં માધ્યમથી બાપુનાં સારા સ્વાસ્થય માટે પ્રાર્થના કરવામાં આવી.

ઉપરાંત બાપુનાં અસંખ્ય સેવકો અને ભકતો દ્વારા તેમના સ્વાસ્થ્ય માટે ઉપવાસ, યજ્ઞો અને પ્રાર્થના કરવામાં આવી હતી.



**ડો. અપૂર્વ વ્યાસ**
ગુજરાત ના પ્રથમ અને એકમાત્ર રોબોટિક ઓબેસિટી સર્જન

**શનિવાર, તા.૨૯/૮/૨૬નાં રોજ બાપુને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે. ત્યાર બાદ બાપુ સેવક રાજુભાઈ ગજેરાનાં નિવાસ સ્થાને થોડા સમય માટે રોકાશે.**

**પુજય સંત શ્રી લાલબાપુનાં આશિર્વાદથી રેડિયન્સ હોસ્પિટલ, અમદાવાદમાં જરૂરીયાતમંદ દર્દીઓને ઓપરેશન ખર્ચમાં ખાસ રાહત આપવામાં આવશે**

સૌજન્ય :
RADIANCE HOSPITALS TRANSFORMING LIVES | ANSH Obecure Solutions for obesity
ત્રીજો અને ચોથો માળ, કેપીટલ–૨,
વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ.

**એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : ૭૦૪૩૨ ૧૧૧૧૮, ૯૯૯૮૭ ૩૩૩૮૭ (એપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત છે)**

# રાષ્ટ્રપતિએ લદ્દાખમાં હાઈકોર્ટ બેન્ચને મંજૂરી આપી; લોકો માટે ન્યાય મેળવવાનું સરળ બનશે

નવીદિલ્હી,

ન્યાય મેળવવાનું હવે લદ્દાખના પર્વતીય અને દુર્ગમ વિસ્તારોમાં રહેતા સામાન્ય નાગરિકો અને અરજદારો માટે ખૂબ સરળ અને સુલભ બનશે. એક મહત્વપૂર્ણ પગલામાં, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખની સામાન્ય હાઈકોર્ટની નિયમિત બેન્ચની સ્થાપનાનો માર્ગ મોકળો કર્યો છે.રાષ્ટ્રપતિ દ્વારા જારી કરાયેલ આ નવો નિયમન, લદ્દાખના અરજદારોને સુનાવણી માટે શ્રીનગર અથવા જમ્મુ જવાથી નોંધપાત્ર રીતે રાહત આપશે. આ નિર્ણય માત્ર ન્યાયિક સુલભતા તરફ એક મુખ્ય વહીવટી પરિવર્તનને ચિહ્નિત કરે છે, પરંતુ દૂરના સરહદી વિસ્તારોના રહેવાસીઓને તેમના અધિકારોના રક્ષણ અને કાનૂની સશક્તિકરણની મજબૂત ખાતરી પણ આપે છે.

રાષ્ટ્રપતિએ "લદ્દાખનો કેન્દ્રશાસિત પ્રદેશ (જમ્મુ અને કાશ્મીરની હાઈકોર્ટની બેન્ચની બેઠક, અને લદ્દાખમાં લદ્દાખ) નિયમનો, ૨૦૨૬" ને મંજૂરી આપી છે. આ નિયમન બંધારણની કલમ ૨૪૦ અને જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ ની કલમ ૫૮(૨) હેઠળ જારી કરવામાં આવ્યું હતું. આ નિયમન લદ્દાખમાં સામાન્ય હાઈકોર્ટની બેન્ચ માટે કાનૂની માળખું પૂરું પાડે છે.




# ખેલ મહાકુંભથી ઓલિમ્પિક્સના સપના સુધી રમતગમત ક્ષેત્રે ગુજરાતની સ્વર્ણિમ છલાંગ

## રમશે ગુજરાત, જીતશે ગુજરાતઃ આધુનિક સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી રાજ્યના યુવા રમતવીરોનું સશક્તિકરણ

અમદાવાદ,

હોકીના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતિ એટલે કે 'રાષ્ટ્રીય રમતગમત દિવસ' નિમિત્તે રાજ્યની રમતગમત નીતિના સફળ પરિણામો સામે આવ્યા છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલા 'ખેલ મહાકુંભ'ને કારણે ગુજરાતમાં રમતગમત ક્ષેત્રે ક્રાંતિ આવી છે.'શક્તિદૂત યોજના' અને 'ઈન-સ્કૂલ પ્રોગ્રામ' હેઠળ રાજ્યના ઉભરતા ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરનું કોચિંગ, પૌષ્ટિક આહાર અને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને જિલ્લા સ્તરે સ્પોર્ટ્સ સંકુલોના નિર્માણને કારણે આજે ગુજરાતના ખેલાડીઓ નેશનલ અને ઈન્ટરનેશનલ કક્ષાએ સુવર્ણચંદ્રકો જીતીને રાજ્યનું નામ રોશન કરી રહ્યા છે.

મેજર ધ્યાનચંદની જન્મજયંતી નિમિત્તે દર વર્ષે ૨૯મી ઓગસ્ટે ઉજવાતો 'રાષ્ટ્રીય રમતગમત દિવસ' રમતના ઉત્સાહ અને ખેલદિલીનો પર્વ છે. આજે ૨૯મી ઓગસ્ટ ૨૦૨૬ના દિવસે જ્યારે સમગ્ર દેશ રમતગમતના મહત્વને બિરદાવી રહ્યો છે, ત્યારે ગુજરાત રાજ્ય રમતના ક્ષેત્રે એક અનોખો જ સાહસિક અને સ્વર્ણિમ અધ્યાય લખી રહ્યું છે. એક સમય હતો જ્યારે ગુજરાતની ઓળખ માત્ર વેપાર-ઉદ્યોગ પૂરતી સીમિત ગણાતી હતી. પરંતુ વર્તમાન ગુજરાત સરકારે રમતગમતને જે રીતે પ્રોત્સાહન આપ્યું છે તેનાથી આજે રાજ્યના યુવાનો નેશનલ અને ઈન્ટરનેશનલ મેદાન પર તિરંગો લહેરાવી રહ્યા છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલા 'ખેલ મહાકુંભ'ના બીજ આજે વટવૃક્ષ બની ચૂક્યા છે. ગુજરાત સરકારે આ અભિયાનને જે રીતે આગળ ધપાવ્યું છે, તેના લીધે આજે ગામડાંના છેવાડાના વિસ્તારોમાંથી પણ રમતવીરો શોધીને તેમને આંતરરાષ્ટ્રીય સ્તરનું કોચિંગ અને સુવિધાઓ આપવામાં આવી રહી છે. શાળાઓ અને કોલેજોમાંથી બહાર આવતી રમતગમતની પ્રતિભાઓને આજે યોગ્ય પ્લેટફોર્મ મળી રહ્યું છે. તેમજ અમદાવાદ ખાતે વિશ્વનું સૌથી મોટું 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' અને તેની આસપાસ આકાર લઈ રહેલું સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એનક્લેવ ગુજરાતની રમતગમત ક્ષેત્રે વૈશ્વિક ઓળખ બનાવી ચૂક્યું છે.

રાજ્યના દરેક જિલ્લામાં અદ્યતન સ્પોર્ટ્સ સંકુલ અને સ્ટેડિયમ નિર્માણ પામ્યા છે, જ્યાં ખેલાડીઓને તમામ પ્રકારની રમતો માટે વિશ્વસ્તરીય સાધનો ઉપલબ્ધ કરાવાય છે.

# ગાંધીનગરના કલોલમાં સગીરા પર દુષ્કર્મ કેસમાં ૭૨ કલાકમાં ચુકાદો : આરોપીને આજીવન કેદની સજા

## ભોગ બનનાર અને આરોપી મળી આવ્યા બાદ માત્ર ૧૮ દિવસમાં પોલીસે તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી

ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સગીરાનું અપહરણ કરી તેની સાથે દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવવાના ગંભીર ગુનામાં આરોપીને કોર્ટ દ્વારા આજીવન કેદની સખત સજા ફટકારવામાં આવી છે.

કલોલની સ્પેશિયલ પોક્સો તથા ત્રીજા સેશન્સ કોર્ટ દ્વારા ચાર્જશીટ રજૂ થયાના માત્ર ૭૨ કલાકમાં સમગ્ર કેસની સુનાવણી પૂર્ણ કરી આરોપીને તેના બાકી રહેતા કુદરતી આયુષ્ય સુધી લંબાવી શકાય તેવી આજીવન સખત કેદની સજા કરવામાં આવી છે. સાથે જ આરોપીને રૂ. ૨ લાખનો દંડ તથા ભોગ બનનાર સગીરાને રૂ. ૩ લાખ વળતર ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે. ભોગ બનનાર અને આરોપી મળી આવ્યા બાદ માત્ર ૧૮ દિવસમાં પોલીસે તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી. ત્યારબાદ કોર્ટ દ્વારા માત્ર ૭૨ કલાકમાં ટ્રાયલ પૂર્ણ કરી ચુકાદો આપ્યો હતો.

મળતી માહિતી મુજબ, ગત ૨ જૂન ૨૦૨૬ના રોજ કલોલ તાલુકાના પાનસર ગામેથી ૧૫ વર્ષ ૮ મહિના ૬ દિવસની સગીરાનું આરોપી ભરતજી બચુજી ઠાકોર, ઉંમર ૪૨ વર્ષ, રહે. મોટી આદરજ, ગાંધીનગર, દ્વારા લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨) અને ૮૭ હેઠળ ગુનો નોંધાયો હતો.

કલોલ તાલુકા પોલીસ મથકના ઈન્સ્પેક્ટર જે. જે. ગઢવી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસ ટીમે આરોપી તથા ભોગ બનનારની શોધખોળ હાથ ધરી હતી અને તા. ૩ ઓગસ્ટે બંનેને શોધી કાઢવામાં આવ્યા હતા.

# બનાસકાંઠાના ધાનેરા પાસેથી ૨૨૮ કિલો જેટલો પોસડોડાનો જથ્થો ઝડપાયો

## અલગ-અલગ ૬ નંબર પ્લેટો પણ કારની અંદરથી મળી આવી

બનાસકાંઠા,

જિલ્લામાં નશાના કાળા કારોબારની પદાર્થોની હેરાફેરી સામે રાજ્ય પોલીસની ટીમે કડક કામગીરી કરી છે જેમાં બનાસકાંઠા રેન્જ પોલીસે ચોક્કસ બાતમીના આધારે ધાનેરા નજીક દરોડો પાડીને લક્ઝુરિયસ કારમાંથી લાખો રૂપિયાની કિંમતનો ગેરકાયદે પોસડોડાનો જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસ ટીમને જોઈ જતાં જ તસ્કર કે કારચાલક અંધારાનો લાભ ઉઠાવીને પોતાની ગાડી રસ્તા પર જ મૂકીને રફુચક્કર થઈ ગયો હતો. પોલીસે સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરીને ફરાર થઈ ગયેલા કારચાલકની શોધખોળ હાથ ધરી છે.

પોલીસની ટીમે બિનવારસી હાલતમાં મળેલી કારની ઝીણવટભરી તલાશી લેતાં અંદરથી ૨૨૮.૭૦૦ કિલો પોસડોડાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત, પોલીસને ગેરમાર્ગે દોરવા અને ઓળખ છુપાવવા માટે ઉપયોગમાં લેવાતી અલગ-અલગ ૬ નંબર પ્લેટો પણ કારની અંદરથી મળી આવી છે.

પોલીસે કારમાંથી મળેલા રૂ. ૩૮,૩૦,૦૦૦ (રૂપિયા ૩૮.૩૦ લાખ) ની કિંમતના પોસડોડા અને કાર સહિત કુલ રૂ. ૫૦,૩૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ બાબતે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# બોપલ-ઘૂમામાં વરસાદના પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે : અમિત શાહ

## બોપલ અને ઘુમા વિસ્તારના રહીશો માટે કેન્દ્રીય ગૃહમંત્રીએ લોક દરબારનું આયોજન કર્યું

અમદાવાદ,

કેન્દ્રીય ગૃહમંત્રી અને સ્થાનિક સાંસદ અમિત શાહે અમદાવાદના ઘાટલોડિયા વિધાનસભા ક્ષેત્રમાં આવતા આંબલી, બોપલ અને ઘુમા વિસ્તારના રહીશો માટે એક વિશેષ 'લોક દરબાર'નું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ તાજેતરમાં પડેલા ભારે વરસાદના કારણે સર્જાયેલી પાણી ભરાવાની વિકટ સમસ્યાઓ સાંભળવાનો અને તેનો કાયમી ઉકેલ લાવવાનો હતો.

બોપલ પંચાયત રોડ પર આવેલી મદ્રાસ સ્કૂલ ખાતે આ લોક દરબાર યોજાયો હતો. જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ગુજરાતના મુખ્યમંત્રી,



અમદાવાદના મેયર, છસ્ક્ષ કમિશનર, શહેર પ્રમુખ અને મંત્રી દર્શનાબેન પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જોધપુર અને બોપલ વોર્ડના રહીશો તેમજ વિવિધ સોસાયટીના ચેરમેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ સિઝનમાં પડેલા અસાધારણ ૨૧ ઈંચ વરસાદને કારણે બોપલ, ઘુમા અને આંબલી વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો હતો. અમિત શાહે સ્વીકાર્યું કે છેલ્લા ૫૦ વર્ષમાં આવો વરસાદ પડ્યો ન હતો, જેથી છસ્ક્ષનું આયોજન ટૂંકું પડ્યું હતું. વરસાદ સમયે લોકોને પડેલી પારાવાર મુશ્કેલીઓ અને તે દરમિયાન પરિવારોમાં થયેલા ઝઘડાઓનો ઉલ્લેખ કરી તેમણે સંવેદના વ્યક્ત કરી હતી. વરસાદ બાદ તરત જ ન આવી શકવા બદલ અને લોક દરબારમાં મોડા પહોંચવા બદલ તેમણે સ્થાનિકોની માફી માંગી હતી.

સાંસદ તરીકે તમામ જવાબદારી પોતાના શિરે લેતા અમિત શાહે સ્પષ્ટ કર્યું કે પાણીના નિકાલની જવાબદારી માત્ર મેયર કે એએમસી કમિશનરની નથી, પરંતુ તેમની પણ છે. તેમણે દ્રઢ ખાતરી આપતા કહ્યું કે, "જ્યારે હું બીજી વાર મત માંગવા આવીશ, તે પહેલાં ૩૦ ઈંચ વરસાદ પડે તો પણ તમારી સોસાયટીઓ કોરી રહે અને રસ્તા પર પાણી ન ભરાય તેવી પૂરતી ડ્રેનેજ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવશે." વિસ્તારના અન્ય પ્રાથમિક પ્રશ્નો ઉકેલવા અંગે તેમણે જણાવ્યું કે આંબલી, બોપલ અને શેલા જેવી નવી વસાહતોમાં જાસપુરથી વ્યવસ્થા કરી આગામી ૬ મહિનામાં નર્મદાનું પીવાનું પાણી પહોંચાડવામાં આવશે.

# રક્ષાબંધન પર્વ નિમિત્તે SOS સંસ્થાની બાળાઓએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીને રાખડી બાંધી



ગાંધીનગર,

રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે શુક્રવારે લોકભવન-ગાંધીનગર ખાતે SOS સંસ્થાના કચ્છ-ભૂજ કેન્દ્રની બાળાઓએ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ભાવસભર ઉજવણી કરી હતી.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ બાળાઓ સાથે આત્મીય સંવાદ કરી તેમના શિક્ષણ, અભ્યાસ અને ભવિષ્યના ધ્યેયો અંગે જાણકારી મેળવી હતી. બાળાઓએ રાજ્યપાલશ્રીને પોતાના હાથે તૈયાર કરેલ પેઈન્ટિંગ ભેટ કરી હતી.

જીજી સંસ્થા દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ, શિક્ષણ તથા સંભાળ માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે રાજ્યપાલશ્રીએ માહિતી મેળવી હતી. સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શાળા-કોલેજમાં શિક્ષણ મેળવવા માટે જરૂરી સહયોગ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. હાલમાં દેશભરમા SOS સંસ્થાના ૨૧ રાજ્યોમાં ૩૨ જેટલા કેન્દ્ર કાર્યરત છે. રાજ્યપાલશ્રીએ સંસ્થાની કામગીરીને બિરદાવતાં જણાવ્યું હતું કે, બાળકોને શિક્ષણ સાથે સંસ્કાર, આત્મવિશ્વાસ અને સ્વાવલંબન તરફ આગળ વધારવાનું કાર્ય સમાજના ભવિષ્યના ઘડતર માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

# મનરેગામાં 'મજૂરો'ના નામે કરોડોની રમત, રાણીપુરામાં રૂ.૩થી ૪ કરોડની ગેરરીતિના આક્ષેપ

## ૩૦૦થી વધુ લોકોની જાણ બહાર તેમના નામે મનરેગાની રકમ ઉપાડવામાં આવી હોવાની શંકા

વડોદરા,

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના રાણીપુરા ગામમાં મનરેગા યોજનામાં વર્ષ ૨૦૧૮થી ૨૦૨૬ દરમિયાન રૂ.૩થી રૂ.૪ કરોડની ગેરરીતિના આક્ષેપો સામે આવ્યા છે. ગ્રામજનોએ બોગસ જોબ કાર્ડ, શ્રમિકોના નામે ખોટી રીતે નાણાં ઉપાડવા અને તળાવના કામમાં મશીનનો ઉપયોગ કરવાના ગંભીર આક્ષેપ કર્યા છે. મામલો મીડિયા અહેવાલોમાં આવ્યા બાદ સાવલી ટીડીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

ગ્રામજનોના આક્ષેપ મુજબ, ૩૦૦થી વધુ લોકોની જાણ બહાર તેમના નામે મનરેગાની રકમ ઉપાડવામાં આવી હોવાની શંકા છે. જોબ કાર્ડમાં સાચા શ્રમિકોના નામ રાખવામાં આવ્યા, પરંતુ ફોટોગ્રાફ અન્ય વ્યક્તિઓના લગાવવામાં આવ્યા હોવાનો દાવો કરાયો છે. કામ કર્યા વિના કાગળ પર મજૂરી દર્શાવી રકમ ઉપાડવામાં આવી હોવાના પણ આક્ષેપ છે.

આક્ષેપ મુજબ, રાણીપુરામાં આ ગેરરીતિ કોઈ એક વર્ષ પૂરતી મર્યાદિત નથી. વર્ષ ૨૦૧૮થી ૨૦૨૬ દરમિયાન અલગ-અલગ કામોના નામે આશરે રૂ.૩થી રૂ.૪ કરોડની રકમની ગેરરીતિ થઈ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે.

મનરેગા હેઠળ સ્થાનિક શ્રમિકોને રોજગારી આપવાની હોય છે. જોકે, ગ્રામજનોનો આરોપ છે કે રાણીપુરામાં તળાવના ખોદકામમાં મજૂરોના બદલે જેસીબી અને હિટાચી જેવા મશીનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આશરે ૬૦ ફૂટ સુધી તળાવનું ખોદકામ કરાયું હોવાનો દાવો છે. આ દરમિયાન નીકળેલી માટી પણ વેચી દેવામાં આવી હોવાના આક્ષેપ થયા છે.

મીડિયા અહેવાલ બાદ સાવલી તાલુકા વિકાસ અધિકારીએ સમગ્ર મામલાની ગંભીર નોંધ લીધી છે. હાલ મસ્ટર રોલ, જોબ કાર્ડ અને પેમેન્ટ રેકોર્ડ સહિતના દસ્તાવેજોની તપાસ કરવામાં આવી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ વિગતવાર અહેવાલ જિલ્લા કક્ષાએ રજૂ કરવામાં આવશે.

# એપિક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામને વધુ મજબૂત બનાવવા ચેન્નાઈની એમજીએમ હેલ્થકેર સાથે ભાગીદારી કરી

## એમજીએમ હેલ્થકેરના હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાતો ટ્રાન્સપ્લાન્ટ સર્જરી માટે એપિક ખાતે ઉપલબ્ધ રહેશે

અમદાવાદ,

અમદાવાદમાં આવેલી ૨૮૦ બેડની અગ્રણી હોસ્પિટલ એપિક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલે બુધવારે ચેન્નાઈ સ્થિત એમજીએમ હેલ્થકેર સાથે ક્લિનિકલ ભાગીદારીની જાહેરાત કરી હતી. આ ભાગીદારીનો હેતુ હોસ્પિટલના હાલના હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ (હૃદયના પ્રત્યારોપણ) પ્રોગ્રામ તેમજ અદ્યતન હાર્ટ ફેલ્યોર સારવારને વધુ મજબૂત બનાવવાનો છે. આ વ્યવસ્થા હેઠળ એમજીએમ હેલ્થકેરના હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંતો હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની સર્જરી માટે એપિક ખાતે ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત, બંને સંસ્થાઓ યોગ્ય દર્દીઓ માટે Left




Ventricular Assist Device (LVAD) ઈમ્પ્લાન્ટેશન માટે પણ સાથે મળીને કામ કરશે.

એપિક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે માન્યતા પ્રાપ્ત કેન્દ્ર છે અને અહીં અગાઉ પણ હૃદય પ્રત્યારોપણની સર્જરી કરવામાં આવી છે. આ ભાગીદારીથી એમજીએમ હેલ્થકેરની હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ અને ગંભીર હાર્ટ ફેલ્યોરના એડવાન્સ્ડ મેનેજમેન્ટ અંગેની વિશેષ નિપુણતા એપિકની હાલની તબીબી ક્ષમતાઓ સાથે જોડાશે.

ગુજરાતમાં તાજેતરના વર્ષોમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની પ્રવૃત્તિમાં વધારો થયો છે ત્યારે આ ભાગીદારી થઈ છે. નેશનલ ઓર્ગન એન્ડ ટિશ્યૂ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (NOTTO)ના આંકડા અનુસાર, ગુજરાતમાં ૨૦૨૧માં ૧૩, ૨૦૨૨માં ૨૦, ૨૦૨૩માં ૨૯, ૨૦૨૪માં ૩૩ અને ૨૦૨૫માં ૩૬ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થયા હતા. આ જ સમયગાળા દરમિયાન સમગ્ર ભારતમાં અનુક્રમે ૧૫૩, ૨૪૩, ૨૨૧, ૨૫૩ અને ૨૩૯ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થયા હતા. ભારતમાં થતા હાર્ટ ટ્રાન્સપ્લાન્ટમાં ગુજરાતનો હિસ્સો ૨૦૨૧માં ૮.૫૦ ટકા હતો, જે ૨૦૨૫માં વધીને ૧૫.૦૬ ટકા થયો હતો. ૨૦૨૩થી ૨૦૨૫ દરમિયાન દેશમાં કુલ ૭૧૩ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ નોંધાયા હતા, જેમાંથી ૯૮ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ગુજરાતમાં થયા હતા. એટલે કે કુલ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટમાં ગુજરાતનો હિસ્સો ૧૩.૭૪ ટકા રહ્યો હતો.

એપિક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલના સ્થાપક અને ડિરેક્ટર ડૉ. અનિલ જૈને જણાવ્યું હતું કે, "એપિક ખાતે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનો સુવ્યવસ્થિત કાર્યક્રમ પહેલેથી જ કાર્યરત છે અને આ ભાગીદારીથી અમારા દર્દીઓ માટે ઉપલબ્ધ નિષ્ણાંત તબીબી સેવાઓ વધુ મજબૂત બનશે. એપિક ખાતે એમજીએમ હેલ્થકેરના હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંતોની ઉપલબ્ધતાથી જટિલ ટ્રાન્સપ્લાન્ટના કેસોના ક્લિનિકલ મેનેજમેન્ટમાં વધુ નિપુણતા ઉમેરાશે.

# ગાંધીનગરના લોકભવનમાં રક્ષાબંધનની ભાવસભર ઉજવણી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને બહેનોએ બાંધી રાખડી

## મહિલાઓ અને દીકરીઓના સશક્તિકરણ સાથે તેમની સુરક્ષા અને કલ્યાણ માટે રાજ્ય સરકાર સતત કાર્યરત : મુખ્યમંત્રી

ગાંધીનગર,

લોકભવન ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રક્ષાબંધન પર્વની ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. સ્નેહ, સુરક્ષા અને ભાઈ-બહેનના પવિત્ર સંબંધના પ્રતીક સમાન આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી વિવિધ સમાજ, સામાજિક સંસ્થાઓ, સેવાભાવી સંગઠનો તથા વિવિધ વર્ગોની બહેનો અને દીકરીઓ ઉપસ્થિત રહી હતી.

કાર્યક્રમ દરમિયાન સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલી બહેનો, બ્રહ્માકુમારીઝ તથા દિવ્યાંગ બહેનોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રાખડી બાંધી




હતી. બહેનોએ મુખ્યમંત્રીના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે મંગલકામના કરી હતી. મુખ્યમંત્રીએ પણ રાખડી બાંધવા માટે આવેલી તમામ બહેનોનું આત્મીયતાપૂર્વક સ્વાગત કરી તેમની શુભેચ્છાઓ સ્વીકારી હતી.

રક્ષાબંધનના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ રાજ્યની તમામ નારીશક્તિના સર્વાંગી વિકાસ, સન્માન અને સુરક્ષા માટે સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. મહિલાઓ અને દીકરીઓના સશક્તિકરણ સાથે તેમની સુરક્ષા અને કલ્યાણ માટે રાજ્ય સરકાર સતત કાર્યરત હોવાનું તેમણે જણાવ્યું હતું. રાજ્યના નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવી પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે હાજર મહિલાઓને સંબોધન કર્યું હતું અને ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનની શુભકામનાઓ પાઠવી હતી.

# અમદાવાદ સહિત ગુજરાતભરમાં રક્ષાબંધન પર્વની ભવ્ય ઉજવણીઃ જગન્નાથ મંદિરે ભક્તોની ભીડ

## રક્ષાબંધન પર શામળાજી અને ડાકોરમાં આસ્થાનું ઘોડાપૂર, ભગવાનને બાંધવામાં આવી સોનાની રાખડી

અમદાવાદ,

આજે ગુજરાત સહિત દેશભરમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે અમદાવાદના પ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં પણ રક્ષાબંધનના પાવન પર્વની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીની મૂર્તિઓને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. પર્વ નિમિત્તે ભગવાનના દર્શન માટે વહેલી સવારથી જ ભક્તોની ભીડ જોવા મળી હતી.

રક્ષાબંધન પર્વની વિશેષ ધાર્મિક પરંપરા અંતર્ગત બહેન સુભદ્રાજીએ ભાઈ ભગવાન જગન્નાથજીને અને ભાઈ બલભદ્રને રાખડી બાંધી હતી. આ પ્રસંગે ભગવાનને વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલી ચાંદીની રાખડી અર્પણ કરાઈ હતી જગન્નાથ મંદિરમાં રક્ષાબંધન પર્વની આ ધાર્મિક પરંપરા વર્ષોથી ચાલી આવે છે. ભાઈ-બહેનના પવિત્ર સંબંધને સમર્પિત આ પર્વે ભગવાન જગન્નાથ, બલભદ્રજી અને સુભદ્રાજીના દર્શન માટે ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. રક્ષાબંધનના પર્વને લઈને મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. ભક્તોએ ભગવાનના દર્શન કરી પરિવારના સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. રક્ષાબંધન નિમિત્તે મંદિર ખાતે વિશેષ ધાર્મિક વિધિઓ અને પૂજા-અર્ચનાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

શામળાજી અને ડાકોરમાં વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. બંને યાત્રાધામોમાં ભગવાનના વિશેષ શણગાર અને સોનાની રાખડીના દર્શન માટે શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

શ્રાવણી પૂનમના પાવન અવસરે શામળાજી મંદિરમાં ભગવાન શામળિયાને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. ભગવાનને ખાસ વાઘા સાથે સોનાના આભૂષણોથી શણગારવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભગવાન શામળિયાને સોનાની રાખડી અર્પણ કરવામાં આવી હતી. ભગવાનને સમગ્ર જગતના ભાઈ તરીકે માનીને રક્ષાબંધન નિમિત્તે આ પરંપરા નિભાવવામાં આવે છે. મોટી સંખ્યામાં પહોંચેલા ભક્તોએ પણ ભગવાનને રાખડી અર્પણ કરી પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

શામળાજી મંદિરમાં શ્રાવણી પૂનમ નિમિત્તે દિવસ દરમિયાન ભગવાનના વિવિધ મનોરથના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. ભગવાનના અલગ-અલગ અલૌકિક સ્વરૂપના દર્શન કરવા માટે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# રાજકોટ મહાનગરપાલિકાની આવાસ ફાળવણીમાં પારદર્શિતા અને ચકાસણી વધુ સુદ્દઢ બનાવવા સોફ્ટવેર વિકસાવાયું

## આધારકાર્ડ અને ચૂંટણીકાર્ડ નંબરના આધારે અગાઉ આવાસ મેળવ્યો છે કે નહીં તેની થઈ શકશે ત્વરિત ચકાસણી

રાજકોટ:રાજકોટ મહાનગરપાલિકાની આવાસ યોજના વિભાગ દ્વારા EDP શાખાના સહયોગથી આવાસ યોજનાના અરજદારોની ચકાસણી વધુ સરળ, ઝડપી અને પારદર્શક બને તે હેતુથી એક વિશેષ સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે. આ સોફ્ટવેરની મદદથી અરજદારનો આધારકાર્ડ નંબર અને/અથવા ચૂંટણીકાર્ડ નંબર દાખલ કરીને સંબંધિત અરજદારે અગાઉ રાજકોટ મહાનગરપાલિકા પાસેથી આવાસ મેળવ્યો છે કે નહીં તેની માહિતી મેળવી શકાશે.

હાલ આ સોફ્ટવેર પ્રારંભિક તબક્કામાં છે અને તેમાં હજુ વધુ પ્રમાણમાં ડેટા ફીડ કરવાનો બાકી છે. તેમ છતાં, ફોર્મ-ચેકિંગની કામગીરી તેમજ કોઈ લાભાર્થીએ એકથી વધુ આવાસ મેળવ્યા હોવાની ફરિયાદોની તપાસમાં આ સોફ્ટવેર ઉપયોગી સાબિત થઈ રહ્યું છે.

આ સોફ્ટવેરના ઉપયોગથી અત્યાર સુધીમાં ૧૧ એવા અરજદારોની ઓળખ કરવામાં આવી છે કે જેમણે પોતાના નામે બે આવાસ મેળવ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. આવા અરજદારો સામે નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સોફ્ટવેરમાં એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે, જો કોઈ અરજદારના આધારકાર્ડ નંબર અથવા ચૂંટણીકાર્ડ નંબરની ડુપ્લીકેટ એન્ટ્રી જોવા મળે તો તુરંત રેડ-ફ્લેગ અલર્ટ જનરેટ થાય છે. સાથે જ આવા ડુપ્લીકેટ રેકોર્ડની અલગ એક્સેલ-શીટ પણ આપમેળે જનરેટ થઈ શકે છે. જેના પરિણામે એક જ અરજદારે બે આવાસ મેળવ્યા હોય તેવી સંભાવના ધરાવતા કેસો ત્વરિત ધ્યાને આવી શકે છે.

આ ઉપરાંત, સોફ્ટવેરને વધુ અસરકારક બનાવવા માટે આગામી તબક્કામાં તેમાં વધુ એક મહત્વપૂર્ણ સુવિધા ઉમેરવાનું આયોજન છે. જેમાં લાભાર્થીના પ્રથમ નામ, મધ્ય નામ અને અટક પૈકી કોઈપણ બે નામ સમાન જણાય તો પણ રેડ-ફ્લેગ અલર્ટ જનરેટ થશે અને આવા કેસોની અલગ એક્સેલ-શીટ તૈયાર થશે. આ વ્યવસ્થાથી પતિ-પત્ની બંનેના નામે અલગ-અલગ આવાસ ફાળવાયા હોય તેવી સંભાવના ધરાવતા કેસોની પણ વધુ સરળતાથી ઓળખ કરી શકાશે.

હાલમાં આ સોફ્ટવેરના રાઈટ્સ આવાસ યોજના વિભાગના તમામ કર્મચારીઓ તેમજ ફોર્મ-ચેકિંગની કામગીરી સાથે સંકળાયેલા તમામ અધિકારીઓને આપવામાં આવ્યા છે. સોફ્ટવેરમાં પૂરતા પ્રમાણમાં ડેટા ફીડ થઈ ગયા બાદ તેના રાઈટ્સ રાજકોટ મહાનગરપાલિકાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને આપવાનું આયોજન છે.

આ સોફ્ટવેરના વ્યાપક ઉપયોગથી Peer Audit અને Social Auditની પ્રક્રિયા વધુ અસરકારક બનશે. આવાસની ફાળવણીમાં કોઈ ગેરરીતિ, ડુપ્લીકેટ લાભ, એકથી વધુ આવાસ મેળવવાનો પ્રયાસ અથવા માનવીય ક્ષતિ થઈ હોય તો તે ત્વરિત ધ્યાને આવી શકે અને નિયમોનુસાર જરૂરી કાર્યવાહી હાથ ધરી શકાય.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટેકનોલોજીના ઉપયોગથી આવાસ યોજનાની ચકાસણી પ્રક્રિયાને વધુ પારદર્શક, ઝડપી અને વિશ્વસનીય બનાવવાની દિશામાં આ સોફ્ટવેર એક મહત્વપૂર્ણ પહેલ બની રહેશે.

# રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં નવી શિક્ષણ સમિતિની રચના હવે જન્માષ્ટમી બાદ

## કોર્પો.માં નવી ટર્મ શરૂ થવા છતાં ત્રણ મહિનાથી ચેરમેન સહિત કોઈની નિમણુંક નહીં : ૧૨ સદસ્યોની ચૂંટણી કરાશે

રાજકોટ:મ્યુનિ. કોર્પોરેશનમાં ભાજપ શાસકોની નવી ટર્મ શરૂ થયાને ત્રણ મહિના થયા છે ત્યારે હજુ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં નવા ચેરમેન, વાઈસ ચેરમેન સહિતના પદાધિકારીઓની નિમણુંકની કોઈ હિલચાલ પણ શરૂ થઈ નથી. આ સંજોગોમાં હવે જન્માષ્ટમી બાદ રાજકોટ સહિત અલગ અલગ શહેરોમાં નિમણુંક માટે પ્રદેશ કાર્યવાહી શરૂ કરશે તેમ સમજવામાં આવે છે. શિક્ષણ સમિતિમાં કુલ ૧૫ પૈકી ત્રણ સભ્યો સરકાર નિયુક્ત હોય છે. જ્યારે ૧૨ સભ્યો માટે ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય છે. એક સભ્ય માટે ઓછામાં ઓછા છ કોર્પોરેટરોનું સંખ્યાબળ હોવું જરૂરી છે.

ગત ટર્મમાં તમામ સભ્યો ભાજપના હતા. આ વખતે કોંગ્રેસના ૭ કોર્પોરેટર હોય, વિપક્ષના એક સભ્ય સમિતિમાં રહે તેમ છે. ૧૨ સભ્ય પૈકી એક બેઠક અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટે અનામત હોય છે. જ્યારે આઠ બેઠકો સામાન્ય કેટેગરીમાં ત્રણ બેઠકો શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો અનામત છે. સમિતિમાં આ વખતે ભાજપના ૧૧ સભ્યો અને કોંગ્રેસના એક સભ્ય રહે તેમ છે. કોર્પોરેશનમાં ચૂંટણી પરિણામ બાદ એક મહિને પદાધિકારીઓની નિયુક્તિ, બે મહિને પેટા સમિતિની નિમણુંક થઈ હતી. આ બાદ સમિતિમાં બેસવા માંગતા ભાજપના સભ્યોના ઈરાદા પણ પાર્ટીએ એકત્ર કરતા દોઢસોથી વધુ કાર્યકરોએ ઉત્સાહ દેખાડયો હતો. પરંતુ આ બાદ કોઈ હિલચાલ શરૂ થઈ નથી. સામાન્ય રીતે નવી બોડી કાર્યરત થયાના એક મહિનામાં શિક્ષણ સમિતિની રચના થઈ જતી હોય છે. અમદાવાદ કોર્પો.ને બાદ કરતા રાજ્યની અન્ય ૧૬ મહાપાલિકાઓમાં શિક્ષણ સમિતીની રચના હજુ સુધી કરાઈ નથી.આથી જન્માષ્ટમી બાદ ચૂંટણી જાહેર થવાની સંભાવના હવે લાગી રહી છે. શિક્ષણ સમિતીમાં પદાધિકારી પાંચ વર્ષ સુધી ચેરમેન પદ ભોગવતા રહે છે. જ્યારે મેયરની ટર્મ અઢી વર્ષની હોયે છે. આથી હવે શિક્ષણ સમિતીના ચેરમેનની મુદત પણ કોર્પો.ની અન્ય સમિતિઓની જેમ અઢી-અઢી વર્ષ કરવા ઉપરથી વિચારણા શરૂ થયાનું પણ જાણવા મળ્યું છે.

# સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સમૂહ જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજાયો



રાજકોટ:રાજકોટના નંદવાણા બોર્ડિંગ ખાતે બળવ (રક્ષાબંધન)ના પવિત્ર દિવસે સમસ્ત બ્રહ્મ સમાજ રાજકોટ દ્વારા સામૂહિક જનોઈ બદલવાના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્મ સમાજ રાજકોટ દ્વારા છેલ્લા ૪૦ વર્ષથી આ પરંપરા સતત આગળ ધપાવવામાં આવી રહી છે. આ વર્ષે પણ ૩૦૦થી વધુ ભૂદેવોએ ઉપસ્થિત રહીને વિધિવત રીતે યજ્ઞોપવિત્ર (જનોઈ) બદલવાની પવિત્ર વિધિમાં ભાગ લીધો હતો.

બ્રહ્મ સમાજ રાજકોટના પ્રમુખ દર્શિત જાનીએ તમામ બહેનોને રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી હતી અને સમાજ દ્વારા ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.અન્નપૂર્ણા સંકલ્પઃ રાજકોટમાં વસતા કોઈપણ ભૂદેવ માટે રાજપૂતપરા ખાતે માત્ર રૂ.૨૦ના ટોકન દરે ભોજનની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે.

સાંત્વના સંકલ્પઃ જો સમાજના કોઈ ભૂદેવનું અવસાન થાય, તો તેમના પરિવાર માટે એક ટંકના ભોજનની નિઃશુલ્ક વ્યવસ્થા બ્રહ્મ સમાજ દ્વારા કરવામાં આવે છે.ઉતરોકત તસ્વીરમાં શાસ્ત્રોકત વિધિથી ભુદેવોએ જનોઈ બદલાવી હતી.

# બોગસ સહીઓથી રૂ. ૭૫ લાખની લોન લેવાના કેસમાં મુખ્ય આરોપીની જામીન અરજી નામંજૂર

રાજકોટ: ભાગીદારોની બોગસ સહીઓના આધારે ખોટું રીટાયર્ડમેન્ટ ડીડ તૈયાર કરી અલગ-અલગ બેંકો તથા ફાઈનાન્સ કંપનીઓમાંથી કુલ રૂ. ૭૫,૨૨,૮૧૯ની લોન મેળવી રકમ પોતાના પર્સનલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત, છેતરપિંડી તથા ઠગાઈ કરવાના ગુનામાં ઝડપાયેલા મુખ્ય આરોપી જયદીપ પ્રકાશભાઈ તન્નાની ચાર્જશીટ પહેલાંની રેગ્યુલર જામીન અરજી રાજકોટની સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે.

'ગ્રીની ઝોન એન્ટરપ્રાઈઝીસ'ના ભાગીદાર રોશન હરીશભાઈ ધીગાણી તથા માલવ હસમુખભાઈ રૂપેરા સાથે સહભાગીદાર તરીકે રહેલા જયદીપ તન્ના, તેની પત્ની ચેતના જયદીપભાઈ તન્ના અને તેના પિતા પ્રકાશભાઈ તન્ના સહિતના આરોપીઓ વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આઈપીસીની કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦ અને ૧૧૪ હેઠળ ગુનો નોંધાયો હતો. જામીન અરજીની સુનાવણી દરમિયાન એપીપી દ્વારા દલીલ કરવામાં આવી હતી.કે, અરજદાર મુખ્ય આરોપી છે અને તેણે પત્ની તથા પિતા સાથે મળી બનાવટી રીટાયર્ડમેન્ટ ડીડ તૈયાર કરી તેનો ખરા દસ્તાવેજ તરીકે ઉપયોગ કર્યો હતો. આ દસ્તાવેજોના આધારે અલગ-અલગ ફાઈનાન્સ કંપનીઓ પાસેથી લોન મેળવી રકમ પોતાના ખાતામાં જમા કરાવી સહભાગીદારો સાથે ઠગાઈ કરી હતી. પોલીસ પેપર્સ મુજબ બનાવટી પાર્ટનરશીપ ડીડમાં આરોપીનો ૯૫ ટકા હિસ્સો દર્શાવવામાં આવ્યો છે.

વધુમાં, આરોપીએ પોલીસ સમક્ષના નિવેદનમાં ડીડ બનાવટી હોવા તથા તેમાં ખોટી સહીઓ કરાઈ હોવાની કબૂલાત કરી હોવાની રજૂઆત કરવામાં આવી હતી. ફરિયાદીઓ પ્રકાશ એન. બેડવા તથા અમિત આર. તિવારીએ પણ જામીન અરજીનો વિરોધ કરી દસ્તાવેજો રજૂ કર્યા હતા.બંને પક્ષોની દલીલો ધ્યાને લઈ કોર્ટે નોંધ્યું હતું કે પોલીસ તપાસ હજુ પ્રાથમિક તબક્કામાં છે અને મહત્વના દસ્તાવેજો કબજે લેવાના બાકી છે. તેથી હાલ આરોપીને જામીન પર મુક્ત કરવો ન્યાયોચિત ન હોવાનું જણાવી ચાર્જશીટ પહેલાંની રેગ્યુલર જામીન અરજી રદ કરવાનો હુકમ કર્યો હતો. આ કામમાં સરકારવતી એ.પી.પી. પી.એન. શાહ અને મુળ ફરીયાદીવતી પ્રકાશ એન. બેડવા, અમીત આર. તિવારી, માધવ બગડા, અભી એસ. ચોલેરા, અશોક જી. વાઘેલા તેમજ મદદનીશ સહાયક તરીકે જોશના જી. સોલંકી, આર.કે. વાઘેલા, હિતેષ પી. બેડવા રોકાયેલ હતા.

# રક્ષાબંધને બહેનોએ સીટી અને બીઆરટીએસ બસમાં ટીકીટ વગર મુસાફરીનો લાભ લીધો



રાજકોટઃ આજે રક્ષાબંધનના પવિત્ર દિવસે બહેનોએ ભાઈના હાથે રક્ષા બાંધીને પરંપરા નિભાવી છે. બહેનોના આશિર્વાદ લઈને ભાઈઓ ધન્ય બન્યા છે. આ દિવસે દર વર્ષની જેમ મહાપાલિકાએ તમામ સીટી બસ અને બીઆરટીએસ બસમાં બહેનો માટે મુસાફરી ફ્રી રાખી છે. આજે સવારથી બહેનો સીટી બસમાં કોઈ ટીકીટ લીધા વગર ફર્યા હતા. સરકારી તંત્રએ પણ રક્ષાબંધનની ઉજવણીમાં સાથ પુરાવ્યો હતો. જુદા જુદા રૂટની અનેક બસો આજે ભરચકક ગઈ હતી અને બહેનોના ચહેરા પર તહેવારની ખુશી પણ દેખાતી હતી.

# જસદણ-વિંછિયા રોડ પરથી દારૂ ભરેલી કાર ઝડપાઈ : રૂ.૫.૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત

## રૂરલ એલસીબીની ટીમે ખડવાવડીના બુટલેગરને દબોચી ૨૪૪ બોટલ દારૂ કબ્જે કર્યો: સપ્લાયરની શોધખોળ

રાજકોટ:જસદણ વિંછિયા રોડ પરથી રૂરલ એલસીબીની ટીમે દારૂ ભરેલી કાર ઝડપી ૨૪૪ બોટલ દારૂના જથ્થા સાથે જસદણના ખડવાવડીમાં રહેતા બુટલેગરને ઝડપી લઈ રૂ. ૫.૬૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂ સપ્લાય કરનાર વિંછિયાના મોટા માત્રામાં રહેતા સપ્લાયરને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

દરોડાની વિગત મુજબ, રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા દારૂ-જુગારની પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી કરવાની અપાયેલ સૂચનાથી એલસીબી પીઆઈ જે.પી. રાવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.એન. ભરવાડ તથા ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન હકીકત મળી હતી કે, જસદણના ખડવાવડીમાં રહેતો




કિરણ મકવાણા આઈ- ૨૦ કાર નં. જીજે ૩૭ જે ૬૪૪૭ માં દારૂની હેરફેર કરી રહ્યો છે.

જે બાતમીના આધારે પોલીસની ટીમે વિંછિયા- જસદણ તરફ જતા રોડ પર વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ કાર પસાર થતા પોલીસે કારને કોર્ડન કરી કારચાલકની પુછતાછ કરતા પોતાનું નામ કિરણ કલા મકવાણા (રહે. ખડવાવડી, જસદણ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારમાં તપાસ કરતા અંદરથી ૨૪૪ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે કારચાલકની અટક કરી દારૂનો આ જથ્થો કાર અને મોબાઈલ સહિત રૂ.૫.૬૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

દારૂના જથ્થા સાથે ઝડપાયેલા કિરણ મકવાણાની પૂછતાછ કરતા દારૂનો આ જથ્થો વિંછીયાના મોટા માત્રા ગામે રહેતા ઈશ્વર ઉર્ફે ઈસા બાવળીયા પાસેથી છૂટકમાં વેચવા માટે લાવ્યો હોવાની કબુલાત આપી હતી. જેથી પોલીસે બંને સામે ગુનો નોંધી બુટલેગર ઈશ્વર ઉર્ફે ઈસાને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યાં છે.

# રાજકોટમાં રવિ- મંગળવારે જુદા જુદા ૮ વોર્ડમાં પાણી કાપઃ બે દિવસ પાણી વિતરણ ખોરંભાશે

## ભાદર યોજના અને નવી પાઈપલાઈન જોડાણની કામગીરીને પગલે બે પાણી વિતરણને અસર

રાજકોટ,ભાદર યોજના અને નવી પાઈપલાઈન જોડાણની કામગીરીને પગલે રાજકોટના વિવિધ વિસ્તારોમાં તા.૩૦ ઓગસ્ટ અને તા.૧ સપ્ટેમ્બરે પાણી વિતરણ બંધ રહેશે.

મનપાની સતાવાર યાદી મુજબ ભાદર યોજનાના ગોંડલ પમ્પીંગ સ્ટેશન ખાતે ઈલે-મીકે. મશીનરી ઓગ્મેનટેશન કામ સબબ મશીનરીનું નવી ૯૦૦ એમ.એમ. હેડર લાઈન સાથે જોડાણ કરવાનું હોવાથી તા.૩૦ ઓગસ્ટ (રવિવાર) ના રોજ સેન્ટ્રલ ઝોન હસ્તકના ગુરુકુળ હેડવર્કસ આધારિત ઢેબરરોડ સાઈડના વોર્ડ નં.૭(પાર્ટ), ૧૪(પાર્ટ) અને ૧૭(પાર્ટ) ના વિસ્તારોમાં અને આજીથી મવડી તરફ જતી ૯૦૦ એમ.એમ. સાઈઝની મેઈન લાઈન સાથે નવી ૧૦૧૬ એમ.એમ. ડાયા પાઈપલાઈન જોડાણની કામગીરી સબબ તા.૦૧ સપ્ટેમ્બર(મંગળવાર) ના રોજ મવડી હેડવર્કસ આધારિત સવારના વિસ્તારોવોર્ડ નં. ૮ (પાર્ટ), ૧૦(પાર્ટ), ૧૧(પાર્ટ),૧૨(પાર્ટ) અને ૧૩(પાર્ટ)માં શટડાઉન રાખવામાં આવેલ છે. જેથી પાણી વિતરણ ખોરંભાશે.

તા.૩૦ના રોજ વોર્ડ નં.૭ના ભક્તિનગર પ્લોટ, વિજય પ્લોટ, ગોંડલ રોડ, ઢેબર રોડ, લોહાનગર, ઉદ્યોગ નગર, જૈન ચાલ તથા વિગેરે. વોર્ડ નં.૧૪ના વાણીયાવાડી, ગાયત્રીનગર, ગોપાલનગર, ગીતાનગર, ભક્તિનગર સોસાયટી, ધર્મજીવન સોસાયટી, ઢોલરીયાનગર, શ્રમજીવી સોસાયટી, કોઠારીયા કોલોની (પાર્ટ), માસ્ટર સોસાયટી (પાર્ટ), મીલપરા (પાર્ટ), મયુર પાર્ક, પુજારા પ્લોટ (પાર્ટ), આનંદનગર (પાર્ટ), મધુરમ પાર્ક, ગુલાબ નગર, અમત પાર્ક. વોર્ડ નં.૧૭ના નારાયણ નગર ભાગ-૧,૨, નારાયણ નગર મફતિયું, ઢેબર કોલોની ભાગ-૧,૨,૩, હસનવાડી ભાગ-૧,૨, વાલકેશ્વર સોસાયટી, શ્રીનગર, સાધના સોસાયટી, ઈન્દીરાનગર ૧,૨, મેઘાણીનગર, ન્યુ- મેઘાણીનગર, આશીર્વાદ સોસાયટી, ગુરુજન સોસાયટી, ગીતાંજલી સોસાયટી, અવંતિકા સોસાયટી, આનંદનગર ગાયત્રી બગીચા વાળો ભાગ.

જયારે તા.૧ સપ્ટેમ્બરરને મંગળવારે વોર્ડ નં.૮ના રામધામ, ન્યુ કોલેજવાડી, નવજયોત પાર્ક, જગનાથ પ્લોટ, સાંઈનગર, બ્રહ્મકુંજ સોસા., ગુલાબ વિહાર સોસા.,ચંદ્ર પાર્ક સોસા., ગુરૂદેવ પાર્ક, વોર્ડ નં.૧૦ના જય પાર્ક, સ્વાતિ પાર્ક, પાવન પાર્ક, નિધિ કર્મચારી સોસા., મારૂતિ સોસા., અલય પાર્ક-૧, સત્યમ પાર્ક, દિપવન પાર્ક, શિવમ પાર્ક, શિવદ્રષ્ટિસ સોસા. તથા વોર્ડ નં.૧૧ના ગોવિંદ રત્ના બંગલો, અર્જુન પાર્ક, આવાસ, સરદાર પટેલ, બેકબોન , વલ્લભ વિધાનગર, આર.જે.બગલો, ગોવિંદ રત્ન, નવું-જુનું ઓમનગર, નુતન આદિવાસી સોસા., મવડી ગામ (પાર્ટ) પ્રગટેશ્વર વ્રજ ભૂમિ. વિસ્તારરો પાણી વિતરણ બંધ રહેશે

ઉપરાંત વોર્ડ નં.૧૨ના ગીરનાર સોસા, વિનાયક નગર, શ્રીનાથજી સોસા., ઉદય નગર (પાર્ટ), ગોપાલપાર્ક, અંકુર નગર, કડિયા નગર, વિષ્ણુનગર, જલાજિત સોસા., સાઈ સોસા., જલારામ મધુરમ સોસા., ગોકુલ ધામ, ગુજરાત હાઉસિંગ બોર્ડ, ભરત નગર, પુનિતનગર, કર્મચારી સોસા., આંગન પાર્ક, સીતારામ પાર્ક, અમિધન પાર્ક, સતનામ સોસા., ખોડીયાર નગર, વદાવન પાર્ક, વદાવન સોસા., ઈગલ રેસી. સુખ-સાગર સોસા., માધવ પાર્ક, માધવ વાટિકા, અવધ, સરસ્વતી, પ્રમુખનગર, હિમાલય પાર્ક, જશરાજ નગર, બાલાજી પાર્ક, બજરંગ સોસા., અમત વાટિકા, લક્ષમન જૂલા, આસ્તા રેસી., ભવાની નગર, સમદ્ધિ પાર્ક, ચામુંડા નગર, ગુંજન ટાઉ., રોયલ પાર્ક, જાનકી પાર્ક, કે.એક.રેસી., શિવ ધારા સોસા., સન સિટી, ગોવિંદ રત્ન, શ્યામ વાટિકા, માધવ આર્યમાન સોસા., શિવધામ સોસા., કે.કે.પાર્ક, ગૂરૂદેવ પાર્ક, જે.કે.પાર્ક, રંગોલી, બેંગલોર, પટેલ નગર, સંસ્કાર ધંજય શનેશ્વર, ગોવિંદ આદર્શ, ગ્રીન સિટી, ત્રિમૂર્તિ શિવધારા, ગૂરૂદેવ તિરૂપતિનગર અને વોર્ડ નં.૧૩ના આંબેડકર નગર (પાર્ટ), ખોડીયાર નગર (પાર્ટ), વિશ્વકર્મા સોસાયટી, ગોકુલ નગર (પાર્ટ)માં તા.૧ના રોજ પાણી વિતરણ બંધ રહેશે.

# ઓખા–શકુરબસ્તી સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવામાં આવ્યા

## ટિકિટોનું બુકિંગ ૧ સપ્ટેમ્બરથી શરૂ થશે

રાજકોટ: પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને વધારાના રશને પહોંચી વળવાના હેતુથી ઓખા–શકુરબસ્તી સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવામાં આવ્યા છે.




રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા–શકુરબસ્તી સાપ્તાહિક સ્પેશિયલના ફેરા ૨૦ ઓક્ટોબરથી ૨૪ નવેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૨૪ શકુરબસ્તી–ઓખા સાપ્તાહિક સ્પેશિયલના ફેરા ૨૧ ઓક્ટોબરથી ૨૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે.

# રાજકોટ એસ.ટી. વિભાગના 'અચ્છેદિન': રક્ષાબંધન એકસ્ટ્રામાં એક જ દિ'માં રૂા.૮૨ લાખની આવક!

## તમામ રૂટોની બસો ફુલ : દાહોદ માટે સૌથી વધુ વધારાની બસો દોડાવવી પડી

રાજકોટઃ દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ એસટી નિગમ દ્વારા રક્ષાબંધનના તહેવાર અંતર્ગત ગઈકાલથી રાજયભરમાં એકસ્ટ્રા સંચાલન શરૂ કરવામાં આવ્યું છે. રાજકોટ એસટી વિભાગ દ્વારા તહેવાર અંતર્ગત ૬૬ જેટલી વધારાની બસો શરૂ કરવામાં આવી છે. આ એકસ્ટ્રા સંચાલન એક જ દિવસ દરમ્યાન રાજકોટ વિભાગને ખુબજ ફળ્યું છે.

અને દરેક રૂટની બસો ચિકકાર દોડી રહી છે ઉલ્લેખનિય બાબત એ પણ છે કે રાજકોટથી જ વિવિધ રૂટો ઉપર જવા માટે એક જ દિવસમાં પાંચ હજારથી વધુ ટીકીટ ઓનલાઈન બુકિંગ થઈ હતી. તો દૈનિક આવકના આંકડામાં પણ તોતીંગ ઉછાળો આવેલ હતો. રાજકોટ એસટી વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ગઈકાલે એક જ દિવસમાં વિભાગને રૂા.૮૨ લાખથી



વધુની તોતીંગ આવક થવા પામી હતી.

ખાસ કરીને અમદાવાદ, સુરત, દાહોદ, વડોદરા, મોરબી, જામનગર, અમરેલી, જુનાગઢ તરફના રૂટોમાં વ્યાપક ટ્રાફિક રહેવા પામ્યો હતો. દરમ્યાન આજરોજ પણ સવારથી જ બસ પોર્ટ ઉપર મુસાફરોની વ્યાપક ભીડ નજરે પડી હતી. તો, દરેક બસોમાં ચિકકાર ગીર્દી પણ નજરે પડી હતી.

# સગીરા ઉપર દુષ્કર્મ આચરવાના ગુનામાં આરોપીની જામીન અરજી રદ

રાજકોટ: ગત તારીખ ૫-૮-૨૦૨૬ ના રોજ વિંછીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા ફરિયાદીએ વિંછીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવેલ કે, તેમની સગીર વયની પૌત્રી ઉંમર વર્ષ ૧૬ વર્ષ ૯ માસ વાળીને આરોપી લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ જઈ તેણીની ઉપર દુષ્કર્મ આચરેલ છે.

ફરિયાદ આધારે પોલીસે આરોપી અરવિંદભાઈ રણછોડભાઈ વાલાણી (રહે. મોટી લાખાવાડ, તાલુકો વિંછીયાની ધરપકડ કરી જેલ હવાલે કરેલ. આરોપીએ જેલમાંથી જામીન ઉપર છૂટવા રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે, આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે.

ભોગબનનાર સગીર હોવાનું જાણવા છતાં આરોપીએ તેણીને લઈ જઈ દુષ્કર્મ આચરેલ હોય, આવા ગંભીર ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં. તેથી જામીન અરજી રદ કરવા રજૂઆત કરેલ. જો તેને જામીન આપવામાં આવશે તો તે નાસી ભાગી જશે અને મુદ્દતે કોર્ટમાં હાજર રહેશે નહીં અને કેસ ચાલવામાં વિલંબ થશે તેથી પણ જામીન અરજી રદ કરવા રજૂઆત કરેલ હતી.

તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ આઈ. બી. પઠાણે આરોપી અરવિંદભાઈ વાલાણીની રેગ્યુલર જામીન અરજી રદ કરવા હુકમ કર્યો હતો. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલા હતા.


સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# શેરડીમાંથી ખાંડ બનાવવી વધુ જરૂરી

શેરડી ના રસ માંથી ખાંડ બનાવવાનું પડતું મૂકીને હવે સરકાર તેમાંથી સસ્તું ઇંધણ બનાવવા માટે કમર કસી રહી છે આના કારણે ખાંડ ૪૦% મોંઘી થઈ રહી છે તહેવારોના સમયમાં ખાંડ મોંઘી થાય તે યોગ્ય નથી ઉર્જા સમસ્યા નિવારવા માટે શેરડીમાંથી એક ઇથીનોલ બનાવો. એમાં ખોટું નથી પરંતુ તે શેરડીને ભોગે તો ન જ બનાવવું જોઈએ. પેટ્રોલ ગમે એટલું થાય તો પણ લોકો તે લેવાના છે. પરંતુ લોકો માટે ખાંડ વધુ જરૂરી છે.!! એક સમયે પેટ્રોલ ૨૫ થી ૩૦ રૂપિયાનું લીટર આવતું હતું અત્યારે તેના ભાવ અનેક ગણાવ વધી ગયા છતાં પણ લોકો તે ખરીદી રહ્યા છે અને તેમાં વધારો થઈ રહ્યો છે. જ્યારે ખાંડ રાષ્ટ્રના મોટાભાગના લોકો માટે અતિ જરૂરી છે માટે ખાંડને મહત્વ આપવું જરૂરી છે.ભારતમાં શેરડી હવે માત્ર ખાંડ બનાવવાનો પાક રહી નથી. પેટ્રોલમાં ઇથેનોલનું મિશ્રણ વધારવાની નીતિ પછી શેરડી ઊર્જા અર્થતંત્રનો પણ મહત્વનો ભાગ બની છે. શેરડીમાંથી ખાંડ બનાવવી કે ઇથેનોલ માટે તેનો ઉપયોગ કરવો, આ બંને વચ્ચેનો નિર્ણય હવે ખેડૂતો, ખાંડ મિલો, સરકાર અને ગ્રાહકોના હિત સાથે જોડાયેલો છે. તાજેતરમાં ખાંડના ભાવમાં થયેલો ઉછાળો બતાવે છે કે ખેતીની ઉપજનો એક જ કાચો માલ જ્યારે ખાદ્ય અને ઇંધણલબંને ક્ષેત્રમાં વપરાય ત્યારે નીતિમાં ખૂબ સાવધાની જરૂરી બની જાય છે.અહેવાલ મુજબ છેલ્લા ત્રણ મહિનામાં ખાંડના ભાવમાં આશરે ૪૦ ટકાનો વધારો થયો છે અને પ્રતિ કિલો ભાવમાં લગભગ રૂ. ૧૯ સુધીનો વધારો જોવા મળ્યો છે. ગોળના ભાવમાં લગભગ ૨૪ ટકા અને ચણામાં ૧૬ ટકા સુધીનો વધારો થયો છે. મકાઈના લોટના ભાવમાં પણ આશરે ૧૧ ટકા સુધીનો વધારો નોંધાયો છે. આ આંકડા દર્શાવે છે કે ખાદ્ય બજારમાં ભાવ વધારાની સ્થિતિ છે, પરંતુ ખાંડનો ઉછાળો ખાસ ધ્યાન ખેંચે છે કારણ કે તેનો સીધો સંબંધ ઘરગથ્થુ વપરાશ ઉપરાંત ખાદ્ય ઉદ્યોગોની મોટી શ્રેણી સાથે છે.ખાંડના ભાવ વધવાના અનેક કારણો હોઈ શકે છે. ઉત્પાદન, જથ્થો, હવામાન, નિકાસ, સ્થાનિક માંગ અને શેરડીના ઉપયોગની દિશાલ આ બધું બજારને અસર કરે છે. તેમાં ઇથેનોલ ઉત્પાદન એક નવું અને મહત્વપૂર્ણ પરિબળ બની ગયું છે. પેટ્રોલમાં ઇથેનોલનું મિશ્રણ વધારવા માટે શેરડી ઉપરાંત મકાઈ, તૂટેલા ચોખા અને અન્ય અનાજનો પણ ઉપયોગ થાય છે.



# ૧૯ - હરભાઈ: ભાવનગર યુનિવર્સિટીની ઉદ્ભવગાથા

**ભાવનગર ૩૦૦**
**- બળદેવસિંહ ગોહિલ**

શૈક્ષણિક ચિંતન અને ઉચ્ચ શિક્ષણની નૂતન ક્ષિતિજો આદરણીય કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદી નવી પેઢીના ચરિત્ર નિર્માણ અને સર્વાંગી ઉત્કર્ષ માટે સૌરાષ્ટ્રની પુણ્યભૂમિ પર, ખાસ કરીને ભાવનગરમાં, 'દક્ષિણામૂર્તિ' અને 'ઘરશાળા' જેવી વિદ્યાર્થી-કેન્દ્રીત જીવનદ્રષ્ટિ ધરાવતી એક વિશિષ્ટ યુનિવર્સિટીની સ્થાપના કરવા ઈચ્છતા હતા. જીવંત અધ્યયન અને સ્વાધ્યાય પ્રણાલીના પ્રખર હિમાયતી એવા હરભાઈના હૃદયમાં એ વાતની ગહન વેદના હતી કે, સમાજ અને શાસન દ્વારા માત્ર સરકારી કે પ્રણાલીગત પરીક્ષાઓને જ સર્વોપરી માન્યતા મળતી હોવાથી, વિદ્યાર્થીઓએ અંતે તો ચીલાચાલુ પરીક્ષાઓના ચોકઠામાં જ પુરાવવું પડતું હતું. તેમનું દ્રઢપણે માનવું હતું કે જ્યાં સુધી માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ વચ્ચે સુમેળભરી એકસૂત્રતા ન સધાય અને શાળાજીવન જેવો મુક્ત માહોલ ઉચ્ચ શિક્ષણના કેમ્પસમાં ન ભળે, ત્યાં સુધી કેળવણીનું સાચું અમૃત પ્રગટી શકે નહીં. આ જ વૈચારિક વિસંગતતાને કારણે તરુણાવસ્થામાં મૂંઝવણ, નિરાશા અને શૈક્ષણિક અપવ્યય ઉત્તરોત્તર વધતા જાય છે.

વૈચારિક જુગલબંધી અને વ્યવહારિક અભિગમ: આ શૈક્ષણિક દ્વિધાના કાયમી નિવારણ અર્થે હરભાઈ અને સમર્થ શિક્ષણ પ્રશાસક શ્રી ડોલરરાય માંકડે પરસ્પર વૈચારિક સમન્વય સાધીને એક આદર્શ યુનિવર્સિટીની વિસ્તૃત પ્રકલ્પના (બ્લુપ્રિન્ટ) તૈયાર કરી. હરભાઈ માત્ર કાલ્પનિક ચિંતક નહોતા, તેઓ આ શૈક્ષણિક વિચારોની પ્રયોગશાળા પોતાની સંસ્થાઓમાં પ્રાયોગિક ધોરણે ચલાવતા પણ હતા.

અનોખી અને આધુનિક વિચારધારા: તત્કાલીન સમયના રૂઢિચુસ્ત પરંપરાવાદી કે અતિ-સુધારાવાદી પ્રવાહોથી નોખા પડીને, તેઓ પૂજ્ય ગાંધીજીની 'નઈ તાલીમ'ને સુસંગત, છતાં આધુનિક વૈશ્વિક પ્રવાહોને ઝીલી શકે અને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવવંતું સ્થાન પામે તેવી સ્વાયત્ત વિદ્યાપીઠના આગ્રહી હતા.

લોકજાગૃતિ અને સૈદ્ધાંતિક પાયો: શાસન સમક્ષ સચોટ પ્રસ્તાવ મૂકવા અને જનમાનસને જાગૃત કરવા માટે તેમણે ઈ.સ. ૧૯૬૩માં 'સૌરાષ્ટ્ર યુનિવર્સિટી : એક નિવેદન' શીર્ષક હેઠળ એક પુસ્તિકા પ્રકાશિત કરી, જેમાં આ ભગીરથ કલ્પનાને સાકાર કરતા ૧૪ પાયાના સિદ્ધાંતો પ્રસ્તુત કર્યા હતા.

યુનિવર્સિટી શિક્ષણના પાયાના સિદ્ધાંતો:

૧. ગુણવત્તાસભર અને જીવંત શિક્ષણ: ગહન અને સ્વાનુભવી જ્ઞાન: શિક્ષણ કેવળ ઉપરછલ્લું કે ગોખણપટ્ટીવાળું ન હોતાં, ઊંડાણપૂર્વકના સંશોધન, સ્વાનુભવ અને મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓ પર આધારિત હોવું જોઈએ. તે માત્ર આજીવિકાનું સાધન ન બનતાં જીવનમાં 'સત્ય' અને વૈશ્વિક મૂલ્યોની પ્રતિષ્ઠા કરનારું હોવું જોઈએ. પરીક્ષા પદ્ધતિ ભયમુક્ત હોવી જોઈએ, જે વિદ્યાર્થીની કસોટી કરવાને બદલે શિક્ષણ અને પાઠ્યક્રમની ત્રુટિઓ સુધારી ઉત્કૃષ્ટતા તરફ દોરે.

૨. વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ અને સામાજિક અભિગમ: સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ: પાઠ્યક્રમ વિદ્યાર્થીના ભૌતિક શરીર, મન, બુદ્ધિ અને આત્માનો સંતુલિત (સર્વાંગી) વિકાસ સાધે તેવો હોવો અનિવાર્ય છે. શ્રમ, સેવા અને લોકશાહી: જ્ઞાનની સાથે સમાજસેવા, ઉત્પાદક શ્રમ અને જવાબદાર નાગરિક તરીકે લોકશાહી મૂલ્યોની સમજ આપવી જરૂરી છે, જેથી વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને સામાજિક સુમેળ સધાય.

૩. આદર્શ શૈક્ષણિક પર્યાવરણ (ત્રિવેણી સંગમ): ભયમુક્ત માહોલ: શિક્ષણ સંકુલોમાં ડર કે દબાણને સ્થાને પ્રેમ, નિર્ભયતા અને પરસ્પર પવિત્ર વિશ્વાસનું વાતાવરણ હોવું જોઈએ. સહભાગીદારી: શિક્ષણની સાચી સફળતા શિક્ષક, વિદ્યાર્થી અને વાલી વચ્ચેના હાર્દિક અને જીવંત તાદાત્મ્ય પર નિર્ભર છે.

૪. નૈતિક નેતૃત્વ, એકસૂત્રતા અને સ્વાયત્તતા: મૂલ્યનિષ્ઠ શિક્ષકો: કેળવણીકારો પોતાના અંગત જીવનમાં સત્ય, અહિંસા અને પ્રમાણિકતા જેવા આદર્શો ધરાવતા હોવા જોઈએ. સ્વાયત્ત સંચાલન: પ્રાથમિકથી લઈ ઉચ્ચ શિક્ષણ સુધીની નીતિઓનું સુકાન સક્ષમ શિક્ષણવિદોના એક જ મંડળ હસ્તક હોવું જોઈએ. શૈક્ષણિક વ્યવસ્થાને સરકારનો આર્થિક સહયોગ મળે, પરંતુ નિર્ણયો માત્ર અને માત્ર તટસ્થ શિક્ષણવિદોની મતિ અનુસાર જ લેવાય તે જરૂરી છે. આ સિદ્ધાંતો એક એવી આદર્શ કેળવણીની વકાલત કરે છે જે વ્યવહારુ, ભયમુક્ત, મૂલ્યનિષ્ઠ અને સરકારી દખલગીરીથી મુક્ત (સ્વાયત્ત) હોય, જે માનવીના આંતરિક અને બાહ્ય જીવનનો સંતુલિત વિકાસ કરી શકે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો સ્થાપના વિવાદ અને સમાધાન

મુખ્ય મથકનો સંઘર્ષ: ઈ.સ. ૧૯૬૪માં શ્રી લાલભાઈ દેસાઈ સમિતિએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મુખ્ય મથક તરીકે ભાવનગરની સ્પષ્ટ ભલામણ કરી હતી. પરંતુ, ૧૯૬૭માં યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી ત્યારે રાજકીય દબાણો હેઠળ મુખ્ય મથક રાજકોટ જાહેર કરાતા ભાવનગરમાં પ્રચંડ જનઆંદોલન ફાટી નીકળ્યું.

મધ્યસ્થી ફોર્મ્યુલા: સ્થિતિ થાળે પાડવા તત્કાલીન મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈએ ભાવનગરને સમકક્ષ સંયુક્ત મથકનો દરજ્જો આપ્યો અને ત્યાં પ્રો-વાઈસ ચાન્સેલરની કચેરી સહિત મહત્વની વિદ્યાશાખાઓનું સંચાલન સોંપ્યું.

હરભાઈ ત્રિવેદીની આદર્શ કાર્યશૈલી: ઈ.સ. ૧૯૬૮થી ૧૯૭૧ દરમિયાન ભાવનગર કેમ્પસના પ્રથમ પ્રો-વાઈસ ચાન્સેલર તરીકે શ્રી હરભાઈ ત્રિવેદીએ અનન્ય વહીવટી મિસાલ કાયમ કરી:

માનવીય અભિગમ: જડ નોકરશાહી ફગાવીને તેઓ કર્મચારીઓના ટેબલ સુધી સ્વયં જતા અને વિદ્યાર્થીઓ સાથે 'સન્મિત્ર' જેવો વ્યવહાર રાખતા.

શૈક્ષણિક સુધારા: તેમણે છાત્રાલયોના ગૃહપતિઓ માટે તાલીમ, કૉલેજોમાં 'સમૂહ પ્રાર્થના' અને પરીક્ષાઓમાં ચોરી સામે કડક વલણ અપનાવ્યું. વહીવટમાં કઠોરતાને બદલે સ્નેહ અને સમજાવટને પ્રાધાન્ય આપ્યું.

ભાવનગર યુનિવર્સિટીનું સ્વપ્ન અને પરમ ત્યાગ

સ્વપ્નસિદ્ધિ: હરભાઈની અવિરત ઝુંબેશના પરિણામે ૧૪ એપ્રિલ, ૧૯૭૮ના રોજ 'ભાવનગર યુનિવર્સિટી એક્ટ' પસાર થયો અને ભાવનગરને સ્વાયત્ત યુનિવર્સિટીનો દરજ્જો મળ્યો.

પદ પ્રત્યે અનાસક્તિ: સમગ્ર શૈક્ષણિક જગત હરભાઈને જ પ્રથમ વાઈસ ચાન્સેલર (કુલપતિ) તરીકે જોવા ઈચ્છતું હતું. પરંતુ, અપ્રતિમ અનાસક્તિ અને સંન્યાસવૃત્તિનો પરિચય આપતા તેમણે આ પદનો સ્વેચ્છાએ અસ્વીકાર કર્યો. તેમણે જણાવ્યું કે, પોતાનું સોનેરી સ્વપ્ન સાકાર થતું દૂર રહીને નિહાળવામાં જ તેમના આત્માનો સાચો આનંદ છે.

નવીન નેતૃત્વ: તેમના આ મહાન ત્યાગ બાદ, પ્રો. આર. એસ. ત્રિવેદીએ ભાવનગર યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સેલર તરીકે કાર્યભાર સંભાળ્યો.

પદમુક્તિ પશ્ચાત પણ અવિરત વાત્સલ્ય અને મમત્વ: કોઈપણ સત્તાવાર પદ પર ન હોવા છતાં, હરભાઈનું નવજાત યુનિવર્સિટી પ્રત્યેનું વાત્સલ્ય અને મમત્વ સહેજ પણ ઓછું ન થયું. જ્યારે સરકારી કોલેજોના અધ્યાપકોએ નવી સ્થાપિત યુનિવર્સિટીના માળખામાં જોડાવા અંગે અસમંજસ અને અનિચ્છા દર્શાવી, ત્યારે હરભાઈએ પોતાની અદભુત મનોવૈજ્ઞાનિક સૂઝ અને સમજાવટથી આ વહીવટી ગૂંચને ખૂબ સહજતાથી ઉકેલી આપી. તેવી જ રીતે, સેવકગણ (પટાવાળાઓ)ની હડતાળ સમયે પણ તેમનો સંવેદનશીલ માનવીય અભિગમ જ તારણહાર સાબિત થયો હતો.

યુનિવર્સિટીના દીર્ઘકાલીન વિકાસ અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેમણે શાસન સ્તરે સબળ રજૂઆત કરી ૪૦૦ એકર જેટલી વિશાળ જમીન અનામત કરાવી આપી, તેમજ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) તરફથી મહત્તમ નાણાકીય અનુદાન (ગ્રાન્ટ) મેળવવામાં પૃષ્ઠભૂમિમાં રહીને ભગીરથ ભૂમિકા ભજવી. તેમના જ અવિરત પુરુષાર્થને પરિણામે પ્રારંભિક તબક્કે જ મહિલાઓ માટે વિશેષ પોસ્ટગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટ, ભાષાભવન અને રસાયણશાસ્ત્ર ભવન (કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ) જેવા ગૌરવપ્રદ શૈક્ષણિક વિભાગો કાર્યરત થઈ શક્યા.

આમ, એક નિઃસ્પૃહ અને ઋષિતુલ્ય કેળવણીકારના પવિત્ર ત્યાગ, દીર્ઘદ્રષ્ટિ અને અવિરત પુરુષાર્થની સદભાવનાભરી સુવાસ આજે પણ ભાવનગરના જ નહીં, બલ્કે સમગ્ર ગુજરાતના શૈક્ષણિક જગતમાં આદરપૂર્વક મહેકી રહી છે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ આખો અઠવાડિયો તમારું સ્વાસ્થ્ય સામાન્ય રીતે ખૂબ જ સારું રહેશે. પ્રબળ ગ્રહોની શુભ દ્રષ્ટિ તમારા સ્વાસ્થ્યને મજબૂત બનાવશે અને સાથે જ જૂની બીમારીઓમાંથી પણ મુક્તિ અપાવશે. જેના કારણે આ અઠવાડિયે તમારું મન ખૂબ જ આનંદિત અને ઉત્સાહિત રહેશે. ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ (ગુરુ) ચોથા ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયે તમારા નાના ભાઈ-બહેન તમારી પાસે આર્થિક મદદ કે ઉધાર પૈસા માંગી શકે છે. તમે તેમને આર્થિક મદદ તો કરી દેશો, પરંતુ તેના કારણે તમે પોતે આર્થિક સંકટમાં મુકાઈ શકો છો. જેના પરિણામે આગામી સમયમાં તમારે કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. તમારું ઉર્જાવાન, જીવંત અને પ્રેમાળ વર્તન તમારી આસપાસના લોકોને, ખાસ કરીને તમારા પરિવારના સભ્યોને ખુશી આપશે. જેના કારણે તમને તમારા માતા-પિતા તરફથી ઘણો પ્રેમ અને સ્નેહ મળશે. વ્યવસાયિક દ્રષ્ટિએ આ અઠવાડિયું તમારા માટે ખૂબ જ સારું રહેશે અને સાચી દિશામાં આગળ વધશે. આ રાશિના વેપારીઓ જ્યાં મધ્યમથી સારા પરિણામોથી સંતુષ્ટ રહેશે, ત્યાં નોકરીયાત લોકોને આ સમયે કોઈ મોટી મલ્ટીનેશનલ કંપની (MNC) માં કામ કરવાની તક મળી શકે છે.

**વૃષભ - (બ, વ, ઉ)** ચંદ્ર રાશિ પ્રમાણે શનિ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે તમારું રાશિફળ સંકેત આપે છે કે, ચરબીયુક્ત ખોરાક ટાળવો અને સંતુલિત દિનચર્યાનું પાલન કરવું આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્ય પર સકારાત્મક અસર કરશે. આ તમારા વજન અથવા સ્થૂળતાને ઘટાડવામાં પણ મદદ કરશે. ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ દસમા ભાવમાં હોવાને કારણે, આ રાશિના લગભગ તમામ જાતકો સારી રીતે જાણે છે કે જ્યારે પણ તેઓ સખત મહેનત કરે છે અને સાચી દિશામાં પ્રયાસ કરે છે, ત્યારે તેમને સારો આર્થિક લાભ થાય છે. આ અઠવાડિયે પણ તમારે તમારા વિચારોમાં સકારાત્મકતા લાવવાની અને તે મુજબ પ્રયત્નો કરવાની જરૂર છે. તો જ તમે સાચી તકનો લાભ ઉઠાવીને પૈસા કમાઈ શકશો. પરિવારનો કોઈ એવો સભ્ય, જેને તમે પહેલા વિશ્વાસ કરીને તમારી કોઈ ગુપ્ત વાત કહી હતી, તે આ અઠવાડિયે તમારી સાથે વિશ્વાસઘાત કરીને અન્યો સામે તમારી પોલ ખોલી શકે છે. તેથી આવી પરિસ્થિતિથી બચવા માટે તમારા માટે સારું રહેશે કે તમે જાતે જ તે ગુપ્ત બાબત પરિવારના અન્ય સભ્યોને જણાવી દો. કાર્યક્ષેત્રમાં અચાનક તમને કેટલીક મહત્વપૂર્ણ ભૂમિકાઓ અને જવાબદારીઓ સંભાળવા માટે કહેવામાં આવી શકે છે, જે સંબંધિત નિર્ણય લેવામાં આ અઠવાડિયે તમે સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ શકો છો. આવી સ્થિતિમાં ભાવનાઓમાં વહીને એવો કોઈ નિર્ણય ન લો, જેનું નકારાત્મક પરિણામ તમારે ભવિષ્યમાં ભોગવવું પડે. આ અઠવાડિયે ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે વિદેશ યાત્રાની પ્રબળ સંભાવનાઓ છે.

**મિથુન - (ક, છ, ઘ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે શનિ દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારે શારીરિક અને માનસિક તણાવનો સામનો કરવો પડી શકે છે, જેના માટે તમારે થોડો ધનખર્ચ પણ કરવો પડશે. વળી, પૈસાની તંગીના કારણે તમારે કોઈની પાસે ઉધાર પણ માંગવું પડી શકે છે. આ અઠવાડિયે તમને અચાનક નવા સ્ત્રોતોથી ધન મળશે, જે તમારા મનને ખુશ કરી દેશે. આનાથી તમારા મનમાં સકારાત્મકતા તો વધશે જ, સાથે જ તમે ઘરના બાળકો માટે ઘરે પાછા ફરતી વખતે કોઈ ભેટ લઈ જવાની યોજના પણ બનાવી શકો છો. પરિવારની દ્રષ્ટિએ આ અઠવાડિયું ખુશીઓથી ભરેલું રહેશે. કારણ કે તમારા ઘરના ઘણા સભ્યો તમને ખુશ કરવાનો પ્રયાસ કરશે. તેમના આ પ્રયાસો જોઈને તમે પોતે પણ ઘરના વાતાવરણને અનુકૂળ બનાવવાનો પ્રયાસ કરશો. ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ બીજા ભાવમાં હોવાને કારણે, આપણે ઘણીવાર આપણી મહેનત કરતાં ભાગ્ય પર વધુ નિર્ભર થઈ જઈએ છીએ અને વસ્તુઓ આપમેળે થવાની રાહ જોઈએ છીએ. પરંતુ આ અઠવાડિયે તમારે આવું કરવાથી કે વિચારવાથી બચવું પડશે. તેથી કરિયરમાં પ્રગતિ જોઈતી હોય તો ભાગ્યના ભરોસે બેસી ન રહેતા બહાર નીકળો અને નવી તકો શોધો.

**કર્ક - (ડ, હ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, જો કોઈ કોર્ટ કેસ ચાલી રહ્યો હોય, તો તેના પરિણામ વિશે વિચારીને તમે તમારી જાતને અસ્વસ્થ કરી શકો છો. જેના કારણે ઘરનું વાતાવરણ પણ અશાંત દેખાશે. જો કે, જો નાણાં કે જમીન સંબંધિત કોઈ કેસ કોર્ટમાં પડતર હોય, તો આ અઠવાડિયે તેનો ચુકાદો તમારી તરફેણમાં આવવાની સંભાવના છે. આનાથી તમને માત્ર ધન જ નહીં મળે, પરંતુ તમારી ખરાબ આર્થિક સ્થિતિ પણ ઘણી હદ સુધી પાટા પર આવી જશે. આ અઠવાડિયે તમારા પરિવારમાં ઉત્સવ જેવો માહોલ રહેશે અને તમામ સભ્યો ખુશ દેખાશે. પરિવારના લોકોની ખુશી જોઈને તમારા ચહેરા પર પણ સ્મિત આવશે અને તમે પારિવારિક સુખ મેળવવામાં સફળ રહેશો. ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ પ્રથમ ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયે મળેલા લાભને વધુ મજબૂત કરવા અને કંઈક નવું શરૂ કરવા માટે તમે આગામી સમયનો એક મજબૂત પાયો અને વ્યૂહરચના બનાવીને સાચો નિર્ણય લેશો. આ માટે તમે તમારા ઉચ્ચ અધિકારીઓ અને નિષ્ણાતોની મદદ લઈ શકો છો.

**સિંહ - (મ, ટ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ પ્રથમ ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમે માનસિક અને શારીરિક રીતે થાક અનુભવી શકો છો. આવી સ્થિતિમાં થોડો આરામ કરો અને પૌષ્ટિક ખોરાક ખાઈને તમારા ઉર્જા સ્તરને સુધારો. કારણ કે આવું કરવું તમારા સ્વાસ્થ્ય માટે વિશેષ રૂપે ફાયદાકારક સાબિત થશે.ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ સાતમા ભાવમાં હોવાને કારણે, જો તમે આ અઠવાડિયે તમારા મિત્રો અથવા પરિવાર સાથે ક્યાંક ફરવા જઈ રહ્યા હોવ, તો તમને વિચારીને પૈસા ખર્ચ કરવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે એવા યોગ છે કે તમે શરૂઆતમાં જ ઘણા પૈસા ખર્ચ કરી શકો છો, જેના કારણે પાછળથી તમારે આર્થિક સંકટમાંથી પસાર થવું પડી શકે છે. તમારા બાળકના એવોર્ડ ફંક્શનનું આમંત્રણ તમારા અને તમારા પરિવાર માટે અત્યંત આનંદની ક્ષણ લાવશે. તે તમારી અપેક્ષાઓ પર ખરો ઉતરશે અને તમે તેના દ્વારા તમારા સપના પૂરા થતા જોશો, જેના કારણે તમારી આંખોમાં ખુશીના આંસુ સ્પષ્ટ દેખાશે. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ આઠમા ભાવમાં હોવાને કારણે, આ આખા અઠવાડિયે તમે કાર્યક્ષેત્રમાં અત્યંત જવાબદાર, ફોકસ્ડ અને વ્યવસ્થિત રીતે દરેક કામ કરશો.

**કન્યા - (પ, ઠ, ણ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાને કારણે, તમે હંમેશા તમારી સુખ-સુવિધાઓ પૂરી કરવા માટે તમામ પ્રયાસો કરો છો અને આ અઠવાડિયે તમારું આ વલણ સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે. કારણ કે આ સમયે તમારું બેદરકાર વર્તન સ્વાસ્થ્ય માટે સમસ્યાઓ તો ઊભી કરશે જ, સાથે જ તમારા અંગત જીવનને પણ કષ્ટદાયક બનાવી શકે છે. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ સાતમા ભાવમાં હોવાને કારણે, જો તમે બુદ્ધિમત્તાથી કામ કરશો તો આ અઠવાડિયે વધારાની કમાણી કરી શકો છો. જો કે આ માટે તમારે યોગ્ય વ્યૂહરચના બનાવવી પડશે અને તે મુજબ કામ કરવું પડશે. જો કોઈ સરકારી કાનૂની પ્રક્રિયાને કારણે ઘરના પૈસા ક્યાંક અટકેલા હોય, તો આ અઠવાડિયે તે મળવાની પ્રબળ સંભાવના છે. પરંતુ આ માટે તમારે પરિવાર સાથે ચર્ચા કરીને યોગ્ય પગલાં લેવા પડશે. આ બાબતે ઘરના વડીલોની સલાહ ચોક્કસ ધ્યાનમાં રાખો. તમારી રાશિમાં એકથી વધુ શુભ ગ્રહોની હાજરી તમારા શત્રુઓ માટે સારી નથી. કારણ કે આ સમયે તેઓ સક્રિય હોવા છતાં, તમે તેમને દરેક પગલા પર પરાજિત કરીને તમારા મિત્ર બનાવવામાં સફળ રહેશો.

**તુલા - (ર, ત) :-** ચંદ્ર રાશિ પ્રમાણે શનિ છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમે શારીરિક અને માનસિક રીતે ખૂબ જ સારું અનુભવશો. તેમ છતાં, માનસિક તણાવને તમારા પર હાવી થવા ન દો. કારણ કે આવું કરવું કોઈ શારીરિક સમસ્યાને જન્મ આપી શકે છે. યાદ રાખો કે તમે એક શિસ્તબદ્ધ વ્યક્તિ છો, તેથી સ્વાસ્થ્યની બાબતમાં પણ શિસ્ત જાળવો અને સ્વસ્થ રહો. આ અઠવાડિયે આર્થિક તંગીના કારણે તમારું કોઈ મહત્વપૂર્ણ કામ અધવચ્ચે જ અટકી શકે છે. જેના કારણે તમારું મોટું નુકસાન થવાની સંભાવના છે. આવી સ્થિતિમાં જો શક્ય હોય તો, કોઈ બેંક અથવા કોઈ નજીકના વ્યક્તિ પાસેથી આર્થિક સહયોગ લઈને તમારું અધૂરું કામ પૂરું કરો. તમારા નવા પ્રોજેક્ટ્સ માટે તમારા માતા-પિતાને વિશ્વાસમાં લેવાનો આ યોગ્ય સમય છે. આ માટે તમારે શરૂઆતમાં જ તમારી દરેક યોજના વિશે માતા-પિતાને બધું જ જણાવવું પડશે અને તે અંગે તેમનો અભિપ્રાય જાણવો પડશે. આ અઠવાડિયું તમારા કરિયરમાં પ્રગતિ લાવશે, પરંતુ તમને સલાહ આપવામાં આવે છે કે આ સમયે તમે જે પણ કામ કરો, તેને સારી રીતે જોઈ અને સમજી લો. આ સિવાય ઉચ્ચ અધિકારીઓ અને સિનિયરો સાથે વાત કરવી હોય તો જાતે જ કરો, અન્ય કોઈના માધ્યમથી નહીં. કારણ કે તો જ તમે તમારું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપવામાં સફળ રહેશો.

**વૃશ્ચિક - (ન, ય) :-** ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયાની શરૂઆત તમારા માટે બહુ ઉર્જાવાન નહીં હોય અને તમે નાની-નાની બાબતોમાં ચીડચીડા થઈ શકો છો. આવી સ્થિતિમાં તમારે તમારી જાતને થોડી શાંત રાખવી પડશે, અન્યથા તમારો આ ચીડચીડો સ્વભાવ તમારું સ્વાસ્થ્ય બગાડી શકે છે. ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ ચોથા ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયે તમને આર્થિક લાભ થશે, પરંતુ જેટલી ઝડપથી તમારી પાસે પૈસા આવશે, તેટલી જ ઝડપથી તમે તેને ખર્ચ કરવા માટે ઉત્સુક દેખાશો. આવી સ્થિતિમાં ભવિષ્યમાં આવનારા તમામ જોખમો પ્રત્યે સાવધાની રાખીને તમારે તમારા પૈસા બચાવવા તરફ પ્રયાસો કરવા પડશે. આ અઠવાડિયે તમારું જ્ઞાન તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. ખાસ કરીને આ અઠવાડિયે તમે તમારા સારા સ્વભાવના કારણે તમારા ઘરની નજીકના કોઈ વિરોધી લિંગના વ્યક્તિને તમારા તરફ આકર્ષિત કરવામાં સફળ રહેશો. ઓફિસમાં જેની સાથે તમારી અવારનવાર દલીલો થતી હોય અથવા ઓછું બનતું હોય, તેની સાથે આ અઠવાડિયે સારી વાતચીત થવાના યોગ છે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** રમતગમતમાં ભાગ લેવો આ અઠવાડિયે તમારા માટે સૌથી વધુ જરૂરી છે. કારણ કે તમે પણ સમજો છો કે સારું સ્વાસ્થ્ય જ એક સુંદર અને સફળ જીવનનું રહસ્ય છે. તેથી આ વાત યાદ રાખો અને તમારી જાતને સ્વસ્થ રાખવાનો પ્રયાસ કરો. આ અઠવાડિયા દરમિયાન આર્થિક નિર્ણયો લેવામાં તમને પહેલા જે સમસ્યા થઈ રહી હતી, તે આ સમયે સંપૂર્ણપણે દૂર થવાની સંભાવના છે. ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ ત્રીજા ભાવમાં હોવાને કારણે તમે રોકાણ સંબંધિત કોઈપણ નિર્ણય લેવા સક્ષમ બનશો અને આનાથી તમને ધનલાભ પણ થઈ શકે છે. ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ નવમા ભાવમાં હોવાને કારણે તમારો રમુજી સ્વભાવ સામાજિક મેળાવડાઓમાં તમારી લોકપ્રિયતા વધારશે. આનાથી સમાજમાં તમારું માન-સન્માન વધવાની સાથે તમે ઘણી પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું ધ્યાન તમારા તરફ આકર્ષિત કરવામાં સફળ રહેશો. આ અઠવાડિયે તમારે કોઈની સાથે નવો પ્રોજેક્ટ કે પાર્ટનરશિપનો બિઝનેસ શરૂ કરવાથી બચવું પડશે. કારણ કે એવા યોગ છે કે આ સમયે તમે લાંબા ગાળાનો વિચાર કર્યા વિના એવો કોઈ નિર્ણય લઈ શકો છો, જેના કારણે તમારે ભવિષ્યમાં નુકસાન સહન કરવું પડી શકે છે. આ અઠવાડિયે ઘણા વિદ્યાર્થીઓને તેમની પસંદગીની કોલેજ કે કોર્સમાં એડમિશન મળવાની સંભાવના દેખાઈ રહી છે.

**મકર - (ખ, જ) :-** આ અઠવાડિયે તમને સલાહ આપવામાં આવે છે કે, કામની સાથે તમારા સ્વાસ્થ્યને સુધારવા માટે પણ થોડો સમય ચોક્કસ કાઢો. કારણ કે આ સમય તમારા સ્વાસ્થ્ય માટે સારો દેખાઈ રહ્યો છે. ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ આઠમા ભાવમાં હોવાને કારણે આ અઠવાડિયાના મધ્યમાં તમારા પર કામનું દબાણ વધી શકે છે. પરંતુ તમે કાર્યક્ષેત્રના આ દબાણને તમારા મન પર હાવી થવા ન દો. ધન સંબંધિત કોઈપણ પ્રકારનું જોખમ લેવાથી આ રાશિના જાતકોએ આ અઠવાડિયે બચવું જોઈએ. જો કે આ સમયે તમને વિવિધ જગ્યાઓ પરથી અચાનક ધનલાભ થવાના યોગ છે, પરંતુ આ સમયે ધનનો ઉપયોગ કરતા પહેલા તમારે તમારી જાતને તમામ પરિસ્થિતિઓ માટે સારી રીતે તૈયાર કરવી પડશે. ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ સાતમા ભાવમાં હોવાને કારણે આ અઠવાડિયે પરિવારમાં તાલમેલ જાળવી રાખવામાં તમારા જીવનસાથી તમને મદદ કરશે અને તેઓ આમાં તમારા માટે સૌથી મોટા મદદગાર સાબિત થશે. એવા યોગ પણ છે કે તમને તમારા સંબંધીઓ અને મિત્રો તરફથી અચાનક કોઈ સારી ભેટ મળી શકે છે. જો તમે પાર્ટનરશિપમાં બિઝનેસ કરો છો, તો આ અઠવાડિયે તમને લાગી શકે છે કે તમારા પાર્ટનર તેમનું વચન પાળી રહ્યા નથી. જેના કારણે તમારા મનમાં થોડી નિરાશા પેદા થઈ શકે છે. આવી સ્થિતિમાં તમારા માટે સારું રહેશે કે તેમની સાથે બેસીને ચર્ચા દ્વારા દરેક બાબત ઉકેલવાનો પ્રયાસ કરો. તો જ તમે પરિસ્થિતિમાં સુધારો કરી શકશો.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-** આ અઠવાડિયે મીઠી વસ્તુઓ ખાવાની ઈચ્છા તમારા મનમાં જાગી શકે છે, જેને તમે પૂરી પણ કરશો. પરંતુ આ સમયે તમારે ભૂલવું ન જોઈએ કે તમારી આ ઈચ્છા જ તમને લાંબા ગાળે ડાયાબિટીસ અથવા વજન વધવાની સમસ્યા આપી શકે છે. ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ સાતમા ભાવમાં હોવાને કારણે આ અઠવાડિયે તમે ઘરની સજાવટ કે સમારકામ માટે ઘણો ધનખર્ચ કરી નાખશો. આનો અંદાજ તમને શરૂઆતમાં નહીં મળે, પરંતુ આ ખર્ચ આગામી સમયમાં તમારા આર્થિક સંકટનું મુખ્ય કારણ બની જશે. સાપ્તાહિક રાશિફળ મુજબ, આ અઠવાડિયે તમારા પારિવારિક જીવનમાં અપાર સુખ મળવાના યોગ છે. આ સમયે તમે પરિવારના સભ્યો વચ્ચેના અગાઉના તમામ પ્રકારના મતભેદો દૂર કરવામાં સફળ રહેશો. આનાથી તમારા માતા-પિતા તમારા માટે ગર્વ અનુભવશે. જોવામાં આવ્યું છે કે આપણે કરિયરમાં આગળ વધતી વખતે અહંકારના કારણે આપણી આસપાસના લોકો જેમ કે માતા-પિતા, ગુરુ અને મિત્રોને ભૂલી જઈએ છીએ. અને જ્યારે વિપરીત પરિસ્થિતિ આવે છે, ત્યારે આપણા મનમાં તેમની વાતો અને સહયોગની ઈચ્છા ફરી જાગવા લાગે છે. આ અઠવાડિયે તમારી સાથે પણ એવું જ થઈ શકે છે, જ્યારે તમારો અહંકાર તમને અન્યોથી દૂર કરી દેશે. આ અઠવાડિયે ઘણા વિદ્યાર્થીઓ પોતાના કરિયરની પસંદગી બાબતે થોડી મૂંઝવણ અનુભવી શકે છે.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, ગયા અઠવાડિયે તમારે સારા સ્વાસ્થ્ય માટે જેટલી મહેનત કરવી પડી રહી હતી, આ અઠવાડિયે તેનાથી ઓછા પ્રયત્નોમાં જ તમે સ્વસ્થ જીવન મેળવી શકશો. કારણ કે આ સમયે સ્વાસ્થ્યના દૃષ્ટિકોણથી તમને ભાગ્યનો ભરપૂર સાથ મળશે. આ અઠવાડિયે વેપારી જાતકોએ ધ્યાન રાખવું પડશે કે, જેઓ તમારી પાસે ઉધાર માંગવા આવી રહ્યા છે, તેમને ટાળવા જ યોગ્ય છે. કારણ કે જો તમે ઉધાર આપતા જ રહેશો, તો થોડા જ દિવસોમાં તમારી પાસે પૈસાની તંગી સર્જાશે, જેના કારણે તમે ઘણી સારી તકોનો લાભ ઉઠાવવાથી વંચિત રહી શકો છો. ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ છઠ્ઠા ભાવમાં હોવાને કારણે, જો તમે લગ્ન યોગ્ય હોવ અને ક્યાંક તમારી વાત નક્કી થઈ ગઈ હોય, તો શક્ય છે કે કોઈ કારણસર તે સંબંધ તૂટી જાય અથવા તેમાં કોઈ સમસ્યા ઊભી થાય. આનાથી પરિવારમાં પણ ચિંતાનો માહોલ બનશે, જેની સૌથી વધુ અસર તમારા માનસિક તણાવમાં વધારો કરશે. વેપારીઓ આ અઠવાડિયે કરિયરમાં વિરોધીઓના કારણે થોડી મુશ્કેલીમાં મુકાઈ શકે છે. તમારી સમસ્યાઓનો ઉકેલ શોધવા માટે તમે કેટલાક અનુભવી વ્યક્તિઓ અથવા નિષ્ણાતોની સલાહ લઈ શકો છો. આ તમને વધુ સારું કરવામાં મદદ કરશે. આ અઠવાડિયે ઘણા વિદ્યાર્થીઓ કોઈ સોશિયલ મીડિયાના માધ્યમથી મોટી સફળતા મેળવી શકે છે.

# આર. પ્રજ્ઞાનંધાએ સેન્ટ લૂઈસમાં ગ્રાન્ડ ચેસ ટૂર ટાઈટલ જીતીને ઈતિહાસ રચ્યો

ચેન્નાઈ,
આર. પ્રજ્ઞાનંધાએ સેન્ટ લૂઈસમાં ગ્રાન્ડ ચેસ ટૂર ટાઈટલ જીતીને ઈતિહાસ રચ્યો. તે આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ જીતનાર પ્રથમ ભારતીય બન્યો. તેણે ફાઈનલ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું, ફેબિયાનો કારુઆનાને ૧૫-૧૩ થી હરાવ્યો. ચેન્નાઈના યુવા ગ્રાન્ડમાસ્ટરે છ પોઈન્ટથી પાછળ રહેવા છતાં હાર ન માની અને આખરે મેચને પલટવા માટે શાનદાર વાપસી કરી. આ ઐતિહાસિક જીત સાથે, તેણે પોતાની પહેલી ટ્રોફી અને આશરે ૨ કરોડ (આશરે ૨ કરોડ) ની ઈનામી રકમ મેળવી. તેણે તાજેતરમાં સેન્ટ લૂઈસ રેપિડ અને બ્લિટ્ઝ ટાઈટલ જીત્યું.




ટુર્નામેન્ટના અંતિમ દિવસની શરૂઆતમાં ફેબિયાનો કારુઆના ૬ પોઈન્ટથી આગળ હતા, જેના કારણે પ્રજ્ઞાનંધ માટે ખાધમાંથી બહાર આવવાનો મોટો પડકાર હતો. જોકે, ભારતીય ખેલાડીએ ઉત્તમ પ્રદર્શન દર્શાવ્યું, બંને રેપિડ મેચ જીતીને લીડ લીધી. ત્યારબાદ તેણે બ્લિટ્ઝ વિભાગમાં પણ આ લીડ જાળવી રાખી. બંને ખેલાડીઓ વચ્ચેનો બ્લિટ્ઝ મેચ ડ્રોમાં સમાપ્ત થયો, જેમાં પ્રજ્ઞાનંધાએ ૧૫-૧૩ ના સ્કોર સાથે આરામથી ટાઈટલ જીત્યું.પ્રજ્ઞાનંધ માટે પ્રથમ બ્લિટ્ઝ મેચ સારી રહી ન હતી. તેની પાસે જીતવાની સારી તક હતી, પરંતુ સમયના અભાવે ઉતાવળના કારણે તેણે ભૂલ કરી. આનાથી તેની સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ, પરંતુ કારુઆના તકનો લાભ લઈ શક્યો નહીં, અને મેચ આખરે ડ્રોમાં સમાપ્ત થઈ. કારુઆનાએ મેચની પ્રથમ ક્લાસિકલ ગેમમાં સંપૂર્ણ પ્રભુત્વ મેળવ્યું, ૬-૦થી જીત મેળવી. બુધવારે બીજી ક્લાસિકલ ગેમ ૩-૩થી ડ્રોમાં સમાપ્ત થઈ. આનાથી કારુઆના પ્રજ્ઞાનંધથી છ પોઈન્ટ આગળ થઈ ગયો, અંતિમ દિવસની રેપિડ અને બ્લિટ્ઝ મેચ પહેલા.

વેસ્લી સોએ સેન્ટ લૂઈસમાં ત્રીજા સ્થાનની મેચમાં વિન્સેન્ટ કીમરને હરાવીને ત્રીજું સ્થાન મેળવ્યું. બંને ખેલાડીઓએ રેપિડ મેચોમાં એક-એક મેચ જીતી, જેનાથી સ્પર્ધા ખૂબ જ રોમાંચક બની. જોકે, વેસ્લી સોએ પછી બ્લિટ્ઝ મેચોમાં એકતરફી પ્રદર્શન કર્યું, સતત ચારેય મેચ જીતી, મેચ પૂરી થાય તે પહેલાં જ પોતાનો વિજય મેળવ્યો. અંતે, વેસ્લી સોએ કીમરને ૧૮-૧૨ના કુલ સ્કોર સાથે હરાવીને ત્રીજું સ્થાન મેળવ્યું.

# જો રૂટે લોર્ડ્સ ટેસ્ટમાં સ્ટુઅર્ટ બ્રોડને પાછળ છોડી દીધો : રિકી પોન્ટિંગના રેકોર્ડની બરાબરી કરી

નવીદિલ્હી,
ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટન જો રૂટે લોર્ડ્સ ખાતે પાકિસ્તાન સામે ચાલી રહેલી બીજી ટેસ્ટ દરમિયાન મેદાનમાં ઉતરતાની સાથે જ એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો. તે વિશ્વના સૌથી વધુ ટેસ્ટ મેચ રમનારા ખેલાડીઓની યાદીમાં ટોચના પાંચમાં જોડાઈ ગયો છે, જ્યાં ભારતીય દિગ્ગજ સચિન તેંડુલકર ટોચ પર છે. આ રૂટની કારકિર્દીની ૧૬૮મી ટેસ્ટ મેચ છે. આ સાથે, તેણે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર સ્ટુઅર્ટ બ્રોડ (૧૬૭ મેચ) ને પાછળ છોડી દીધો. હવે, સૌથી વધુ ટેસ્ટ મેચ રમવાના મામલે ફક્ત જેમ્સ એન્ડરસન અને સચિન તેંડુલકર જ તેમનાથી આગળ છે.



ઈંગ્લેન્ડના જો રૂટે સૌથી વધુ ટેસ્ટ મેચ રમવાના મામલે ઓસ્ટ્રેલિયાના રિકી પોન્ટિંગ અને સ્ટીવ વોની બરાબરી કરી છે. તે હવે સંયુક્ત રીતે ત્રીજા ક્રમે છે. ત્રણેય ખેલાડીઓએ પોતાની કારકિર્દીમાં ૧૬૮ ટેસ્ટ મેચ રમી છે. જોકે, ટેસ્ટ રનના મામલે રૂટ બંનેથી ઘણા આગળ છે; જ્યારે રિકી પોન્ટિંગના ૧૩,૩૭૮ રન છે અને સ્ટીવ વોના ૧૦,૯૨૭ રન છે, રૂટે હવે ૧૪,૧૮૪ રન બનાવ્યા છે. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાના મામલે રૂટ સચિન તેંડુલકર પછી બીજા ક્રમે છે.આ મેચ સાથે, જો રૂટે ઈંગ્લેન્ડના સૌથી વધુ ટેસ્ટ કેપ્ટન તરીકે સ્ટુઅર્ટ બ્રોડને પાછળ છોડી દીધો.

# કિરોન પોલાર્ડ ફરી એકવાર ટી૨૦ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો

નવીદિલ્હી,
ટી ૨૦ ક્રિકેટની શરૂઆતથી, વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓએ રમત પર પ્રભુત્વ મેળવ્યું છે, અને વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ ખેલાડી કિરોન પોલાર્ડે ફરી એકવાર સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. થોડા દિવસો પહેલા પોલાર્ડને ઈંગ્લેન્ડના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન જોસ બટલરે પાછળ છોડી દીધો હતો, અને હવે તેણે નંબર-વન સ્થાન પાછું મેળવ્યું છે. પોલાર્ડ ટી૨૦ ક્રિકેટ રમવાનું ચાલુ રાખે છે અને કોચિંગની દુનિયામાં પણ પ્રવેશ કરી ચૂક્યો છે, જ્યાં તે હજુ પણ પોતાના બેટથી પ્રદર્શન કરવાની ક્ષમતા ધરાવે છે. કિરોન પોલાર્ડ હાલમાં ચાલુ કેરેબિયન પ્રીમિયર લીગ



સીઝનમાં ટ્રિનબાગો નાઈટ રાઈડર્સ માટે રમી રહ્યો છે, અને તેણે સેન્ટ લુસિયા કિંગ્સ સામે ૬૫ રનની ઈનિંગ રમીને બટલરને પાછળ છોડી દીધો.

કિરોન પોલાર્ડને સેન્ટ લુસિયા કિંગ્સ સામેની મેચમાં જોસ બટલરને પાછળ છોડી દેવા માટે ૩૫ રનની જરૂર હતી, અને તેના આક્રમક ૬૫ રન માત્ર ૨૬ બોલમાં આવ્યા. પોલાર્ડે અત્યાર સુધી તેની કારકિર્દીમાં કુલ ૭૪૯ ટી૨૦ મેચ રમી છે, જેમાં તેને ૬૬૬ ઈનિંગમાં બેટિંગ કરવાની તક મળી છે અને ૩૧.૮૧ ની સરેરાશથી ૧૪૯૨૧ રન બનાવવામાં સફળ રહ્યો છે. દરમિયાન, આ યાદીમાં ફરી એકવાર બીજા સ્થાને પહોંચેલા ઈંગ્લેન્ડના વિકેટકીપર-બેટ્સમેન જોસ બટલરે ૫૨૬ ટી ૨૦ મેચોની ૪૨૬ ઈનિંગ્સમાં બેટિંગ કરી છે અને ૩૫.૩૬ ની સરેરાશથી ૧૪૮૯૦ રન બનાવવામાં સફળ રહ્યા છે.

ટી ૨૦ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેન

કાયરોન પોલાર્ડ (વેસ્ટ ઈન્ડિઝ) - ૧૪,૯૨૧ રન

જોસ બટલર (ઇંગ્લેન્ડ) - ૧૪,૮૯૦ રન

ક્રિસ ગેલ (વેસ્ટ ઈન્ડિઝ) - ૧૪,૫૬૨ રન

એલેક્સ હેલ્સ (ઇંગ્લેન્ડ) - ૧૪,૪૮૯ રન

ડેવિડ વોર્નર (ઓસ્ટ્રેલિયા) - ૧૪,૨૮૪ રન

# અનુષ્કા શર્મા ઓસ્ટ્રેલિયા સામે રમાનારી ટી -૨૦ શ્રેણીમાં ભારતીય મહિલા-એ ટીમનું નેતૃત્વ કરશે

નવીદિલ્હી,
ભારતીય મહિલા છ ક્રિકેટ ટીમ સપ્ટેમ્બરમાં ઓસ્ટ્રેલિયા મહિલા એ ટીમ સામે ઘરેલુ મેદાન પર ત્રણેય ફોર્મેટમાં શ્રેણી રમશે, જેની શરૂઆત ત્રણ મેચની ટી ૨૦ શ્રેણીથી થશે. ત્યારબાદ બંને ટીમો વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણી રમાશે. ઓસ્ટ્રેલિયા છ મહિલા ટીમનો પ્રવાસ ૨૯ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી ધર્મશાલા સ્ટેડિયમ ખાતે ચાર દિવસીય બિનસત્તાવાર ટેસ્ટ મેચ સાથે સમાપ્ત થશે.બીસીસીઆઈએ આ ત્રણ શ્રેણી માટે ભારતીય મહિલા એ ટીમની જાહેરાત કરી છે, જેમાં યુવા અનુષ્કા શર્મા ટી ૨૦



શ્રેણીની કેપ્ટનશીપ કરશે. તે વન-ડે અને ચાર-દિવસીય શ્રેણીમાં ઉપ-કેપ્ટન તરીકે પણ સેવા આપશે.

ઓસ્ટ્રેલિયા એ મહિલા ટીમ સામેની ત્રણ શ્રેણી માટે બીસીસીઆઈની ભારત છ ટીમની વાત કરીએ તો, અનુષ્કા શર્મા ટી ૨૦ શ્રેણીમાં ટીમની કેપ્ટનશીપ કરશે, જેમાં સયાલી સતઘરે ઉપ-કેપ્ટન હશે. અનુષ્કાએ અગાઉ ભારતીય એ ટીમની કેપ્ટનશીપ કરી હતી, જેણે જૂનમાં ઈંગ્લેન્ડના પ્રવાસ પર ટી ૨૦ શ્રેણી ૨-૧થી જીતી હતી. ભૂતપૂર્વ ભારતીય અંડર-૧૯ કેપ્ટન નિકી પ્રસાદને ત્રણેય શ્રેણી માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે, જેમાં તાજેતરમાં તાજ પહેરાવવામાં આવેલી મહારાજા ટી ૨૦ ટ્રોફી વિજેતા હુબલી ટાઈગર્સનો પણ સમાવેશ થાય છે.સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડર અમનદીપ કૌરને ઓસ્ટ્રેલિયન મહિલા છ ટીમ સામેની શ્રેણીમાં પ્રથમ વખત ભારતીય મહિલા છ ટીમમાં સામેલ કરવામાં આવી છે, જ્યાં તે વન-ડે શ્રેણીનો ભાગ રહેશે. આ શ્રેણીમાં ૧૨, ૧૫ અને ૧૭ સપ્ટેમ્બરના રોજ ચંદીગઢ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ત્રણ ટી-૨૦ મેચ રમાશે, જ્યારે ૨૦, ૨૩ અને ૨૫ સપ્ટેમ્બરના રોજ મોહાલીના પીસીએ સ્ટેડિયમ ખાતે એક દિવસીય મેચ રમાશે.

# જમ્મુ-કાશ્મીરના પ્રથમ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં ૪૧ દેશોની ૧૩૫ ફિલ્મો દર્શાવાશે

જમ્મુ,
જમ્મુ અને કાશ્મીર ૭ થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન તેના પ્રથમ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનું આયોજન કરવા માટે તૈયાર છે. જમ્મુ અને કાશ્મીરનો ચાર દિવસીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ ૪૧ દેશોની ૧૩૫ ફિલ્મો પ્રદર્શિત કરશે, જે કેન્દ્રશાસિત પ્રદેશમાં સિનેમાની દુનિયા માટે એક મુખ્ય આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ બનાવશે.

મુખ્ય સચિવ અટલ દુલ્લુએ ગુરુવારે મહોત્સવની અંતિમ તૈયારીઓની સમીક્ષા કરી. તેમણે ફિલ્મ નિર્માતાઓ, કલાકારો, પ્રતિનિધિઓ અને પ્રેક્ષકો માટે એક સરળ અને યાદગાર અનુભવ સુનિશ્ચિત કરવા માટે તમામ સંબંધિત વિભાગો અને એજન્સીઓને સંકલનમાં કામ કરવા નિર્દેશ આપ્યો. બેઠકમાં ચાર દિવસીય મહોત્સવની મુખ્ય લાક્ષણિકતાઓની સમીક્ષા કરવામાં આવી, જેમાં ભાગીદારી, પ્રોગ્રામિંગ, સ્થળ વ્યવસ્થા, સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ, પ્રમોશનલ વ્યૂહરચનાઓ અને વિભાગીય જવાબદારીઓનો સમાવેશ થાય છે. આ મહોત્સવ જમ્મુ અને કાશ્મીર માટે એક અગ્રણી આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક અને સર્જનાત્મક પ્લેટફોર્મ તરીકે પોતાને સ્થાપિત કરવા માટે તૈયાર છે.મુખ્ય સચિવે મહોત્સવના સફળ સંચાલન માટે કરવામાં આવી રહેલી વ્યવસ્થાઓની સમીક્ષા કરી. તેમણે વિભાગીય અને જિલ્લા વહીવટીતંત્રને કાર્યક્રમના સુગમ, વ્યાવસાયિક અને દોષરહિત સંચાલન માટે સંપૂર્ણપણે તૈયાર રહેવા નિર્દેશ આપ્યો.ઉદઘાટન આવૃત્તિના મહત્વને ધ્યાનમાં રાખીને, મુખ્ય સચિવે દ્ગક્ષ્ઢઝ ને શક્ય તેટલા વધુ ફિલ્મ નિર્માતાઓ, કલાકારો અને ફિલ્મ ઉદ્યોગના અન્ય અગ્રણી વ્યક્તિઓને જમ્મુ અને કાશ્મીરમાં લાવવા હાકલ કરી. તેમણે જણાવ્યું કે આવા મોટા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમની સફળતા દરેકની જવાબદારી છે.

માહિતી અને જનસંપર્ક નિયામક શ્રેયા સિંઘલે મહોત્સવની તૈયારીઓ પર રજૂઆત કરી. તેમણે સમજાવ્યું કે ઉદઘાટન આવૃત્તિમાં ૪૧ દેશોની ૧૩૫ ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે.

# જીવનસાથીની મૂળ સંસ્કૃતિ માટે આદર રાખવો ખૂબ જ મહત્વપૂર્ણ : પ્રિયંકા ચોપરા

મુંબઇ,
પ્રિયંકા ચોપરા અને નિક જોનાસ ઘણીવાર એકબીજાના વખાણ કરે છે. તેઓ ક્યારેય એક ક્ષણ પણ કહ્યા વગર છોડતા નથી. તાજેતરમાં, પ્રિયંકા ચોપરાએ ખુલાસો કર્યો કે જો નિક તેની સંસ્કૃતિનો આદર ન કરે તો તે તેની સાથે જોડાઈ શકશે નહીં.

પ્રિયંકા ચોપરા અને નિક જોનાસ વિશ્વભરના વિવિધ જાતિઓ અને સંસ્કૃતિઓના યુગલો માટે પ્રેરણારૂપ રહ્યા છે. તેઓ ઘણીવાર શેર કરે છે કે તેમને એકબીજામાં તેમના સૌથી મોટા ચીયરલીડર્સ કેવી રીતે મળ્યા છે અને તેઓએ એકબીજાની સંસ્કૃતિઓને કેવી રીતે સ્વીકારી અને આદર આપ્યો છે.



પ્રિયંકા ચોપરાએ સમજાવ્યું કે તેમના સંબંધોના ભવિષ્ય માટે નિક દ્વારા તેની સંસ્કૃતિને અપનાવવી કેટલી મહત્વપૂર્ણ હતી. તેણીએ કહ્યું કે જો નિક તેની સંસ્કૃતિનો આદર ન કરે, તો તેઓ કદાચ સાથે ન હોત. જ્યારે પ્રિયંકાને નિકના ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ પ્રત્યેના આદર વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, "મને ખબર નથી કે જો તે ન કરે તો હું તેને પ્રેમ કરીશ કે નહીં. આ કોઈપણ બહુસાંસ્કૃતિક વાર્તા અથવા સંબંધનો એક મહત્વપૂર્ણ ભાગ છે. મને લાગે છે કે તમારા જીવનસાથીના મૂળ માટે આદર રાખવો ખૂબ જ મહત્વપૂર્ણ છે.અભિનેત્રીએ નિકને તેમના પ્રેમમાં જુસ્સાને જીવંત રાખવામાં મદદ કરવા બદલ પ્રશંસા પણ કરી. તેમણે કહ્યું, "તમારા જીવનસાથી પ્રત્યે દયાળુ બનો. આ ખૂબ જ મહત્વપૂર્ણ છે." પ્રિયંકાએ ન્યૂ યોર્કમાં દસ્તાવેજી "સાયકલ ઓફ લવ" ના પ્રીમિયરમાં હાજરી આપી હતી. તેણીએ દસ્તાવેજી માટે એક્ઝિક્યુટિવ નિર્માતા તરીકે સેવા આપી હતી. તે કે. મહાનંદિયા અને લોટ્ટા વોન શેડવિનની વાસ્તવિક જીવનની પ્રેમકથા પર આધારિત છે, જેમણે સાથે રહેવા માટે ઘણા દેશોની મુસાફરી કરી હતી.તાજેતરમાં, જ્યારે નિક જોનાસે તેનું નવું આલ્બમ, "સન્ડે બેસ્ટ" રિલીઝ કર્યું, ત્યારે પ્રિયંકા ચોપરાએ એક લાંબી અને ભાવનાત્મક નોંધ લખી. પ્રિયંકાએ નિક સાથે રહેવાને તેના જીવનનો શ્રેષ્ઠ નિર્ણય ગણાવ્યો.

તેણીએ લખ્યું, "મારી લાગણીઓ વ્યક્ત કરવા માટે શબ્દો ઓછા પડે છે, પણ હું પ્રયત્ન કરીશ. તું એક સ્વપ્ન જેવો છો... એવો જીવનસાથી શોધો જે ફક્ત તને પ્રેમ અને આદર જ નહીં આપે, પણ તને ખજાનાની જેમ સાચવે અને તેને વ્યક્ત કરવામાં ડરતો પણ ન હોય. હું ખૂબ આભારી છું કે ભાગ્ય મને તારી પાસે લાવ્યું. તું મારા જીવનનો શ્રેષ્ઠ નિર્ણય છે."

## શબ્દ શોધો


| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મો | ભો | ભો | ર | આ | શિ | રી | શિ | કા | ક | ણ | સ |
| ભો | ણ | જ્ઞા | બા | ણ | ળ | અં | ણ | ળ | તુ | ભા | ર |
| ન | ધ | ક | ણિ | ન | કા | ફ | ક | ધ | ઉ | લી | વા |
| સ | બિ | બા | ર | સા | ખ | ર | બા | હા | કા | હા | ળો |
| ઇ | રો | મા | મા | કા | કા | ધ | સ | ભા | જી | અ | ર |
| હા | ર | બં | ધ | પ્ર | ર | ળો | એ | રા | ળો | તુ | ગ |
| ણિ | વિ | ળ | શિ | મ | ક | ક | ગી | શિ | ક્ષ | ક | ર |
| ખ | ધ | જ્ઞા | ખ | ક | ગ | ધ | એ | ચા | સ | લ | મ |
| શિ | સા | કા | ન | બૂ | અ | ળ | લી | ઈ | ધ | ત | વિ |
| ડી | બં | લ | શિ | શિ | ક | ળ | દા | ધ | કા | ચા | ઈ |
| ક્ષ | ક | અ | સ | મા | ક્ષ | ઐ | ક | ણિ | ર | અ | ક |
| મ | કા | કા | કુ | ખ | ક | ણ | ક | ણા | જ્ઞા | ચા | જ |

શબ્દ શોધો

**મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ**

# અભિનેત્રી રાખી સાવંતે ઉમરાહ દરમિયાન જનરલ ઝેડ માટે નોકરી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી





મુંબઈ,
અભિનેત્રી રાખી સાવંત ઘણા સમયથી દેશના વિદ્યાર્થીઓ અને જનરલ ઝેડ સાથે ઉભી છે અને તેમના અધિકારો માટે અવાજ ઉઠાવી રહી છે. તે દરેક મુદ્દા પર મુક્તિ સાથે પોતાના મંતવ્યો વ્યક્ત કરે છે. તાજેતરમાં, તેણીએ ઉમરાહ માટે મક્કા અને મદીનાની મુલાકાત લીધી હતી અને આગામી પેઢી માટે આશીર્વાદ, સારા શિક્ષણ અને પુષ્કળ નોકરીઓ માટે પ્રાર્થના કરી હતી. રાખીએ કુણાલ ચાંદગુડે કેસનો પણ ઉલ્લેખ કર્યો હતો અને યુવા પેઢીને તેમના માતાપિતાને હેરાન ન કરવા, પરંતુ પોતાની કમાણીનો ઉપયોગ પોતાની અને પોતાના પરિવારની સેવા માટે કરવા વિનંતી કરી હતી.રાખી સાવંતે મંત્રીઓ અને સરકારને પણ પ્રામાણિકપણે કામ કરવાની અપીલ કરી હતી. તેણીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર મક્કા અને મદીનાથી ઉમરાહ કરતો એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયો પર અસંખ્ય ટિપ્પણીઓ આવી છે અને તે ચર્ચાનો વિષય બની રહ્યો છે. રાખી સાવંતે વીડિયોમાં કહ્યું, "હે ભગવાન, અમારા ભગવાન. મારા દેશને બચાવો, હે ભગવાન, મારા દેશને બચાવો." મારા દેશને ખોટા લોકોથી બચાવો. મારા દેશનું શિક્ષણ બચાવો, મારા દેશના જનરલ-ઝેડને બચાવો. તેમને પુષ્કળ નોકરીઓ આપો. મારા જનરલ-ઝેડને સારું શિક્ષણ આપો. હે ભગવાન, હું પ્રાર્થના કરું છું કે આ બધા મંત્રીઓ અને મંત્રીઓ પ્રામાણિકતાથી કાર્ય કરે. જનરલ-ઝેડને ઘણા આશીર્વાદ આપો, કોઈ તેમનું અપમાન ન કરે. કોઈ તેમનું અપમાન ન કરે.

# વિજય દેવેરાકોંડા અને રશ્મિકા મંદાનાની ફિલ્મ રાણાબલીની રિલીઝ તારીખ બદલાઈ

હૈદરાબાદ,
દક્ષિણ સિનેમાના પ્રખ્યાત યુગલ વિજય દેવેરાકોંડા અને રશ્મિકા મંડન્નાની આગામી બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રાણાબલી'ને નવી રિલીઝ તારીખ મળી ગઈ છે. ફિલ્મના નિર્માતાઓએ સત્તાવાર રીતે નવા થિયેટર રિલીઝ શેડ્યૂલની જાહેરાત કરી છે. આ નવી રિલીઝ તારીખ સાથે, એ વાતની પુષ્ટિ થઈ ગઈ છે કે આ ઐતિહાસિક ડ્રામા ફિલ્મ યામી ગૌતમની "નયી નવેલી" સાથે બોક્સ ઓફિસ પર સીધી સ્પર્ધાનો સામનો કરશે. રાહુલ સાંકૃત્યાયન દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદન્નાના લગ્ન પછીના પ્રથમ સહયોગને ચિહ્નિત કરે છે. આ જોડીએ અગાઉ ઘણી બ્લોકબસ્ટર ફિલ્મોમાં તેમની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રીથી દર્શકોને



મોહિત કર્યા છે.

તેલુગુ અને તમિલ ભાષામાં બનેલી ઐતિહાસિક ડ્રામા ફિલ્મ "રાણાબલી" હવે ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ વિશ્વભરમાં રિલીઝ થશે. શરૂઆતમાં ૧૧ સપ્ટેમ્બરના રોજ સ્ક્રીન પર આવવાની હતી, પરંતુ નિર્માતાઓએ તેને ફરીથી શેડ્યૂલ કરવાનો નિર્ણય લીધો. ફિલ્મની નવી રિલીઝ તારીખની જાહેરાત કરતું પોસ્ટર શેર કરતા, નિર્માતાઓએ લખ્યું, "આપણા ઈતિહાસનો સૌથી કાળો અધ્યાય આ ઓક્ટોબરમાં ખુલશે. રાણાબલી ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ વિશ્વભરમાં ખૂબ જ ધામધૂમથી રિલીઝ થશે." યામી ગૌતમની ફિલ્મ "નયી નવેલી" પણ તે જ દિવસે રિલીઝ થઈ રહી છે.

# રાજકોટ શહેર પોલીસ દ્વારા 'ડીજીપી કપ બાસ્કેટબોલ સ્પર્ધા-૨૦૨૬'નું ભવ્ય આયોજન

## નવીનીકૃત સિન્થેટિક બાસ્કેટબોલ કોર્ટનું લોકાર્પણ: કમિશ્નરના હસ્તે સ્પર્ધા ખુલ્લી મુકાઈ



રાજકોટ,
રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલિકના માર્ગદર્શન હેઠળ પોલીસ દળમાં શિસ્ત, શારીરિક ફિટનેસ અને ટીમ સ્પીરીટની ભાવના ખીલે તે હેતુથી રાજકોટ શહેર પોલીસ દ્વારા પ્રથમ વખત 'ડીજીપી કપ બાસ્કેટબોલ સ્પર્ધા - ૨૦૨૬-૨૭'નું ત્રિદિવસીય ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધા તારીખ ૨૮/૦૮/૨૦૨૬ થી ૩૦/૦૮/૨૦૨૬ દરમિયાન પોલીસ હેડક્વાર્ટર, રાજકોટ ખાતે યોજાઈ રહી છે. જેમાં ગુજરાત રાજ્ય પોલીસ દળની પુરુષોની ૦૫ તથા મહિલાઓની ૦૩ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો છે. આ સ્પર્ધાના અનુસંધાને ઓમ્નીટેક એન્જિનિયરીંગ લિમિટેડ, રાજકોટ અને અહેસાસ ટ્રસ્ટ, રાજકોટના સહયોગથી બાસ્કેટબોલ કોર્ટનું નવીનીકરણ કરી નવું સિન્થેટિક ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવ્યું છે, જેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

હરીફાઈના ઓપનીંગ સેરેમનીમાં મુખ્ય મહેમાન તરીકે પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નાયબ પોલીસ કમિશ્નર (ટ્રાફિક) હરપાલસિંહ જાડેજા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) જગદીશ બાંગરવા, નાયબ પોલીસ કમિશ્નર (ઝોન-૨) રાકેશ દેસાઈ, ઓમ્નીટેક એન્જિનિયરીંગ લિમિટેડના કિંજરી ઉદયભાઈ પારેખ, અહેસાસ ટ્રસ્ટના નિથલભાઈ સંઘવી તથા તમામ એસીપી ઓ અને પી.આઈ. ઓ ખાસ હાજર રહ્યા હતા.

પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝાએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, પોલીસની નોકરીના કલાકો નક્કી હોતા નથી, જેથી આવી તણાવયુક્ત નોકરીમાંથી રિલેક્સ થવા માટે રમતગમત તેમજ યોગ-મેડિટેશન જેવી પ્રવૃત્તિઓ શારીરિક અને માનસિક ફિટનેસ માટે ખૂબ જરૂરી છે. તેમણે ખેલાડીઓને ખેલદિલીથી રમી ઓલ ઈન્ડિયા પોલીસ ગેમ્સમાં સિલેક્ટ થઈ ગુજરાત પોલીસનું નામ રોશન કરવા પ્રોત્સાહિત કર્યા હતા અને ટૂર્નામિન્ટ ખુલ્લી જાહેર કરી હતી.

# રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા આંગણવાડીની બહેનોને રક્ષાબંધન દિને સાડીની ભેટ

## આંગણવાડીની બહેનો સાથે રક્ષાબંધન પર્વની વિશેષ ઉજવણી કરી: બહેનો ખુશ



રાજકોટ,
વિધાનસભા ૬૮ના ધારાસભ્યન શ્રી ઉદયભાઈ કાનગડ અને શહેર ભાજપ મહામંત્રી શ્રી વલ્લભભાઈ દુધાત્રા દ્વારા રણછોડ નગર કોમ્યુનીટી હોલ, કડવા મનુ રોડ ખાતે આંગણવાડીની બહેનો સાથે રક્ષાબંધન પર્વની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આંગણવાડીની બહેનોએ ધારાસભ્ય ઉદય કાનગડને રાખડી બાંધી હતી. જેના પ્રતિભાવમાં તેમણે ૨૮૦થી વધુ બહેનોને ભેટ સ્વરૂપે સાડી અર્પણ કરી હતી

આ તકે ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા અને શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ પણ આંગણવાડીની બહેનોના સમાજ ઘડતરના યોગદાનની પ્રશંસા કરી તહેવારની શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન વલ્લભભાઈએ અને સંચાલન લીનાબેન રાવલે કર્યું હતું. આ કાર્યક્રમમાં લલીત વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ ચેરમેન પરેશ પીપળીયા (પી.પી.), શાસક પક્ષ નેતા હિરેન ખીમાણીયા, અશ્વિન મોલીયા, સોમાભાઈ ભાલીયા, ભાર્ગવ મિયાત્રા, કિન્નરીબેન ચૌહાણ, ચાંદનીબેન ગોંડલીયા, નિશાબેન રાણપરા ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત કોર્પોરેટરો કંકુબેન ઉઘરેજા, રાજશ્રીબેન માલવીયા, રસીલાબેન સાકરીયા, સ્મીતાબેન ગોહેલ, ધર્મીષ્ઠાબેન પરમાર, પુનમબેન મોરવાડીયા, ભરતભાઈ લીંબાસીયા, સંજય ચાવડા, દિલીપભાઈ લુણાગરીયા, અનિલ ચૌહાણ, નિલેશભાઈ હેરભા, અજય મજેઠીયા પણ હાજર રહ્યા હતા. શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ લીનાબેન રાવલ, જે.ડી. ભાખર, રસીકભાઈ પટેલ, સંજય ગોસ્વામી, કાનાભાઈ ડંડૈયા, પરેશ લીંબાસીયા, અંકિત દુધાત્રા, હસુભાઈ કાચા, જીલુભાઈ સુસરા, હરેશ ધંધુકીયા, રમેશભાઈ પરમાર, પરીમલભાઈ પરડવા, અનિલભાઈ તરાવીયા, અલ્પેગશભાઈ લુણાગરીયા, હેમુભાઈ પરમાર, ડી.બી. ખીમસુરીયા, અને મનસુખભાઈ પીપળીયા (પીએ ટુ ઉદયભાઈ કાનગડ) સહિત બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ અને બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ વિરાણી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓએ બનાવી ૪૫ ફૂટની લાંબી રાખડી



રાજકોટ,
રાજકોટ વિરાણી હાઈસ્કૂલમાં રક્ષાબંધનની પૂર્વ પ્રભાતે ૪૫ ફૂટ લાંબી અને આશરે ૨૩૦ સ્ક્વેર ફીટની વિશાળ રાખડી બનાવવામાં આવી હતી શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ સ્ટેશનરીની વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરીને મેગા પ્રેરક રાખડી બનાવી હતી. રાખડી બનાવવાની વસ્તુઓ વિદ્યાર્થીઓએ પોતાના પોકેટ મની તથા સી જે ગ્રુપના સહયોગથી એકત્રિત કરી હતી.

જેમાં નાની મોટી પેન્સિલ, વિવિધ બોલપેન, કમ્પાસ, વોટર કલર, સાડી એમ મળીને કુલ ૬૧૪૬ વસ્તુઓનો સમાવેશ થાય છે. ભાઈ બહેનના પ્રેમ સાથે ગરીબ બાળકોના સહાયના સંગમ તરીકે બનેલી રાખડીની આ તમામ વસ્તુઓનું વિવિધ આંગણવાડી, કોર્પોરેશનની શાળાઓના બાળકો તથા ઝુપડપટ્ટીના બાળકોને વિતરણ કરવામાં આવશે. વિદ્યાર્થીઓએૂય ભફયિૂય તવફયિ અંતર્ગત પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

# મહિન્દ્રા OJAએ ભારતીય બાગાયતીના ભવિષ્યને પ્રેરકબળ પ્રદાન કયુ




આધુનિક ખેતી માટે ઉદ્દેશથી નિર્મિત મહિન્દ્રા OJAની રેન્જ બાગાયતી, વિનેયાર્ડ, વિવિધ રીતો ધરાવતી ખેતી અને પાકમાં વિશેષ ઉપયોગિતાઓમાં ઉત્પાદકતા, સુવિધા અને ખર્ચમાં વાજબીપણું વધારવા ડિઝાઈન કરેલી છે
પ્રમાણભૂત તરીકે ૪WD (૪-વ્હીલ ડ્રાઇવ) સાથે ઓફર ્તછ પ્લેટફોર્મમાં મહત્તમ કાર્યદક્ષતા અને પાકની ઉત્પાદકતા વધારે મેળવવા શ્રેષ્ઠ પાવર-ટૂ-વેઈટ રેશિયો, અત્યાધુનિક ટેકનોલોજી અને અમલીકરણ સક્ષમતાનો સમન્વય થયો છે
મુંબઈ, ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ : મહિન્દ્રા ગ્રૂપની કંપની અને ભારતની નંબર ૧ ટ્રેક્ટર બ્રાન્ડ મહિન્દ્રા ટ્રેક્ટર્સે આજે OJA પ્લેટફોર્મના ત્રણ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરી હતી. આ પ્લેટફોર્મે ભારતમાં ખેતી સાથે સંબંધિત વિશેષ કામગીરીઓ માટે કોમ્પેક્ટ, લાઇટવેઇટ 4WD ટ્રેક્ટરોની સ્વીકાર્યતા અને તેમના વિસ્તરણને વેગ આપ્યો છે. મજબૂત હાર્દરૂપ ટેકનોલોજીઓ પર નિર્મિત અને ભવિષ્ય માટે સજ્જ લાઇટવેઇટ ટ્રેક્ટર પ્લેટફોર્મ પર બનેલ OJA કોમ્પેક્ટ ટ્રેક્ટરની રેન્જ હવે ૨૧-૩૦ hpની કેટેગરીમાં વિવિધ ઉત્પાદનોની ધરાવે છે. આ ભારતમાં સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ કરતાં સેગમેન્ટ પૈકીનું એક છે તથા ઉચ્ચ મૂલ્ય ધરાવતી ખેતી અને વિશેષ કૃષિ ઉપયોગિતા માટે ખાસ વિકસાવવામાં આવ્યુંછ. ફળોની વાડીઓ, શેરડી અને કતારોમાં લેવાતા પાક માટે ડિઝાઇન કરેલાં ્તછમાં કૉમ્પેક્ટ સાઇઝ, સટિક સંચાલન, શ્રેષ્ઠ મેનુવરેબિલિટી અને શ્રેષ્ઠ પાવર-ટૂ-વેઈટ રેશિયાનો સમન્વય થયો છે. આ આધુનિક ખેતી માટે વિવિધતાસભર અને અસરકારક સમાધાન છે. પ્રમાણભૂત તરીકે 4WD સાથે OJAની રેન્જ વિવિધ પ્રકારની જમીનમાં ઉત્કૃષ્ટ ટ્રેક્શન, સ્થિરતા અને ઉત્પાદકતા આપે છે, તો કૃષિ ઉપકરણોની બહોળી રેન્જ સાથે સક્ષમતા સુનિશ્ચિત કરે છે, જે નિયંત્રિત જગ્યામાં કાર્યદક્ષતા મેળવવાની એની ક્ષમતા વધારે છે. મજબૂત ત્રણ-સીલિન્ડર એન્જિન સાથે સંચાલિત OJA રેન્જ મજબૂત કામગીરી, ઉત્કૃષ્ટ ઈંધણદક્ષતા અને વિવિધ ઉપયોગિતાઓમાં વિશ્વસનિય કામગીરી પ્રદાન કરે છે.

# રાજકોટમાં એસ.ટી કર્મચારીઓ દ્વારા કોલ્ડ્રીંક્સ વિતરણ કરાયું



રાજકોટ,રાજકોટ એસ. ટી રાજકોટ ડેપોના કર્મચારીઓ દ્વારા ઈદે મિલાદ શરીફના જુલુસમાં ૧૨૫ લીટર દુધ કોલડ્રીંકસ પીવડાવેલ હતુ. એસ. ટી કર્મચારી સદા સેવામાં તત્પર રહેલ. આ પ્રસંગે હુસેની કમીટીના પ્રમુખ અસલમ જાફાઈ, મકરાણીભાઈ, પઠાણભાઈ, અકબરભાઈ, નજીરભાઈ, અમીત પીરાની, એજાજભાઈ, રજાકશમા, ઈમરાન શેખ, ઈભુભાઈ તાલબ બધા સભ્યોએ સરબત પીવડાવાની જહેમત ઉઠાવી

# રાજકોટમાં લોકમેળા દરમિયાન રેસકોર્સ રીંગ રોડ પર તમામ વાહનો માટે પ્રવેશબંધી : જાહેરનામું

## રિંગરોડ ફરતે લારી, ગલ્લા, પાથરણા, રેંકડી રાખવાની મનાઈ

રાજકોટ,સૌરાષ્ટ્રનો સૌથી મોટા લોકમેળા રાજકોટ ખાતે આગામી સપ્તાહથી શરૂ થવા જઈ રહ્યો છે. જે મેળાની તૈયારીઓને તંત્ર દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. લોકમેળા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જાળવવા પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી નો એન્ટ્રી અને નો પાર્કિંગ જાહેર કરવામાં આવ્યા છે.

આગામી તા. ૨ સપ્ટેમ્બર થી ૬ સપ્ટેમ્બર સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે સાંસ્કૃતિક લોકમેળાનું આયોજન થવા જઈ રહ્યું હોય જે લોકમેળામાં રાજકોટ શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો મેળો માણવા માટે પોતાના વાહનો સાથે અન્ય રીતે આવતા હોય છે.

લોકમેળામાં દરમિયાન વાહનોની અવરજવર મોટી સંખ્યામાં રહેતી હોય ત્યારે જાહેર જનતા લોકમેળામાં સરળ રીતે હરિફરી શકે અને વાહન વ્યવહાર સુચારુ અને સલામત રીતે ચાલુ રહે તેમજ અકસ્માતના બનાવો અટકે તે માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા મેળો શરૂ થયાની તા.૨ સપ્ટેમ્બર થી ૬ સપ્ટેમ્બર સુધી લોકમેળો પૂર્ણ થાય ત્યાં સુધી માટે એક જાહેરનામું પ્રસિદ્ધ કરી નો એન્ટ્રી અને નો પાર્કિંગ જાહેર કરવામાં આવ્યા છે.

વાહન પાર્કિંગની વ્યવસ્થા : કિશાનપરા ચોક સાયકલ શેરિંગ જગ્યા, નહેરુ ઉદ્યાન, બહુમાળી ભવન સામે, બાલભવન મેઈન ગેઈટટાઇ આર્ટ ગેલેરી સુધીના રોડ પર, ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ, નવી કલેક્ટર કચેરી સામેના ગ્રાઉન્ડમાં, નગર રચના કચેરીનું ગ્રાઉન્ડ, ગુજરાત સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકનું ગ્રાઉન્ડ, આયકર વાટિકા પાછળ રિલાયન્સ ગ્રાઉન્ડ, એસબીઆઈ બેંક સામે શારદાબાગનું ગ્રાઉન્ડ, સર્કિટ હાઉસ સામે મેમણ બોર્ડિંગ ગ્રાઉન્ડ, કિશાનપરા ચોક કેપિટલ હોટેલ પાછળનું ગ્રાઉન્ડ, ધર્મેન્દ્રસિંહજી કોલેજ ગ્રાઉન્ડ, સર્કિટ હાઉસ સામે આકાશવાણીની દીવાલઅને હોમગાર્ડ ઓફિસર કોલોની

જિલ્લા પંચાયત ચોકથી બહુમાળી ભવન ચોક, પોલીસ હેડ ક્વાર્ટર, જૂની એનસીસી ચોક, આમ્રપાલી અંડર બ્રિજ સુધીના રસ્તા તમામ વાહનો માટે બંધ અને નો પાર્કિંગ રહેશે.

ટ્રાફિક શાખાથી પોલીસ હેડ ક્વાર્ટર સુધીના તમામ રસ્તાઓ, આઈબી ઓફિસથી રૂરલ એસપીના બંગલા સુધીનો રસ્તો, સૂરજ-૧ એપાર્ટમેન્ટથી લોકમેળાના ગેઈટ સુધીના રસ્તા, ચાણક્ય બિલ્ડીંગ ચોકથી ફુલછાબ, જિલ્લા પંચાયત ચોક સુધીના રસ્તાઓ તમામ વાહનો માટે નો પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. વિશ્વા ચોકથી જૂની આરએમસી ચોક સુધી તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધ અને નો પાર્કિંગ જાહેર કરવામાં આવ્યા છે.

રેસકોર્સ રીંગ રોડ ફરતે લારી, ગલ્લા, પાથરણા, રેંકડી રાખવાની મનાઈ કરવામાં આવી છે. તમામ પ્રકારના ભારે વાહનો માટે લોકમેળા દરમિયાન રેસકોર્સ રીંગ રોડ પર પ્રવેશ બંધ કરવામાં આવ્યો છે. પેસેન્જર ભરીને મેળામાં આવતા વાહનો ચૌધરી હાઈસ્કૂલ ચોક, ભીલવાસ ચોક, મહિલા અન્ડર બ્રિજ, આમ્રપાલી અન્ડર બ્રિજ, ધ સીટી સેન્ટ્રલ, એરપોર્ટ સર્કલ, જામનગર રોડ, રૂડા બિલ્ડીંગ, જામ ટાવર ચોકથી તમામ વાહનો માટે પ્રવેશબંદી જાહેર કરવામાં આવી છે.

ચાણક્ય બિલ્ડીંગ ચોકથી શ્રોફ રોડ, ટ્રાફિક શાખા, રૂડા બિલ્ડીંગ, જામનગર રોડ સાંઢિયા પુલથી એરપોર્ટ ફાટક અને ગાંધીગ્રામ તરફ જઈ શકશે. શ્રોફ રોડ, ચાણક્ય બિલ્ડીંગ ચોકથી ફૂલછાબ ચોકથી જિલ્લા પંચાયત ચોકથી કિશાનપરા ચોક, આમ્રપાલી અંડર બ્રિજથી રૈયા રોડ તરફ અવર જવર કરી શકાશે. રેસકોર્સ પાર્ક અને મારુતિનગર તરફ જવા માટે ટ્રાફિક શાખા, રૂડા બિલ્ડીંગ, જામનગર રોડ, સાંઢિયા પુલથી એરપોર્ટ ફાટકથી જઈ શકશે અને આમ્રપાલી અંડર બ્રિજથી રેસકોર્સ મેયર બંગલાથી રેલવે પાટાની જમણી બાજુના રોડથી એરપોર્ટ ફાટક થઈ અવર જવર કરી શકાશે. ખાનગી બસ મહિલા અંડર બ્રિજથી ટાગોર રોડ થઈ જઈ શકશે. લોકમેળા દરમિયાન રેસકોર્સ રીંગ તોડ ફરતે પાસધારક વાહન ચાલકો ૧૦ કીમી/કલાકથી વધુ ઝડપે વાહન ચલાવી શકશે નહિ.

# રાજકોટમાં માતૃશકિત અને દુર્ગાવાહિની દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરાઇ

## તમામ પોલીસ સ્ટેશનોના અધિકારી અને મેયર સહિતનાને રાખડી બાંધી



રાજકોટ,
રાજકોટ વિશ્વ હિન્દુ પરિષદ રાજકોટ ઉત્તર જિલ્લા દ્વારા પવિત્ર રક્ષાબંધન પર્વની ઉજવણી અંતર્ગત માતળશક્તિ અને દુર્ગાવાહિનીની બહેનો દ્વારા વિવિધ સ્થળોએ રક્ષાબંધન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બહેનોએ શહેરના મેયર, રાજકોટ ઉત્તર જિલ્લામાં આવતા તમામ પોલીસ સ્ટેશનોના અધિકારીશ્રીઓ, સેવા વસ્તીતના ભાઈઓ, મઠ-મંદિરના પૂજારી ભાઈઓ તેમજ વિશ્વ હિન્દુ પરિષદ અને સંલગ્ન સંગઠનના ભાઈઓને રાખડી બાંધી રક્ષાબંધન પર્વ હર્ષભેર ઉજવ્યું હતું. રાજકોટ ઉતર જીલ્લા અધ્યક્ષ અજયભાઇ વાડોલીયા તથા ઉપાધ્યક્ષમ .રમાબેન હેરભા એ તમામ કાર્યકર્તા ભાઈઓ તથા બહેનોને રક્ષાબંધન પર્વની અનેક શુભકામનાઓ પાઠવી હતી.

રાજકોટના પ્રથમ નાગરીક મેયર નેહલભાઇ શુક્લને રાખદી બાંધીને બહેનોએ તેમને રાજકોટ વાસીઓની સુખાકારી માટે ભગવાનને પ્રાર્થના કરી હતી. પોલીસ અધિકારીઓને રાખડી બાંધી સમાજની સુરક્ષા, શાંતિ અને વ્યવસ્થા જાળવવામાં પોલીસ તંત્ર દ્વારા આપવામાં આવતી સેવાઓ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમજ સેવા વસ્તીના ભાઈઓ સાથે રક્ષાબંધનની ઉજવણી કરી સામાજિક સમરસતા અને આત્મીઆયતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# જસદણ યાર્ડમાં સોમવારથી સાત દિવસનું કૃષ્ણ જન્માષ્ટમી વેકેશન

જસદણ,
જસદણ માર્કેટ યાર્ડ સમિતિ દ્વારા એપીએમસી સાથે જોડાયેલા તમામ સર્વેને જણાવ્યું છે કે તા.૧ થી ૬ સપ્ટેમ્બર સુધી સાત દિવસ જન્માષ્ટમીના તહેવારોની રજા રહેશે વિશેષમાં જસદણ માર્કેટ યાર્ડના ચેરમેન રમેશભાઈ હિરપરા વાઈસ ચેરમેન મહાવીરભાઈ ધાધલ (બાવલીભાઇ) સેક્રેટરી સહિતની બોર્ડ કમિટી દ્વારા જારી કરાયેલા પરિપત્ર અનુસાર, આગામી તા.૩૧.૮.૨૦૨૬ ને સોમવારથી તા.૫.૯.૨૦૨૬ સુધી કૃષ્ણ જન્માષ્ટમીના તહેવાર નિમિતે માર્કેટ યાર્ડમાં હરરાજીનું કામકાજ બંધ રહેશે,

જ્યારે તા.૬ સપ્ટેમ્બરે રાબેતા મુજબ રજા રહેશે. રવિવારની તા.૭.૯.૨૦૨૬ ને સોમવારથી માર્કેટ યાર્ડનું કામકાજ રાબેતા મુજબ ચાલુ રહેશે, જેની સર્વે ખેડૂતો, કમિશન એજન્ટો, વેપારીઓ અને ગ્રાહકોને નોંધ લેવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ જણાવ્યું છે.



# ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને જી-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ શોધવા માટે ભારતમાં જાસૂસો અને સક્રિય સ્લીપર સેલ તૈનાત કર્યા હતા : એર માર્શલ

## ઓપરેશન સિંદૂર દરમિયાન જી-૪૦૦ ભારતના હવાઈ સંરક્ષણના મુખ્ય ઘટક તરીકે ઉભરી આવ્યું હતું, જેણે પાકિસ્તાન તરફથી હવાઈ ખતરાનો સામનો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી



નવી દિલ્હી,

ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને જી-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ શોધવા માટે ભારતમાં જાસૂસો અને સક્રિય સ્લીપર સેલ તૈનાત કર્યા હતા, એર માર્શલ જીતેન્દ્ર મિશ્રાએ ખુલાસો કર્યો છે. ઓપરેશન સિંદૂર દરમિયાન જી-૪૦૦ ભારતના હવાઈ સંરક્ષણના મુખ્ય ઘટક તરીકે ઉભરી આવ્યું હતું, જેણે પાકિસ્તાન તરફથી હવાઈ ખતરાનો સામનો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

એક મીડિયા ઈન્ટરવ્યુમાં, સિંદૂર દરમિયાન વેસ્ટર્ન એર કમાન્ડના વડા જીતેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે પાકિસ્તાને રશિયન મૂળની હવાઈ સંરક્ષણ સિસ્ટમોની સ્થિતિ ઓળખવા માટે 'પુસ્તકમાંની દરેક યુક્તિ'નો ઉપયોગ કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે જી-૪૦૦જ ને કારણે, પાકિસ્તાનના ફાઈટર જેટ ભારતીય સરહદથી ૨૦૦ કિમીની અંદર આવી શક્યા ન હતા.

પાકિસ્તાની હવાઈ સંપત્તિને સિસ્ટમ દ્વારા અટકાવવામાં આવી હોવાના વારંવારના કિસ્સાઓ પછી પાકિસ્તાને જી-૪૦૦ ને પોતાનો સૌથી મોટો ખતરો માન્યો હતો. તેઓ (પાકિસ્તાનીઓ) આ જી-૪૦૦જ ક્યાં છે તે શોધવા માટે ઉત્સુક હતા. "તેઓએ જી-૪૦૦ શોધવા માટે 'દરેક યુક્તિ' અજમાવી હતી," એર માર્શલે કહ્યું.

તેમણે એમ પણ કહ્યું કે ઈસ્લામાબાદને બીજા દેશ પાસેથી સેટેલાઈટ સહાય મળી હશે, પરંતુ તેનું નામ આપવાનો ઈનકાર કર્યો. "તેઓ અન્ય દેશોની સેટેલાઈટ સહાયનો ઉપયોગ કરી રહ્યા હતા. હું દેશનું નામ વાપરવા માંગતો નથી,'' મિશ્રાએ ઉમેર્યું. ઓપરેશન સિંદૂરમાં જી-૪૦૦ એ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી

જી-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ, જેને ભારત 'સુદર્શન ચક્ર' તરીકે ઓળખે છે, તે દેશના એર ડિફેન્સ નેટવર્કનો એક મહત્વપૂર્ણ ઘટક છે. અદ્યતન રડાર અને ઈન્ટરસેપ્શન ક્ષમતાઓથી સજ્જ, આ સિસ્ટમ લાંબા અંતર પર હવાઈ જોખમોને શોધી અને તેનો સામનો કરી શકે છે. ભારત અને રશિયાએ ૨૦૧૮ માં પાંચ જી-૪૦૦ સિસ્ટમ્સ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ત્રણ સિસ્ટમ્સ પહેલાથી જ ડિલિવર કરવામાં આવી છે અને ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવી છે, જ્યારે ચોથી સ્ક્વોડ્રન જૂન ૨૦૨૬ માં પ્રાપ્ત થઈ હતી.

# એક દાયકામાં ભારતની સંરક્ષણ નિકાસ વધીને આશરે ૩૯,૦૦૦ કરોડ થઈ : રાજનાથ સિંહ

## ભારતનું સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન લગભગ ચાર ગણું વધીને આશરે ૧.૮૦ લાખ કરોડ થયું

જબલપુર,

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મધ્યપ્રદેશના જબલપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ ભારતના પગલાં વિશે વાત કરી. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે છેલ્લા દાયકામાં ભારતનું સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન લગભગ ચાર ગણું વધીને આશરે ૧.૮૦ લાખ કરોડ થયું છે, જ્યારે સંરક્ષણ નિકાસ આશરે ૩૯,૦૦૦ કરોડ થઈ છે. સિંહે જબલપુર સ્થિત વાહન ફેક્ટરીમાં ટી-સિરીઝ યુદ્ધ ટેન્કોના સમારકામ અને જાળવણી માટે ૪૭૨ કરોડની સુવિધાનો શિલાન્યાસ કર્યા પછી આ નિવેદન આપ્યું હતું.

રાજનાથ સિંહે કહ્યું, "ઘરેલું સંરક્ષણ ઉત્પાદન, જે ૨૦૧૪માં ૪૬,૦૦૦ કરોડ હતું, તે હવે લગભગ ૧,૮૦,૦૦૦ કરોડ થઈ ગયું છે. તેવી જ રીતે, સંરક્ષણ નિકાસ પણ ૨૦૧૪માં આશરે ૧,૦૦૦ કરોડથી વધીને આશરે ૩૯,૦૦૦ કરોડ થઈ ગઈ છે.

સંરક્ષણ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૮-૨૯ સુધીમાં સંરક્ષણ નિકાસ વધારીને ૫૦,૦૦૦ કરોડ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. તેમણે જણાવ્યું હતું કે ભારતનું સંરક્ષણ ક્ષેત્ર હવે સંપૂર્ણ આત્મનિર્ભરતા તરફ મજબૂત રીતે આગળ વધી રહ્યું છે.

ભારત ફક્ત સ્થાનિક સ્તરે શસ્ત્રોનું ઉત્પાદન જ નથી કરી રહ્યું, પરંતુ તેમની જાળવણી, સમારકામ અને અપગ્રેડ માટે ક્ષમતાઓ પણ વિકસાવી રહ્યું છેઃ રાજનાથ સિંહ

રાજનાથ સિંહે કહ્યું, "આજનો પ્રોજેક્ટ આત્મનિર્ભરતા તરફ વધુ એક મહત્વપૂર્ણ પગલું છે. આગામી વર્ષોમાં, ભારત સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં એક મજબૂત રાષ્ટ્ર તરીકે ઉભરી આવશે." સંરક્ષણ મંત્રીએ આ ટાંકી સમારકામ પ્રોજેક્ટને ભારતના આત્મનિર્ભર ઔદ્યોગિક ઈકોસિસ્ટમ માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી. સંરક્ષણ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ સ્થાનિક લોકો માટે રોજગારીની તકો પણ ઉભી કરશે.

# મનોજ જરંગે મરાઠા અનામતના મુદ્દા પર જાલના ખાતે ભૂખ હડતાળ શરૂ કરશે

## મહારાષ્ટ્રમાં અનામત મામલે ફરીવાર આંદોલન

મુંબઈ,

મરાઠા સમાજના નેતા મનોજ જરંગે પાટીલે શુક્રવારે જણાવ્યું હતું કે તેઓ મરાઠા અનામતના મુદ્દા પર શનિવારે જાલના જિલ્લાના અંતરવલી સરતી ખાતે તેમના ગામમાં ભૂખ હડતાળ શરૂ કરશે. જરંગેએ અગાઉ મુંબઈ આવવાની ચેતવણી આપી હતી, પરંતુ હવે તેમણે પોલીસને એક પત્ર આપીને સ્પષ્ટતા કરી છે કે તેમનું આંદોલન શનિવારે સવારે ૯ વાગ્યા પછી અંતરવલી સરતી ખાતે શરૂ થશે. મનોજ જરંગે શનિવારે મરાઠા અનામતના મુદ્દા પર તેમના ગામમાં ભૂખ હડતાળ શરૂ કરશે

મહા સરકાર અને જરંગે વચ્ચે હજુ પણ વાતચીત ચાલુ છે. સરકાર અને મનોજ જરંગે પાટીલ વચ્ચે હજુ પણ વાતચીત ચાલુ છે અને જરંગેએ કહ્યું કે જો તેમની માંગણીઓ પૂર્ણ નહીં થાય, તો તેઓ મુંબઈ તરફ કૂચ કરી શકે છે. મહારાષ્ટ્ર સરકારને ચેતવણી આપતા ક્વોટા કાર્યકર્તા મનોજ જરંગેએ બુધવારે કહ્યું હતું કે જો તેઓ મુંબઈમાં વિરોધ કરવાનું નક્કી કરે છે, તો "૮૦ થી ૯૦ લાખ" યુવાનો તેમની સાથે જોડાશે અને વિમાન ઉડવા દેશે નહીં અને ટ્રેનો રોકશે નહીં. જરંગેએ વધુમાં ઉમેર્યું હતું કે જો રાજ્ય સરકાર મરાઠા સમુદાયને તેમના અધિકારો આપે તો તેમને મુંબઈમાં વિરોધ કરવામાં રસ નથી. અગાઉ, તેમણે ૨૯ ઓગસ્ટથી જાલના જિલ્લાના અંતરવાલી સરતી ગામમાં અનિશ્ચિત સમયમર્યાદા ભૂખ હડતાળની જાહેરાત કરી હતી અને અત્યાર સુધી રાજ્ય સરકારની પુનર્વિચારણાની વિનંતીને નકારી કાઢી છે, તેમની માંગણીઓ લાગુ કરવા માટે ૨૮ ઓગસ્ટની સમયમર્યાદા નક્કી કરી છે.

# પાકિસ્તાન જાસૂસી સંબંધોના આરોપમાં દિલ્હીના દંપતીની ધરપકડ : ૨૦૨૪ થી ઓપરેટિવ્સના સંપર્કમાં હતા

## દંપતીએ ઉપયોગમાં લીધેલા બે મોબાઈલ ફોનમાં તેમના હેન્ડલર્સ સાથે ગુનાહિત ચેટ મળી આવી

નવી દિલ્હી,

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે શુક્રવારે જણાવ્યું હતું કે તેમણે પાકિસ્તાન સ્થિત અને દેશની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) દ્વારા સમર્થિત પાકિસ્તાની ગુપ્તચર ઓપરેટિવ્સ દ્વારા સંચાલિત જાસૂસી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. આ મોડ્યુલ ૨૦ વર્ષના દિલ્હીના એક દંપતીની ધરપકડ કરીને પકડાયું છે, જે બે વર્ષથી તેના માટે કામ કરી રહ્યું હતું. તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે આ દંપતીએ ઉપયોગમાં લીધેલા બે મોબાઈલ ફોનમાં નેટવર્કમાં તેમના હેન્ડલર્સ સાથે ગુનાહિત ચેટ હતી.

૨૫ વર્ષીય મોહમ્મદ સાહિલ અને ૨૧ વર્ષીય તેમની પત્ની સમીરાએ કથિત રીતે ભારતીય સિમ કાર્ડ મેળવ્યા હતા અને મોડ્યુલના ઉપયોગ માટે દુબઈ થઈને પાકિસ્તાન મોકલ્યા હતા. તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે પાકિસ્તાની ગુપ્તચર ઓપરેટિવ્સે આ કાર્ડનો ઉપયોગ પાકિસ્તાનથી વોટ્સએપને સક્રિય કરવા અને ચલાવવા અને ભારતીય સંરક્ષણ સંબંધિત સંવેદનશીલ અને વર્ગીકૃત માહિતી એકત્રિત કરવા માટે ભારતમાં જૂથોના સભ્ય બનવા માટે કર્યો હતો.

ડેપ્યુટી પોલીસ કમિશનર (સ્પેશિયલ સેલ) નારા ચૈતન્યએ જણાવ્યું હતું કે આ દંપતીને ભારતમાં છાવણીઓની જાસૂસી માટે ભરતી અને કોર્ટ-માર્શલનો સામનો કરી રહેલા ભારતીય સૈન્યના કર્મચારીઓની વિગતો શેર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ, જે આતંકવાદી સંગઠનો, ઓવરગ્રાઉન્ડ વર્કર્સ અને લોજિસ્ટિક સપોર્ટ પૂરા પાડતા સ્લીપર સેલ પર નજર રાખે છે, તેને દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં ISI-સમર્થિત નેટવર્ક વિશે માહિતી મળી હતી. આ બાબતે સ્પેશિયલ સેલને વધુ માહિતીમાં જાણવા મળ્યું હતું કે, મોડ્યુલે લોજિસ્ટિક સપોર્ટ અને સિમ કાર્ડ મેળવવા માટે દિલ્હીમાં કેટલાક લોકોની ભરતી કરી હતી. સેલને જાણવા મળ્યું કે સંવેદનશીલ માહિતી એકત્રિત કરવા માટે પાકિસ્તાનથી આ નંબરો પર WhatsAppનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો.

ચૈતન્યએ જણાવ્યું હતું કે તપાસકર્તાઓએ મોડ્યુલના સભ્યોની ઓળખ કરી હતી અને દક્ષિણ દિલ્હીના સરાય કાલે ખાનના રહેવાસી સાહિલની ધરપકડ કરી હતી. "તેના મોબાઈલ ફોનના ફોરેન્સિક વિશ્લેષણથી અમને પાકિસ્તાની એજન્ટો સાથે તેની ગુનાહિત ચેટ્સ શોધવામાં મદદ મળી," ચૈતન્યએ કહ્યું. પાકિસ્તાની એજન્ટે ઈન્સ્ટાગ્રામ પર દંપતીનો સંપર્ક કર્યો.

# લોરેન્સ બિશ્નોઈ ગેંગના દીપક ખત્રીની દિલ્હીમાંથી ધરપકડ કરવામાં આવી

## હથિયારોની દાણચોરીમાં મુખ્ય કડી હોવાનો આરોપ

નવી દિલ્હી,

દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચે ગુરુવારે દીપક ખત્રી – જેને દીપક નંદા અથવા 'મામા' તરીકે પણ ઓળખવામાં આવે છે – ની ધરપકડ કરી હતી, જે કથિત રીતે લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલો છે અને આંતરરાષ્ટ્રીય હથિયારોની દાણચોરી અને આતંકવાદી મોડ્યુલમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. ૪૫ વર્ષીય ખત્રી પશ્ચિમ વિહારનો રહેવાસી છે. ક્રાઈમ બ્રાન્ચના અપડેટ્સ મુજબ, આ કાર્યવાહી ક્રૈંઈ નંબર ૪૯/૨૬ ની તપાસ દરમિયાન કરવામાં આવી હતી. આરોપીને ઁ એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તેની વિરુદ્ધ જારી કરાયેલા લુકઆઉટ સર્ક્યુલર (ન્ઝ) ના આધારે અટકાયતમાં લેવામાં આવ્યો હતો અને ત્યારબાદ પૂછપરછ બાદ કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે દાવો કર્યો હતો કે દીપક ખત્રી લોરેન્સ બિશ્નોઈનો નજીકનો સાથી રહ્યો છે અને કથિત રીતે મધ્યસ્થી તરીકે કામ કરતો હતો, જેલમાં બંધ ગેંગના સભ્યો અને બહારના તેમના સાથીઓ વચ્ચે વાતચીતને સરળ બનાવતો હતો. પોલીસ તપાસમાં આગળ જાણવા મળ્યું છે કે ખત્રી ૨૦૨૧ માં લોરેન્સ બિશ્નોઈને પહેલી વાર મળ્યો હતો, જ્યારે બાદમાં પોલીસ રિમાન્ડ પર દિલ્હી લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ, ખત્રીનો બિશ્નોઈ સાથે સંપર્ક અને સંપર્ક વધ્યો. પોલીસના જણાવ્યા અનુસાર, બિશ્નોઈ ઉપરાંત, તે કાલા જાથેડી, કાલા રાણા અને જગ્ગુ ભગવાનપુરિયાની આગેવાની હેઠળની ગેંગ સાથે જોડાયેલા વ્યક્તિઓના સંપર્કમાં પણ આવ્યો હતો.

# હરિયાણા વિધાનસભામાં એક મહિલા સહિત કોંગ્રેસના આઠ ધારાસભ્યોના સસ્પેન્શનથી વિનેશ ફોગાટ નારાજ

## કોંગ્રેસે ગૃહની અંદર અને બહાર દાનની ચોરી, મત ચોરી અને કાગળ ચોરીના મુદ્દાઓ ઉઠાવ્યા

ચંડીગઢ,

હરિયાણા વિધાનસભામાંથી એક મહિલા સહિત આઠ કોંગ્રેસના ધારાસભ્યોના સસ્પેન્ડ પર વિનેશ ફોગાટે આકરા પ્રહારો કર્યા છે. વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યો સામે માર્શલના ઉપયોગ અંગે વિનેશ ફોગાટે પૂછ્યું, "શું આપણે ગુંડા છીએ?" કુસ્તીબાજમાંથી રાજકારણી બનેલા વિનેશ ફોગાટે કહ્યું, "છેલ્લા બે કલાકથી, અમારા પક્ષના સભ્યો તેમના વિચારો વ્યક્ત કરવાનો અને તેમની ચિંતાઓ વ્યક્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. જો અમને સાંભળવામાં ન આવે, તો અમે શું કરી શકીએ?" વિનેશ ફોગાટ જીંદના જુલાનાના ધારાસભ્ય છે. કોંગ્રેસે ગૃહની અંદર અને બહાર દાનની ચોરી, મત ચોરી અને કાગળ ચોરીના મુદ્દાઓ ઉઠાવ્યા હતા. બહાર વિરોધ પ્રદર્શન દરમિયાન ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દર સિંહ હુડ્ડાનો પણ પોલીસ સાથે ધક્કો મારવામાં આવ્યો હતો.

વિનેશ ફોગાટે કહ્યું કે જો પાર્ટી કોઈ કાર્યવાહી કરવાનું નક્કી કરે છે, તો અમે પાર્ટીના નિર્ણયને સ્વીકારીશું, પરંતુ અમે ગૃહ છોડીશું નહીં. નહીં તો, વિધાનસભા કેવી રીતે કાર્ય કરશે? વિપક્ષી નેતા હુડા સાહેબ ત્યાં હાજર છે. તેઓ પાર્ટીના વરિષ્ઠ નેતા છે. તેમને દબાણ કરવામાં આવ્યું. આ શરમજનક છે. સ્પીકર અને મુખ્યમંત્રીએ માફી માંગવી જોઈએ. આ આદેશ કોણે આપ્યો?

હરિયાણા વિધાનસભા ચોમાસુ સત્રનો પહેલો દિવસ અત્યંત તોફાની હતો. કોંગ્રેસે વિધાનસભાની અંદર અને બહાર મત ચોરી, પેપર લીક અને દાન ચોરીના મુદ્દાઓ પર સરકારને ઘેરી લીધી. સતત હોબાળો કરવા બદલ છ કોંગ્રેસના ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા. ગૃહમાં હોબાળો કરવા બદલ સ્પીકર હરવિંદર કલ્યાણે કોંગ્રેસના ધારાસભ્યો સામે કડક કાર્યવાહી કરી. સ્પીકરે કાર્યવાહી કરી. સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્યોમાં એક મહિલા ધારાસભ્યનો પણ સમાવેશ થાય છે.

હરિયાણા વિધાનસભાના અધ્યક્ષે કોંગ્રેસના ધારાસભ્યો ઈન્દુ રાજ નરવાલ, વિકાસ સહારન, દેવેન્દ્ર હંસ, શકુંતલા ખટક, આદિત્ય સુરજેવાલા અને બલરામ ડાંગીના નામ જાહેર કર્યા.

# મુખ્યમંત્રી હેમંત સોરેનને આદિવાસી એકતા મહાજુતન રેલી માટે આમંત્રણ અપાયું



રાંચી,

આદિવાસી એકતા મહાજુતન રેલીનું એક પ્રતિનિધિમંડળ આજે મુખ્યમંત્રી હેમંત સોરેનને મળ્યું. આ બેઠક રાંચીના કાંકે રોડ પર આવેલા મુખ્યમંત્રીના નિવાસસ્થાન કાર્યાલયમાં યોજાઈ હતી. પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રીને આગામી રેલીમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપવા આમંત્રણ આપ્યું હતું.

આ રેલી ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ રાંચીના મોરાબાદી ગ્રાઉન્ડ ખાતે યોજાશે. પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રીને રેલીના આયોજન પાછળના ઉદ્દેશ્યો વિશે માહિતી આપી. તેનો પ્રાથમિક ધ્યેય ઝારખંડમાં આદિવાસી સમુદાયના હિતોનું રક્ષણ કરવાનો છે. આમાં તેમના રાજકીય પ્રતિનિધિત્વને મજબૂત બનાવવાનો સમાવેશ થાય છે. બંધારણીય અધિકારોનું રક્ષણ પણ એક મુખ્ય ઉદ્દેશ્ય છે. આદિવાસી સમુદાયના અસ્તિત્વ અને ઓળખને જાળવી રાખવી પણ મહત્વપૂર્ણ છે. આ મહાજુતન રેલી સામાજિક હિતોના રક્ષણ માટે આયોજિત કરવામાં આવી રહી છે. આ રેલી ઝારખંડના આદિવાસી સમુદાય માટે આયોજિત કરવામાં આવી રહી છે.

# રાષ્ટ્રપતિએ લદ્દાખમાં હાઈકોર્ટ બેન્ચને મંજૂરી આપી; લોકો માટે ન્યાય મેળવવાનું સરળ બનશે

## સામાન્ય હાઈકોર્ટની નિયમિત બેન્ચની સ્થાપનાનો માર્ગ મોકળો

નવીદિલ્હી,

ન્યાય મેળવવાનું હવે લદ્દાખના પર્વતીય અને દુર્ગમ વિસ્તારોમાં રહેતા સામાન્ય નાગરિકો અને અરજદારો માટે ખૂબ સરળ અને સુલભ બનશે. એક મહત્વપૂર્ણ પગલામાં, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખની સામાન્ય હાઈકોર્ટની નિયમિત બેન્ચની સ્થાપનાનો માર્ગ મોકળો કર્યો છે.રાષ્ટ્રપતિ દ્વારા જારી કરાયેલ આ નવો નિયમન, લદ્દાખના અરજદારોને સુનાવણી માટે શ્રીનગર અથવા જમ્મુ જવાથી નોંધપાત્ર રીતે રાહત આપશે. આ નિર્ણય માત્ર ન્યાયિક સુલભતા તરફ એક મુખ્ય વહીવટી પરિવર્તનને ચિહ્નિત કરે છે, પરંતુ દૂરના સરહદી વિસ્તારોના રહેવાસીઓને તેમના અધિકારોના રક્ષણ અને કાનૂની સશક્તિકરણની મજબૂત ખાતરી પણ આપે છે.

રાષ્ટ્રપતિએ "લદ્દાખનો કેન્દ્રશાસિત પ્રદેશ (જમ્મુ અને કાશ્મીરની હાઈકોર્ટની બેન્ચની બેઠક, અને લદ્દાખમાં લદ્દાખ) નિયમનો, ૨૦૨૬" ને મંજૂરી આપી છે. આ નિયમન બંધારણની કલમ ૨૪૦ અને જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ ની કલમ ૫૮(૨) હેઠળ જારી કરવામાં આવ્યું હતું. આ નિયમન લદ્દાખમાં સામાન્ય હાઈકોર્ટની બેન્ચ માટે કાનૂની માળખું પૂરું પાડે છે.

આ મુજબ, હાઈકોર્ટના ન્યાયાધીશો અને બેન્ચ લદ્દાખમાં કોઈપણ જગ્યાએ બેસી શકે છે. આ સ્થાન લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નરની મંજૂરીથી ચીફ જસ્ટિસ દ્વારા નક્કી કરવામાં આવશે. જોકે, હાઈકોર્ટની હાલની મુખ્ય બેન્ચમાં કોઈ ફેરફાર થશે નહીં. ચીફ જસ્ટિસ પાસે લદ્દાખ સંબંધિત કોઈપણ કેસની સુનાવણી શ્રીનગર અથવા જમ્મુમાં કરવાનો નિર્દેશ આપવાની પણ સત્તા હશે. રાષ્ટ્રપતિએ બંધારણની કલમ ૨૪૦ હેઠળ તેમની વિશિષ્ટ બંધારણીય સત્તાનો ઉપયોગ કર્યો. આ કલમ

# સરકાર કર્મચારીઓની કાયદેસર માંગણીઓ સાંભળવા તૈયાર, પરંતુ વાટાઘાટ અને હડતાળ એકસાથે ચાલી શકે નહીં : ભગવંત

## કર્મચારીઓ હડતાળ સમાપ્ત કરે તો જ તેમની સાથે વાતચીત કરવામાં આવશે



ચંદીગઢ,

પંજાબમાં સરકારી કર્મચારીઓએ તેમની લાંબા સમયથી પડતર માંગણીઓ પૂર્ણ કરવા માટે દબાણ કરવા માટે ગુરુવારે રાજ્યવ્યાપી હડતાળ પાડી. બેઠક દરમિયાન, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જો તેઓ તેમની હડતાળ સમાપ્ત કરે તો જ તેમની સાથે વાતચીત કરવામાં આવશે. માન જાલંધરમાં કર્મચારી સંગઠનોના પ્રતિનિધિઓ સાથે તેમની માંગણીઓ અને સમસ્યાઓ પર ચર્ચા કરવા માટે બેઠક યોજવાના હતા. માનએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે તેમની સરકાર કર્મચારીઓની બધી વાજબી માંગણીઓ અને ચિંતાઓ સાંભળવા તૈયાર છે, પરંતુ વાટાઘાટો અને હડતાળ એકસાથે ચાલી શકે નહીં.

મુખ્યમંત્રી માનએ જણાવ્યું હતું કે કર્મચારીઓ અમારા પરિવારનો મહત્વપૂર્ણ ભાગ છે અને અમે તેમની બધી વાજબી માંગણીઓ સાંભળવા તૈયાર છીએ. જોકે, વાટાઘાટો અને હડતાળ એકસાથે ચાલી શકે નહીં. સરકાર તમામ મુદ્દાઓનું નિરાકરણ લાવવા માટે પ્રતિબદ્ધ છે, પરંતુ વાટાઘાટો ત્યારે જ થશે જ્યારે હડતાળ પાછી ખેંચવામાં આવશે. મુખ્યમંત્રી ભગવંત માનએ દાવો કર્યો હતો કે રાજ્ય સરકારી કર્મચારીઓને દેશના કોઈપણ સરકારી કર્મચારી કરતાં સૌથી વધુ પગાર મળે છે. જ્યારે કેન્દ્ર સરકાર કર્મચારીને ૩૦,૦૦૦-૩૨,૦૦૦ ચૂકવે છે, ત્યારે પંજાબ સરકાર ૫૦,૦૦૦ ચૂકવે છે. એ ખૂબ જ ગર્વ અને સંતોષની વાત છે કે રાજ્ય સરકાર તેના કર્મચારીઓને સૌથી વધુ પગાર આપે છે, જે વહીવટની કરોડરજ્જુ છે.

એ નોંધવું જોઈએ કે હડતાળ પર રહેલા કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં બાકી મોંઘવારી ભથ્થું મુક્ત કરવાનો સમાવેશ થાય છે. સરકારી કર્મચારીઓની "મહા હડતાળ" ના કારણે વિવિધ સરકારી વિભાગોના કામકાજ પર અસર પડી અને હોસ્પિટલોમાં આઉટપેશન્ટ ડિપાર્ટમેન્ટ સેવાઓ ખોરવાઈ ગઈ. પંજાબ સાંઝા મુલાઝીમ મંચના બેનર હેઠળ ૧૫૦ થી વધુ કર્મચારી સંગઠનોએ રાજ્ય સરકાર પર તેમની લાંબા સમયથી પડતર માંગણીઓ પૂર્ણ કરવા દબાણ કરવા માટે "મહા હડતાળ" માં ભાગ લીધો હતો. કર્મચારી સંગઠનોના જણાવ્યા અનુસાર, સરકારી હોસ્પિટલોમાં ઓપીડી સેવાઓ બંધ રહી. વિરોધ કરી રહેલા કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં બાકી રહેલા ૧૮ ટકા મોંઘવારી ભથ્થાની મુક્તિ, જૂની પેન્શન યોજનાનો અમલ અને કરાર કર્મચારીઓને નિયમિત કરવાનો સમાવેશ થાય છે. કર્મચારીઓએ જણાવ્યું હતું કે વારંવાર ખાતરી આપવા છતાં, રાજ્ય સરકાર તેમની લાંબા સમયથી પડતર માંગણીઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી છે.

# કોંગ્રેસે ઓમર અબ્દુલ્લાની સરકારમાં જોડાવાની નેશનલ કોન્ફરન્સની ઓફરને નકારી દીધી

## રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી અમે મંત્રીમંડળનો ભાગ નહીં

શ્રીનગર,

પ્રસ્તાવિત કેબિનેટ વિસ્તરણ પહેલા કોંગ્રેસે ઓમર અબ્દુલ્લાની સરકારમાં જોડાવાની નેશનલ કોન્ફરન્સની નવી ઓફરને નકારી કાઢી છે. જમ્મુ અને કાશ્મીર કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ તારિક હમીદ કારાએ જણાવ્યું હતું કે કોંગ્રેસે જમ્મુ અને કાશ્મીરની સાંપ્રદાયિક સૌહાર્દ અને એકતાને સુરક્ષિત રાખવાના એકમાત્ર હેતુથી નેશનલ કોન્ફરન્સને ટેકો આપ્યો હતો. છેલ્લા બે વર્ષથી અમારું વલણ સ્પષ્ટ રહ્યું છે. રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી અમે મંત્રીમંડળનો ભાગ નહીં રહીએ. નેશનલ કોન્ફરન્સ સરકારને ટેકો આપવાનો અર્થ એ નથી કે અમે મંત્રીમંડળમાં જોડાઈશું.

ગયા અઠવાડિયે, નેશનલ કોન્ફરન્સે કોંગ્રેસને નવા મંત્રીમંડળનો દરજ્જો ઓફર કર્યો. જમ્મુ અને કાશ્મીર કોંગ્રેસના પ્રમુખ તારિક હમીદ કારાએ કહ્યું કે આ ઓફર અને કોંગ્રેસ સરકારમાં જોડાશે કે નહીં તે અંગે ઘણી અટકળો ચાલી રહી હતી. તેમણે કહ્યું કે કોંગ્રેસે એક સૈદ્ધાંતિક વલણ અપનાવ્યું છે અને પાર્ટી પોતાનું વલણ બદલશે નહીં.

તારિક હમીદ કારાએ કહ્યું, "કેન્દ્ર સરકારે એકપક્ષીય અને ગેરબંધારણીય રીતે જમ્મુ અને કાશ્મીરના લોકોના બંધારણીય અધિકારો છીનવી લીધા છે. જ્યાં સુધી તે અધિકારો પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી કોંગ્રેસ પાર્ટી મંત્રીમંડળમાં જોડાશે નહીં. પરંતુ અમે સરકારને ટેકો આપવાનું ચાલુ રાખીશું. અમે ઈચ્છીએ છીએ કે રાજ્યનો દરજ્જો અને જમીન અને નોકરીઓના બંધારણીય અધિકારો પુનઃસ્થાપિત થાય."

રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવો અને લોકોના જમીન, નોકરીઓ અને કુદરતી સંસાધનોના અધિકારોનું રક્ષણ કરવું એ પાર્ટીની મુખ્ય માંગણીઓ રહી છે. કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે, જમ્મુ અને કાશ્મીરમાં તેના મંત્રી પરિષદના કદ પર કાનૂની મર્યાદા છે. જોકે, કાઉન્સિલમાં હવે મુખ્યમંત્રી સહિત છ મંત્રીઓ છે, જ્યારે મંજૂર કરાયેલી સંખ્યા નવ છે.

કોંગ્રેસ સરકારની રચના થઈ ત્યારે તેમાં જોડાઈ ન હતી. ઓછા મંત્રી પદ મળવાથી તે નારાજ હોવાનું કહેવાય છે. કોંગ્રેસે ગયા ઓક્ટોબરમાં રાજ્યસભા બેઠક વહેંચણી કરારમાં તેના સાથી પક્ષ પર છેતરપિંડીનો આરોપ લગાવ્યા બાદ ગઠબંધનમાં તિરાડ વધુ ઘેરી બની હતી. કેન્દ્રશાસિત પ્રદેશની ચાર બેઠકો માટે રાજ્યસભાની ચૂંટણી પહેલાં, નેશનલ કોન્ફરન્સે ત્રણ ઉમેદવારોની જાહેરાત કરી અને ચોથી બેઠક, જે જીતવી અશક્ય માનવામાં આવતી હતી, કોંગ્રેસને ઓફર કરી. કોંગ્રેસે, સલામત બેઠકની ખાતરી હોવાનો દાવો કરીને, ચૂંટણી ન લડવાનો નિર્ણય લીધો. નેશનલ કોન્ફરન્સે પ્રથમ ત્રણ બેઠકો જીતી. ચોથી બેઠક ભાજપના સત શર્માએ જીતી.

૯૦ સભ્યોની વિધાનસભામાં બહુમતી માટે ૪૬ બેઠકોની જરૂર છે. હાલમાં, નેશનલ કોન્ફરન્સ પાસે ૪૧ ધારાસભ્યો છે અને કોંગ્રેસ પાસે ૬ છે, જેનાથી કુલ કુલ ૪૭ બેઠકો થઈ છે.

# દારૂની રેઈડમાં ગયેલા મહિલા પીઆઈ સહિતનાઓને મારકૂટ, રૂમમાં પૂરી દીધા!

## પૂરાઈ ગયેલી પોલીસે કોલ કરી વધુ સ્ટાફને બોલાવતા મામલો થાળે પડયો

રાજકોટ : ગોંડલના મોટા દડવા ગામે દેશી દારૂની રેઈડ પાડવા ગયેલા મહિલા પીઆઈ અને પોલીસ સ્ટાફ સાથે મહિલા અને તેના ત્રણ સંતાનોએ ઝપાઝપી કરી, મારકુટ કરી બટકા ભરી લીધા હતા. એટલું જ નહીં એક રૂમમાં પૂરી દીધા હતા. તત્કાળ વધુ પોલીસે આવી મામલો થાળે પાડયો હતો.

ગોંડલના મોટા દડવા ગામે સુમનબેન સોલંકી મકાનમાં દેશી દારૂની ભઠ્ઠી ચલાવતી હોવાની માહિતી મળતાં આટકોટના પીઆઈ આર.એમ.રાઠોડ સ્ટાફના માણસો સાથે પહોંચ્યા હતા. સુમનબેને આવી દરવાજો ખોલતાં ફળીયામાં થઈ અંદર પહોંચ્યા હતા. તે વખતે દેશી દારૂની ગંધ આવતી હોવાથી રૂમના દરવાજાને ખોલવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ દરવાજો અંદરથી બંધ હોવાથી ખોલવાનું કહેતા સુમનબેને ઉશ્કેરાઈ જઈ બેફામ ગાળો ભાંડવાનું અને ઝપાઝપી કરવાનું શરૂ કરી દીધું હતું.

એટલું જ નહીં પોતાના કપડાં જાતેથી ફાડી પોલીસ ઉપર આક્ષેપો અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. આખરે પોલીસે દરવાજાને ધક્કો મારતા સુમનબેનના ત્રણ સંતાનોએ દરવાજો ખોલ્યો હતો. રૂમમાં જોતાં કબાટ અને અલગ-અલગ વાસણોમાં દેશી દારૂ અને આથો જોવા મળ્યો હતો. તત્કાળ પંચોને બોલાવી પોલીસે આગળની કાર્યવાહી કરતાં સુમનબેન અને તેના ત્રણેય સંતાનો વધુ ઉશ્કેરાયા હતા.ચારેયએ ભેગા મળી ગાળાગાળી અને ઝપાઝપી શરૂ કરી દીધી હતી. પોલીસને ગડદાપાટુ મારવાનું પણ શરૂ કરી દીધું હતું. કોન્સ્ટેબલ અરવિંદભાઈ દુમાદીયાને મારકુટ કર્યા બાદ ધક્કો મારતા પાણીનું માટલું તુટી ગયું હતું. પીઆઈ રાઠોડ વચ્ચે પડતાં તેની સાથે ઝપાઝપી કરી ડાબા હાથમાં બચકું ભરી લીધું હતું. અન્ય પોલીસ સ્ટાફને પણ મારકુટ કર્યા બાદ રૂમનો દરવાજો બહારથી બંધ કરી પૂરી દીધા હતા. પોલીસ કોઈ વધુ કાર્યવાહી ન કરી શકે તે માટે લાઈટના દોરડા કાપી નાંખ્યા હતા.

આખરે પૂરાઈ ગયેલી પોલીસે કોલ કરી વધુ સ્ટાફને બોલાવતા મામલો થાળે પડયો હતો. સુમનબેન અને તેના ત્રણેય સંતાનો વિરુદ્ધ આટકોટ પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે જણાવ્યું કે, સુમનબેન આ રીતે પોલીસ દરોડા ન પાડે તે માટે માથાકુટ, ખોટા આક્ષેપો, અરજીઓ કરવાની ટેવવાળા છે.

# રાજકોટમાં નકલી તમાકુ અને મુખવાસ બનાવતું કારખાનું ઝડપાયું

## પાંચેક વર્ષથી નકલી તમાકું અને મુખવાસ બનાવી સૌરાષ્ટ્રભરમાં વેચાણ કરાતું હતું





રાજકોટઃ રાજયભરમાં નકલી ચીજવસ્તુઓની બોલબાલા વચ્ચે રાજકોટમાં નકલી તમાકું અને મુખવાસ બનાવતું કારખાનું ઝડપાયું છે. છેલ્લા પાંચેક વર્ષથી આ સ્થળે નકલી તમાકું અને મુખવાસ બનાવી તેનું સૌરાષ્ટ્રભરમાં વેચાણ કરાતું હતું. છતાં સંબંધીત તંત્રને તેની ગંધ પણ નહી આવતા પાંચેક વર્ષ બાદ કારખાનું પકડાયું હતું. અત્યાર સુધીમાં અનેક બંધાણીઓ હલકી ગુણવત્તાની નકલી તમાકુંનું સેવન કરી ચુકયા છે.

લાતી પ્લોટ શેરી નં.૧૧માં હિરેન પરફ્યુમરી વર્કસ નામના કારખાનામાં હિરેન કાન્તીલાલ સોનેજી (ઉ.વ.૫૧, રહે. આશાપુરા રોડ) અને તેનો ભાઈ રાજુ (ઉ.વ.૪૯, રહે. રાણીંગા વાડીની સામે, દ્વારકા દર્શન એપાર્ટમેન્ટ) નકલી તમાકુંનું ઉત્પાદન અને વેંચાણ કરતા હોવાની માહિતી મળતાં એસઓજીએ દરોડો પાડયો હતો.

એસઓજીના પીઆઈ એન.બી.ચૌધરીની તપાસમાં એવું ખુલ્યું હતું કે, સોનેજી બંધુઓના બાપ-દાદાઓ આ સ્થળે વર્ષોથી પાન-મસાલાનું મટીરીયલ અને અગરબત્તી બનાવતા હતા. સોનેજી બંધુએ છેલ્લા પાંચેક વર્ષથી આ વસ્તુઓનું ઉત્પાદન ઓછું કરી નકલી તમાકું બનાવવાનું શરૂ કર્યું હતું.કોરોના કાળમાં લોકડાઉન વખતે તમાકુંની તિવ્ર અછત સર્જાઈ હતી. તે વખતે ધીરે-ધીરે થોડું-થોડું ઉત્પાદન શરૂ કર્યું હતું. માંગ વધતાં વધુ ઉત્પાદન શરૂ કરી દીધું હતું. ત્યારબાદ સૌરાષ્ટ્રભરમાં નકલી તમાકું સપ્લાય કરવા લાગ્યા હતા. નકલી તમાકુંમાં અલગ-અલગ પ્રકારના પરફ્યુમ, મેન્થોલ અને સિલ્વર વરખ વગેરેનો ઉપયોગ કરતા હતા.કોઈપણ જાણીતી બ્રાન્ડની તમાકુંનું ગ્રાહકોની માગણી મુજબ ડુપ્લીકેશન કરી આપતા હતા. પોતે જ ડબ્બાઓ કે પ્લાસ્ટિકની બેગમાં તમાકું પેક કરતા હતા. કોઈ છુટ્ટક તમાકું લેવા આવે તો તેને આપતા પણ હતા. જેના પરથી સ્પષ્ટ છે કે, સૌરાષ્ટ્રભરના બંધાણીઓએ અત્યાર સુધીમાં આ સ્થળેથી સપ્લાય થયેલી હલકી ગુણવત્તાની નકલી તમાકુંનું સેવન કર્યું હતું.એસઓજીએ તમામ વસ્તુના નમુના લેવડાવી તેને લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. જયાંથી રીપોર્ટ આવ્યા બાદ વિધિવત ગુનો નોંધાશે. હાલ જાણવાજોગ નોંધ કરી તપાસ જારી રાખવામાં આવી છે.

### તમાકુનાં પેકેટ, કેમિકલ અને સિલ્વર વરખનો જથ્થો કબજે

રાજકોટ : સ્થળ પરથી તમાકુંના પેકેટ, પ્લાસ્ટિકની ડબ્બીઓ, તમાકુનો જથ્થો ભરેલું બેરલ, સિલ્વર વરખ, પેરાફીન નામનું લિક્વિડ ભરેલું બેરલ, એલ્યુમિનિયમના નાના-મોટા કેન, પ્લાસ્ટિકના ૧૦ લિટરના કેરબા, ગ્રાઈન્ડર મશીન, તમાકું અને કેમિકલ મિક્ષ કરવા માટે ઉપયોગમાં લેવાતું મિક્સર મશીન, ડબ્બા પેક કરવા માટેનું ઈલેક્ટ્રીક મશીન, કથ્થઈ કલરનો પાવડર ભરેલો ડબ્બો, મુખવાસના ડબ્બાના બોક્સ, તેના ઢાંકણા, પુઠ્ઠાના બોક્સ, ગેસનો બાટલો, પી-જાન ફ્લેવર લખેલી પ્લાસ્ટિકની બોટલો, તમાકુની ૫૦૦ ગ્રામની ખાલી બેગ, પ્લાસ્ટિકની બેગ પેક કરવા માટેના બે ઈલેક્ટ્રિક મશીન, બિલ બુક્સ, વજન કાંટો, બે મોબાઈલ ફોન વગેરે મળી આવતાં એસઓજીએ તેની કિંમત રૂા.૧.૭૨ લાખ ગણી હતી.

અસલીની સરખામણીમાં નકલી તમાકુ અડધી કિંમતે પડતી હતી

રાજકોટ : એસઓજીના સુત્રોએ જણાવ્યું કે, એક જાણીતી બ્રાન્ડની તમાકુનો ૧૦૦ ગ્રામનો ડબ્બો રૂા.૩૫૦ આસપાસ વેંચાય છે, જયારે સોનેજી બંધુઓ તેની અડધી કિંમતે તમાકું બનાવતા હતા. સસ્તામાં તમાકું પડતી હોવાથી વેપારીઓ પણ અસલી તમાકુંના ડબ્બામાં કે પાઉચમાં નકલી તમાકું બંધાણીઓને ધાબડતા હતા.

# ગોંડલના ઈમ્પિરિયલ વેલનેશ સ્પામાં દરોડો : હાઈપ્રોફાઈલ કુટણખાનું ઝડપાયું

રાજકોટ:ગોંડલના શ્યામવાડી ચોકમાંથી સ્પાના ઓઠા તળે ધમધમતું કુટણખાનું ઝડપાયુ હતું. રૂરલ એએચટીયુ ટીમે ધ ઈમ્પિરિયલ વેલનેશ સ્પામાં દરોડો પાડી સ્પા સંચાલક અને મેનેજર વિરુદ્ધ ઈમોરલ ટ્રાફિકિંગ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

સ્પા સંચાલક અને મેનેજર ગ્રાહકો પાસે મસાજ અને શારીરિક સુખ માણવા પેટે રૂ. ૧૦ હજાર સુધીની રકમ વસુલતા હતા. દરોડા દરમિયાન બે દારૂની બોટલ પણ કબ્જે કરી હતી જે અંગે અલગથી સ્પા મેનેજર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

દરોડાની વિગત મુજબ, રાજકોટ ગ્રામ્ય એ.એચ.ટી.યુ. શાખાના પીઆઈ એન.એ.શુક્લની રાહબરીમાં ટીમ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ પર લગામ લગાવવા પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ટીમને બાતમી મળી હતી કે, ગોંડલના શ્યામવાડી ચોકમાં નજીક પૂજન-ર કોમ્પલેક્ષમાં આવેલ ધ ઈમ્પિરિયલ વેલનેસ સ્પામાં બહારથી લોકોને બોડી ફ્રેશમેન્ટના નામે બોલાવી મસાજના ઓઠા તળે વૈષ્યા વૃત્તિનો ગોરખ ધંધો ચલાવવામાં આવે છે.જે હકીકતને વેરીફાય કર્યા બાદ



એ.એચ.ટી.યુ. ટીમે શ્યામવાડી ચોક ખાતે પૂજન-ર કોમ્પલેક્ષમાં આવેલ ધ ઈમ્પિરિયલ વેલનેસ સ્પામાં દરોડો પાડ્યો હતો. જયા સ્પા સંચાલક સરિતા લામા (ઉવ ૩૫ રહે. તીરૂમાલા ગોલ, ગોંડલ) અને મેનેજર જગદીશ રામજી રાઠોડ (રહે મૂળ ગઢાળા, વિંછીયા, હાલ રહે. ધ ઈમ્પિરિયલ વેલનેશ સ્પા, શ્યામવાડી ચોક, ગોંડલ) હાજર મળી આવ્યા હતા.

પોલીસે સ્પામાં ઝડતી કરતા મધ્યપ્રદેશ, બિહાર અને ત્રિપુરાની ત્રણ યુવતીઓ અને ત્રણ ગ્રાહકો મળી આવ્યા હતા. સ્પામાંથી મળી આવેલી યુવતીઓની પૂછપરછ કરતા તેમણે કબુલાત આપી હતી કે, સ્પા સંચાલક અને મેનેજર બહારથી લોકોને મસાજના ઓઠા તળે બોલાવી ઓરલ સેક્સ તેમજ શારીરિક સુખ માણવાની વ્યવસ્થા કરી આપી તેમની પાસેથી ચાર્જ પેટે રૂ. ૯૯૯ થી માંડી રૂ.૧૦ હજાર સુધીની રકમ વસુલે છે. જેમાંથી અમુક રકમ ગણીકાઓને આપી બાકીના નાણાં સ્પા સંચાલક સરિતા લામા અને મેનેજર જગદીશ રાઠોડ પોતાના ખિસ્સામાં નાખી દે છે. બાદમાં પોલીસે સ્પાની જડતી કરતા રિસેપ્શનના ખાનામાંથી ઈંગ્લિશ દારૂની સ્કોચની બે બોટલ પણ મળી આવી હતી. પોલીસે ત્રણ મોબાઈલ, દારૂની બોટલ અને રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કરી સ્પા સંચાલક અને મેનેજર વિરુધ ઈમોરલ ટ્રાફિકીંગ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. વધુમાં સ્પાના રિસેપ્શન કાઉન્ટરમાંથી દારૂની મોંઘીદાટ બે બોટલ મળી આવવા મામલે સ્પા મેનેજર જગદીશ રાઠોડ વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટની કલમ હેઠળ અલગથી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# રાજકોટમાં સગર્ભાએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ કરી આત્મહત્યા

## છ મહિના પહેલા જ લગ્ન થયા હતા,બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી

રાજકોટ:રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં રહેતી એક ગર્ભવતી પરિણીતાએ પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી જવા પામી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં માત્ર છ મહિના પહેલાં જ પરિણીતાના લગ્ન થયા હોવાનું સામે આવ્યું છે. જો કે પરિણીતાએ ક્યાં કારણોસર આપઘાત કર્યો તે અંગે પરિવારજનો પણ અજાણ હોવાથી પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટના રેલનગર વિસ્તારમાં રહેતી જીયાબેન અમિતભાઈ રાઠોડ (ઉ.વ.૨૩) નામની પરિણીતાના લગ્ન છ મહિના પહેલાં જ થયા હતા અને હાલમાં તે ગર્ભવતી હોવાથી તેના ઘરે પારણું બંધાવાનું હતું અને પરિવારમાં ખુશીઓનો માહોલ હતો. જો કે, ગઈકાલે રહસ્યમય સંજોગોમાં તેણે પોતાના જ રૂમમાં પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારના સભ્યો જયારે રૂમમાં ગયા ત્યારે પરિણીતાને લટકતી હાલતમાં જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા અને તુરંત બેભાન હાલતમાં પરિણીતાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જો કે, તેણીનું સારવાર મળે તે પહેલાં જ મોત નિપજ્યું હતું.

બનાવ અંગે જાણ થતા પ્રદ્યુમનનગર પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં પરિણીતાના પતિ સોની કામ કરતા હોવાનું સામે આવ્યું છે. પરિણીતાએ કયા કારણોસર આત્મઘાતી પગલું ભર્યું તે અંગે પરિવારજનો પણ અજાણ હોવાથી પોલીસે આપઘાતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટની રોડ રસ્તાની યાતનાઓનો આવશે અંત?

## રોડ રસ્તા બનાવનાર કોન્ટ્રાક્ટરનું નામ, ફોન નંબર સાથેની સ્થળ પર તકતી લગાવવી હવે ફરજિયાત

રાજકોટ:રાજકોટમાં દર વર્ષે તૂટી જતા રોડ રસ્તાઓના નિર્માણ અને રિસર્ફેસિંગના કામમાં પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે મેયર નેહલ શુકલએ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે શહેરમાં હાથ ધરવામાં આવનારા રોડવર્કના બંને છેડે પથ્થરની તકતી લગાવવી ફરજિયાત રહેશે.

આ તકતી પર રોડની વિગતો સાથે કોન્ટ્રાક્ટરનું નામ, ફોન નંબર, કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા, ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ સહિતની મહત્વની માહિતી સ્પષ્ટ રીતે દર્શાવવાની રહેશે મનપા ટૂંક સમયમાં અમલવારી શરૂ કરશે તેમ મેયરે જણાવ્યું છે.

નવા નિયમમાં સૌથી મહત્વની બાબત એ છે કે રોડકામની પહેલી બિલ ચુકવણી પહેલાં જ બન્ને વિગતો ઉપરાંત કોન્ટ્રાક્ટરનું નામ અને ફોન નંબર દર્શાવવાનો રહેશે. સાથે જ કામ શરૂ થવાની અને પૂર્ણ થવાની તારીખ, ડિરેક્ટ લાયબિલિટી પિરિયડ અને મનપાનો નો ટોલ ફ્રી નંબર પણ દર્શાવવાનો રહેશે.

જો કામ દરમિયાન તેની સમયમર્યાદામાં ફેરફાર થાય તો જૂની માહિતી યથાવત રાખવાને બદલે સુધારેલી માહિતી સાથે નવી તકતી લગાવવાની રહેશે.તકતી લગાવ્યા બાદ તેના ફોટોગ્રાફ્સ મનપાની વેબસાઈટ પર અપલોડ કરવા પડશે. અંતિમ ચુકવણી કરતાં પહેલાં કામની ફોટો અને વીડિયો મારફતે ચકાસણી કરવામાં આવશે, જેથી કાગળ પર કામ પૂર્ણ બતાવી દેવાની શક્યતા સામે વધુ નિયંત્રણ આવી શકે. તક્તીમાં રોડનું નામ, સંબંધિત ઝોન અને વોર્ડની લાયબિલિટી પિરિયડ દરમિયાન તકતીની જાળવણીની જવાબદારી પણ કોન્ટ્રાક્ટરની રહેશે.

આ નિર્ણયનો સૌથી મોટો પડકાર તેનો કડક અમલ રહેશે. તકતી સમયસર લગાડવામાં આવે, તેના પરની વિગતો સાચી હોય, ફોટો-વિડિયો વેરિફિકેશન ખરેખર થાય અને નિયમનું ઉલ્લંઘન કરનાર સામે બિલ રોકવા સહિતની કાર્યવાહી કરવામાં આવે તો જ આ પહેલ લાંબા ગાળે અસરકારક સાબિત થશે.

નવા નિયમથી રાજકોટના નાગરિકોને સૌથી સીધો લાભમાહિતીના અધિકારના વ્યવહારુ ઉપયોગમાં મળી શકે છે. રસ્તા પર જ લાગેલી તકતી પરથી કોઈપણ નાગરિક રોડનું નામ, ઝોન, વોર્ડ, કોન્ટ્રાક્ટર, સમયમર્યાદા અને અન્ય વિગતો જાણી શકશે. કામમાં વિલંબ કે ગુણવત્તા અંગે પ્રશ્ન ઊભો થાય ત્યારે સંબંધિત માહિતીના આધારે ફરિયાદ અથવા રજૂઆત કરવી પણ સરળ બનશે. .

# સ્પામાં કુટણખાના બાદ જુગાર-કલબ પણ ધમધમી, ક્રાઉન સ્પામાં પતા ટીંચતી મહિલા સહીત સાત ઝડપાયા

રાજકોટ:શહેરમાં સ્પાના ઓઠા તળે ચાલતા કુટણખાનામાં પોલીસ દરોડા પાડી દેહ વ્યાપારના ધંધાનો પર્દાફાશ કરી રહી છે. ત્યારે હવે સ્પામાં ચાલતું જુગારધામ પણ ઝડપાયું છે. એ ડિવિઝન પોલીસે વિવેકાનંદ રોડ પર આવેલા ક્રાઉન સ્પામાં દરોડો પાડી હોલમાં જુગાર રમાડનાર સ્પા સંચાલક તેમજ એક મહિલા સહીત સાત વ્યક્તિને ઝડપી લઈ રોકડ કબ્જે કરી હતી.આ ઉપરાંત બી ડિવિઝન પોલીસે મોરબી રોડ પર આવેલા રહેણાંક મકાનમાં દરોડો પાડી ચાર શખ્સોને ઝડપી લીધા હતા તેમજ યુનિવર્સીટી પોલીસે રૈયાધાર વિસ્તારમાં બે સ્થળેથી આઠ શખ્સોને જુગાર રમતા ઝડપી રોકડ કબ્જે કરી છે.

દરોડાની વિગત મુજબ, એ ડિવિઝન પોલીસ મથકના પીએસઆઈ એસ.આર.ચાવડા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, વિવેકાનંદ રોડ પર ચંદન કોમ્લેક્સના બીજા માળે આવેલા ક્રાઉન સ્પાના હોલમાં સ્પા સંચાલક દ્વારા નાલ ઉઘરાવી તીનપતીનો જુગાર રમાડવામાં આવી રહ્યો છે, જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડી સ્પા સંચાલક ચિરાગ રાજેશ ખુશલાણી (રહે-પરસાણાનગર શેરી નં-૧, રેફ્યુજી કોલોની પાસે), રોહિત મનસુખ ખંધેરા (રહે-રાજનગર ચોક), માનવ સંજય ગોંડલીયા (રહે-રેલનગર, પરસાણાનગર), પ્રતીક લલિત પીઠડીયા (રહે-રેલનગર), પાર્થ પ્રવીણ શુક્લા (રહે.ચામુંડાનગર, ખીજડા વાળી શેરી), બ્રિજેશ ચંદુ વિરોજા (રહે-કુંવરગઢ, તા.બાબરા), અંજલીબેન હરેશ અગ્રાવત (રહે-કોઠારીયા, રણુજા મંદિર)ને ઝડપી લઈ રોકડ ૧૫,૩૦૦ની મત્તા કબજે કરી હતી. પોલીસની પુછપરછમાં ચિરાગ ખુશલાણી પોતાના ક્રાઉન સ્પામાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી તીનપતીનો જુગાર રમાડતો હોવાનું ખુલ્યું હતું.બીજા દરોડામાં એલસીબી ઝોન-૨ પીએસઆઈ એમ.કે.મોવલીયા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે સાથેના સ્ટાફને મોરબી રોડ પર રામેશ્વર સિલ્વર પાર્ક શેરી નં-૧માં રહેતા મહીપત ભોળા હદાણીના રહેણાંક મકાનમાં જુગાર કલબ ચાલી રહી છે.તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી જુગાર રમાડતા મકાન માલીક મહીપત હદાણી, ગોપાલ છેલા બાંભવા (રહે-શિવનગર સોસાયટી), કિશોર દેવશી અસોદરીયા (રહે-જમના પાર્ક, મોરબી રોડ), બલરામ પ્રહલાદ કાલાણી (રહે.ગાયકવાડી)ને ઝડપી લઈ રોકડ ૧૭,૨૦૦ની મત્તા કબ્જે કરી હતીત્રીજા દરોડામાં યુની. પોલીસની ટીમે રૈયાધાર ઈન્દીરાનગરમાં જાહેરમાં જુગાર રમતા સચિન પ્રવીણ વોરા, અજય શિવા બાબરીયા, નિલેશ લક્ષ્મી પરમાર, હિતેશ જેન્તી જાદવ (રહે-તમામ ઈન્દીરાનગર)ને ઝડપી લઈ રોકડ ૭૬૯૦ની મત્તા કબ્જે કરી હતી. ચોથા દરોડામાં યુની. પોલીસની ટીમે રૈયાધાર મફતિયાપરામાં જુગાર રમતા પ્રકાશ સોમા સોલંકી, લાલા બીજલ સોલંકી, વિપુલ મુકેશ ઉગરેજીયા, મહેશ હીરા પરમાર (રહે.તમામ રૈયાધાર) ને ઝડપી લઈ રોકડ ૧૦,૨૦૦ની મત્તા કબ્જે કરી ગુનો નોંધ્યો હતો.

# બાઈક સ્લિપ થતા આશાસ્પદ યુવકનું કમકમાટીભર્યું મોત

## અગાઉ ચાર ભાઈ-બહેનના અવસાન બાદ એકના એક પુત્રના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું

રાજકોટ:સંતકબીર રોડ અને માસુમ સ્કૂલ વચ્ચે ગઈકાલે સાંજે બાઈક સ્લીપ થતા ગંભીર રીતે ઘવાયેલા યુવકનું મોત નિપજયું હતું. યુવક ઈમીટેશનો માલ આપવા જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. બનાવની કરૂણતા એ હતી કે,અગાઉ ચાર ભાઈ-બહેનના અવસાન બાદ એકના એક પુત્રના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.પ્રાપ્ત વિગત મુજબ આરટીઓ પાછળ આવેલી શિવમ સોસાયટી-૨માં રહેતો ઉમેશ નાનજીભાઈ ડાભી (ઉ.વ.૩૦) નામનો યુવક ગઈકાલે સાંજે બાઈક લઈને ઈમીટેશનનો સામન આપવા માટે જતો હતો, ત્યારે સંતકબીર રોડ અને માસુમ સ્કૂલ વચ્ચે બાઈક સ્લીપ થતા યુવક બાઈક સમેત રોડ પર પટકાતા માથાના ભાગે હેમરેજ જેવી ગંભીર ઈજા થવાથી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જ્યાં ટૂંકી સારવાર દરમિયાન રાત્રીના દમ તોડી દિધો હતો. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી વધુમાં મળતી વિગત મુજબ, મૃતક ત્રણ ભાઈ બે બહેનમાં સૌથી નાનો હતો અને ઈમિટેશનની દુકાનમાં મજૂરી કામ કરતો હતો.

તેના પિતા હયાત નથી તેમજ બે ભાઈ અને બે બહેન પણ અવસાન પામ્યા છે. પરિવારના વધુ એક પુત્રનું મોત થતા પરિવાર ઉપર આભ તૂટી પડ્યું છે. આગળની કાર્યવાહી બી ડિવિઝન પોલીસે હાથ ધરી છે.

# ફેસ જેલની આડમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ!

## પાર્સલના ડબ્બામાંથી બોટલ કાઢતા પોલીસને પરસેવો છૂટ્યો!નવા કીમિયાને જોઈ પોલીસ પણ ચોકી ઉઠી

રાજકોટઃગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી પાર્સલમાં દારૂનો જથ્થો મોકલવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે જેને પોલીસે ઝડપી પાડતા હવે પાર્સલમાં પણ ટેક્નિકનો ઉપયોગ કરી દારૂ ઘુસાડવાની બુટલેગરના પ્રયાસને રાજકોટ શહેર PCBએ નિષ્ફળ બનાવી દીધો છે. પતરાંના ડબ્બાની અંદર દારૂના નાના-નાના ચપલા ભરી તેને મશીનથી પેક કરી વચ્ચે ભુસુ ભરાવી બાદમાં પાર્સલ કરેલા આ મોટા જથ્થાને ઝડપી પાડી પોલીસે ૨.૬૫ લાખનો દારૂ કબજે કરી સપ્લાયર અને રીસીવરની શોધખોળ હાથ ધરી છે. બુટલેગરના આ નવા કીમિયાને જોઈ પોલીસ પણ ચોકી ઉઠી હતી અને એક એક ડબ્બામાંથી દારૂ કાઢવામાં કલાકો સુધી ભારે જુહેમત ઉઠાવી પડી હતી.

રાજકોટ શહેર PCBટીમ પેટ્રોલિંગમાં હતી આ દરમિયાન બાતમી મળી હતી કે, ઢેબર રોડ પર રાજકમલ ફાટક પાસે શ્યામ ટ્રાન્સપોર્ટ એજન્સીમાં પાર્સલમાં બુટલેગર દ્વારા વિદેશી દારૂનો જથ્થો મોકલવામાં આવ્યો છે. જેથી સ્થળ પર પહોંચી તપાસ કરી અને પોલીસે



પાર્સલમાં શું છે પૂછતાં ફેસ પેક સ્કિન કેર પ્રીપરેશન જેલ હોવાનું બિલમાં ઉલ્લેખ કરાયો હતો. પરંતુ પોલીસને શંકા જતા ખોલી ચેક કર્યું હતું. જેમાં એક બોક્સની અંદર ૧૨ પતરાના ડબ્બા ભરાયેલા હતા અને ડબ્બાને હાથમાં લઈ જોતા અંદર શંકાસ્પદ વસ્તુ હતું.

જેથી પોલીસે સ્થળ પર ડબ્બાને તોડી જોતા અંદરથી વિદેશી દારૂના ૩ ચપલા મળી આવ્યા હતા. ફેસ પેક સ્કિન કેર પ્રીપરેશન જેલ નામથી આવેલા તમામ પાર્સલ બોક્સ પોલીસ સ્ટેશન લાવી ચેક કરતા તમામની અંદરથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં ૨.૬૫ લાખ કિંમતના ૯૨૪ નંગ ચપલા મળી આવતા પોલીસે ખોટા બિલ બનાવી ખોટા પાર્સલ મારફત દારૂ ઘુસાડવા બદલ ગુનો નોંધી દારૂના જથ્થાના સપ્લાયર અને રીસીવરની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટ PCB ટીમ દ્વારા અગાઉ પાર્સલમાં આવેલા દારૂ ઘણી વખત ઝડપી પાડવામાં આવ્યો છે પરંતુ આ વખતે પાર્સલમાં પણ પોલીસ પકડી નહિ શકે તેવું વિચારી બુટલેગર દ્વારા ટેક્નિકનો ઉપયોગ કરી ડબ્બામાં દારૂ ભરી તેમાં ભુસુ ભરી અને દારૂ ભરી દેવામાં આવ્યો હતો જેથી તેને બહારથી હાથમાં લઈ કદાચ હલાવવામાં આવે તો પણ દારૂ છે તેનો ખ્યાલ ન આવે. આ પછી જે રીતે કોઈ કલર કેમિકલના ડબ્બાને પેક કરવામાં આવે એ જ રીતે બન્ને સાઈડથી મશીનનો ઉપયોગ કરી પ્રેશર સાથે દારૂ ભરેલા ડબ્બા પેક કરી દેવામાં આવ્યા હતા જેને ખોલતા ખોલતા પોલીસને પણ પરસેવો છૂટી ગયો હતો અને કલાકોની જહેમત બાદ ડબ્બામાંથી દારૂ બહાર કાઢવામાં આવ્યો હતો.

# દ્વારકાનાં જગત મંદિરે ધક્કા-મુક્કી, બાળકો તથા વૃધ્ધો ભીડમાં ફસાયાં

દ્વારકાઃ યાત્રાધામ દ્વારકા ખાતે આજે શ્રાવણી પૂનમ રક્ષાબંધનના



દિવસે હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડતા અધુરી વ્યવસ્થાને કારણે ભારે ધક્કા-મૂક્કી સર્જાઈ હતી, જેમાં ખાસ કરીને બાળકો અને વૃધ્ધો ભીડમાં ફસાઈ ગયાં હતાં. આ જ સમયે પોલીસ બંદોબસ્તનો અભાવ જોવા મળ્યો હતો.

દ્વારકા ખાતે આજે રક્ષાબંધનના દિવસે દર્શનાર્થે હજારો ભાવિકો ઉમટી પડતા વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. વહેલી સવારે સ્વર્ગ દ્વાર છપ્પન સીડી પાસે મોટી સંખ્યામાં ભાવિકોની ભીડ ઉમટી હતી. અસુવિધાના કારણે ધક્કા-મૂક્કીના દ્રશ્યો સર્જાયા હતા. આ જ સમયે પોલીસ બંદોબસ્તનો અભાવ જોવા મળ્યો હતો. તંત્ર દ્વારા રેલિંગ સહિતની વ્યવસ્થા ન કરાતા બાળકો, વૃધ્ધો ભીડમાં ફસાયા હતા તથા તેઓની હાલત દયનીય બની હતી.

શ્રાવણ માસની પૂનમ નિમિત્તે દ્વારકામાં મોટી સંખ્યામાં ભાવિકો ગોમતી સ્નાન માટે તેમજ ઠાકોરજીના દર્શન કરવા પહોંચ્યા હતા. ભાવિકોએ પવિત્ર ગોમતી સ્નાન કરી જગત મંદિરે ઠાકોરજીના દર્શન કર્યા હતા. શ્રીજીને અલૌકિક શૃંગાર કરવામાં આવ્યો હતો. પૂજારી પરિવાર દ્વારા વૈદિક્ત મંત્રોચ્ચાર સાથે ઠાકોરજીને રાખડી અર્પણ કરવામાં આવી હતી.